Monday 19, May 2025
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિદ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૧૦ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## ભારતીય સૈનાના પાકિસ્તાન સામેના ઓપરેશન સિંદુરની ઝળહળતી સફળતા ઉજવવા અને સૈના સમર્થનમાં ઠેર ઠેર તિરંગા યાત્રા યોજાઈ રહી છે

## વાપીની તિરંગા યાત્રામાં પાકિસ્તાન મુર્દાબાદના નારા લાગ્યા




તસવીર : નાઝ ફોટો સ્ટુડિયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૮ :** કાશ્મીરમાં પહેલગામમાં આતંકવાદીઓએ ધર્મ પૂછે ૨૬ જેટલા હિન્દુ પુરુષોની ઘાતકી હત્યા કર્યા બાદ સમગ્ર દેશમાં ભારે રોષનું વાતાવરણ સર્જાયું હતું અને આ આતંકવાદી કૃત્ય પાકિસ્તાનના દોરીસંચાર અને આશરા હેઠળ થતું હોવાનું સ્પષ્ટ હોવાથી અંતે ભારત દ્વારા પાકિસ્તાનમાં આતંકવાદીઓના સ્થાનો પર જબરજસ્ત હુમલો કરી એને નેસ્ત નાબૂદ કરી દેવાયા હતાં. ત્યારબાદ ઓપરેશન સિંદુર રહેઠણ પાર પડાયેલા આ ઓપરેશનથી છંછેડાયેલા પાકિસ્તાને ભારતમાં સિવિલિયન્સ અને અન્યત્ર હુમલો કરવા પ્રયાસ કરતા એનો ભારતીય સેનાએ જડબાતોડ જવાબ આપી પાકિસ્તાનને જોડે દિવસે તારા દેખાડી દીધા હતા અંતે પાકિસ્તાનની વિનંતીથી હાલ પૂરતો શસ્ત્ર વિરામ જાહેર કરાયો છે પણ આવી જીત સામે દેશમાં ઉત્સાહનો માહોલ છે અને દેશની સેનાના પરાક્રમને બતાવવા માટે ઠેર ઠેર તિરંગા યાત્રા યોજવામાં આવી રહી છે એ રીતે આજે વાપીમાં પણ ટાઉનમાં તિરંગા યાત્રા યોજાઇ હતી ઝંડાચોકથી સરદાર ચોક સુધી યોજાયેલી આ તિરંગા યાત્રામાં અનેક નગરજનો દેશ પ્રેમીઓ સેવાભાવી સંસ્થાઓ અને અગ્રણીઓ જોડાયા હતાં. જેમાં વોરા બેન્ડ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. હાથમાં તિરંગા સાથે યોજાયેલી આ યાત્રામાં વાપી ટાઉન ભારત માતાકી જય વંદે માતરમ અને પાકિસ્તાન મુર્દાબાદના નારાથી ગુંજી ઉઠ્યું હતું આજે યોજાયેલી તિરંગા યાત્રામાં વલસાડ જિલ્લા ભાજપના મહામંત્રી સીલપેક દેસાઈ વાપી શહેર ના પૂર્વ શહેર ભાજપ પ્રમુખો સતિષભાઈ પટેલ અને મિતેશભાઇ દેસાઈ, વાપી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ કાશ્મીરાબેન શાહ ઉપપ્રમુખ અભય શાહ વગેરે સહિત વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષ દેસાઈ વગેરે મોટી સંખ્યામાં જોડાયા હતા અને ભારતીય સેનાના પરાક્રમને સલામ કર્યા હતાં.

## ખેરગામમાં ૭૬ યુનિટ રક્તદાનથી દેશભક્તિ દર્શાવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા.૧૮ :** ખેરગામ પટેલ ફળિયા નવા રોડ ખાતે અતુલ રૂરલ ડેવલોપમેન્ટ ફંડ, રકતદાન કેન્દ્ર વલસાડ અને ખેરગામ યુવા મિત્ર મંડળના સંયુક્ત પ્રયાસથી રકતદાન યજ્ઞ કરવામાં આવ્યો. ધારાસભ્ય નરેશ પટેલના હસ્તે ભારત માતાની છબીને ફુલહાર અર્પણ કરી દિપ પ્રાગટ્યથી યજ્ઞનો પ્રારંભ થયો, જેમાં ૭૬ જેટલા દેશભક્તિસભર યુવાનોએ સ્વૈચ્છિક રકત આહુતિ અર્પણ કરી. જે તમામ દાતાઓને અતુલ ડેવ. ફંડ દ્વારા મસ્તક જીવ રક્ષક હેલ્મેટનું વિતરણ કરાયું હતું.

સ્વૈચ્છિક રકત સંગ્રહ અર્પણ કરવા માટે ડૉ. યઝદી ઈટાલીયા અને બીપીન વોરાના હસ્તાક્ષરથી પ્રશંસાપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. આજના શિબિર આયોજનમાં વરિષ્ઠ ડૉ. ગુલાબભાઈ પટેલ અને વડીલ નીછા ભાઈના આશીર્વાદ સાથે ખેરગામના યુવા મિત્ર મંડળ, ખેરગામ તા. ભાજપ સંગઠન પણ જોડાયું હતું.

## ઉમરગામમાં તિરંગા યાત્રા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૮ :** ઉમરગામ નગરપાલિકા વિસ્તારમાં ધારાસભ્ય રમણભાઈ પાટકરની ઉપસ્થિતિમાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉમરગામ અકરા મારુતિ ખાતેથી પાવર હાઉસ સુધી તિરંગા યાત્રા નીકળી હતી. આતંકવાદ સામે ભારતીય સેનાએ ઓપરેશન સિંદુર લોન્ચ કરી આતંકવાદી અને તેના સમર્થકોને જડબાતોડ જવાબ આપ્યો ભારતીય સેનાના શોર્ય અને



પરાક્રમને બિરદાવી તિરંગા યાત્રામાં ઉપસ્થિત સૌએ સેનાના જવાનોને સેલ્યુટ કરી વંદે માતરમ જય જવાન ના નાદ થી માહોલ ગુંજાવી મૂક્યો હતો. વડા-ધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતીય સેનાના વીર જવાનોએ દુશ્મન દેશને જડબાતોડ જવાબ આપી નવા ભારતનો પરિચય કરાવ્યો છે તે બદલ ધારાસભ્ય રમણભાઈ પાટકર, ઉમરગામ નગરપાલિકા પ્રમુખ મનીષ રાય, કારોબારી અધ્યક્ષ અંકુશ કામલી, શહેર ભાજપ પ્રમુખ મયંક પ્રેસવાલા તથા શહેર સંગઠનના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં શહેરીજનો ભારતના વીર જવાનોના પરાક્રમને બિરદાવવા સાથે અભિનંદન આપવા તિરંગા યાત્રામાં જોડાયા હતા. પાવર હાઉસ ખાતે તિરંગા યાત્રા નું સમાપન થયું હતું.

## પારડીમાં દેશભક્તિના ગીતો સાથે તિરંગા યાત્રા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૮ :** ઓપરેશન સિંદૂર સાથે રાષ્ટ્રના સુત્ર સાથે શહીદો અમર રહો પાકિસ્તાન હાય હાય ભારતીય સેના જિંદાબાદના નારા સાથે આજરોજ પારડી શહેરમાં દેશભક્તિ ગીતો સાથે તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી પારડી શહેરમાં તિરંગા યાત્રા કાઢવામાં આવતા દેશભક્તિ વાતાવરણ સર્જાયો હતો અને ખૂબ જ સુંદર પ્રતિસાદ જાહેર જનતાનો મળ્યો હતો અહીં પારડીમાં આવેલ શ્રીરામ ચોક વિસ્તારમાં આજરોજ ભારતીય જનતા પાર્ટી શહેર અને ભારતીય જનતા પાર્ટી પારડીતાલુકા વરિષ્ઠ નાગરિક મંડળ પારડી વિશ્વ હિન્દુ પરિષદ પારડી બજરંગ દળ પારડી સાથે વેપારી મંડળ પારડી પારડી નગરપાલિકા ના ભારતીય જનતા પાર્ટીના ચૂંટાયેલા સદસ્યો તથા નગરજનો ભેગા થયા હતા અને ઓપરેશન સિંદૂર સાથે રાષ્ટ્ર છે એવા સૂત્ર સાથે સેનાના જવાનોના સમર્થનમાં હાથમાંથી તિરંગો લઈને પાકિસ્તાન મુર્દાબાદ સાથે શહીદો અમર રહો ના નારા સાથે તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી. આ તિરંગા યાત્રા રામ ચોકથી નીકળી લીમડા ચોક થઈ રાણા સ્ટ્રીટ કંસારવાડ બ્રાહ્મણ ફળિયા કહારવાડ થઈને દમણી ઝાપા સરકારી દવાખાના પાસે પૂર્ણ થઈ હતી તિરંગા યાત્રા થકી સમગ્ર શહેરમાં દેશભક્તિ વાતાવરણ છવાયો હતો અને સેનાના જવાનોને શહીદોને ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી પોલીસ બંદોબસ્ત વચ્ચે તિરંગા યાત્રા શાંતિપૂર્ણ રીતે સમગ્ર શહેરમાં નીકળી હતી.



REQUIRED
Required 10 to 20 Acr Industrial NA LAND In and around Valsad/Navsari District Daman/Dadra & Nagar Haveli for Pharmaceutical Industries
Contact:-9824103685



## ડાંગમાં ઔષધીય ગુણોથી ભરપૂર 'અળવા' ફળની વિપુલતા : જંગલી ચીકુનાં ઉપનામથી ઓળખ ધરાવતુ આ ફળ એક ઉત્તમ ઔષધ





**ડાંગનું આ ઔષધીય ફળ કમોસમી વરસાદ પછી આદિવાસી લોકો માટે ખોરાક અને ઘરેલું ઉપચાર તરીકે ઉપયોગી સાબિત થઈ રહ્યું છે.**

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સાપુતારા, તા. ૧૮ :** ગુજરાતનો દક્ષિણ ભાગ તેની વિવિધ ઔષધીય વનસ્પતિઓ માટે જાણીતો છે. ત્યારે હાલમાં, ડાંગ જિલ્લાનાં ઘટાદાર જંગલોમાં 'અળવો નામના ફળથી વૃક્ષો લચી પડ્યા છે. ડાંગનું આ ઔષધીય ફળ કમોસમી વરસાદ પછી આદિવાસી લોકો માટે ખોરાક અને ઘરેલું ઉપચાર તરીકે ઉપયોગી સાબિત થઈ રહ્યું છે.ડાંગ જિલ્લાના ગોંડલવિહીર ગામના જીગ્નેશભાઈ તેમના પશુઓને ચરાવતી વખતે જંગલમાં અળવાના વૃક્ષો જોઈને આ?ર્યચકિત થયા હતા. ડાંગ જિલ્લામાં ઘણા ઓછા લોકો આ ફળના નામ અને ગુણો વિશે જાણે છે, પરંતુ દરેક ગામનાં સ્થાનિક લોકો તેનો ઉપયોગ કરે છે.આ અંગે વધુ માહિતી મેળવવા માટે તેમણે દક્ષિણ ગુજરાત ગ્રુપના પર્યાવરણ પ્રેમી અમિતભાઈ રાણાનો સંપર્ક કર્યો હતો. અમિતભાઈએ તેમની ડાંગની મુલાકાત દરમિયાન માર્ચથી એપ્રિલ વચ્ચે આળવાના વૃક્ષો જોયા હોવાનું જણાવ્યુ હતુ. તેમણે ઉમેર્યું હતું કે ડાંગી આદિવાસીઓ આ ફળનો ભરપૂર ઉપયોગ કરે છે, પરંતુ માહિતીના અભાવે તેના ઔષધીય ગુણોથી તેઓ અજાણ છે.આ ફળનું વૈજ્ઞાનિક નામ Meyna laxiflora છે અને તે ગુજરાતીમાં અલુ, અલી, ફાલફડો વગેરે નામોથી ઓળખાય છે. જો કે, ડાંગ વિસ્તારના આદિવાસીઓ તેને અલવા, આળવા, અયીવા જેવા વિવિધ નામોથી ઓળખે છે.દક્ષિણ ગુજરાતના અન્ય વિસ્તારોમાં તેને જંગલી ચીકુ તરીકે પણ ઓળખવામાં આવે છે. ઔષધીય નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, આ વનસ્પતિ પરંપરાગત રીતે તબીબી ઉપયોગો, બળતરા અને જઠરાંત્રિય વિકારોની સારવાર માટે મહત્વ ધરાવે છે. તેના કાચા ફળો શાકભાજી તરીકે ખાઈ શકાય છે, પાકા ફળો પણ ખાદ્ય હોય છે, જ્યારે સૂકા ફળો નશાકારક હોય છે અને તેનો ઉપયોગ મરડામાં થાય છે.આ પાંચથી દસ મીટર ઊંચાઈ ધરાવતું એક નાનું વૃક્ષ છે. તેના ફળ કાચા હોય ત્યારે લીલા, ચળકતા અને જામફળ જેવા લંબગોળ આકારના હોય છે. પાક્યા પછી તે રાખોડી ભૂરા અને કથ્થાઈ રંગના દેખાય છે. ફળ સ્વાદમાં સહેજ ખાટા-મીઠા હોય છે અને તે વન્યપ્રાણીઓ માટે પણ ખોરાકનો સ્રોત છે. ઘણીવાર તે બજારમાં પણ વેચાય છે. આ ફળ ચીકુ કરતાં નાનું હોય છે અને વર્ષમાં એક જ વાર થાય છે. તેના વૃક્ષો ડાંગના ઊંડા જંગલોમાં જોવા મળે છે.ડાંગ જિલ્લા પર અભ્યાસ કરી રહેલા અમિતભાઈ રાણાએ માહિતી આપી હતી કે ડાંગ જિલ્લામાં આળવાને જંગલી ચીકુ તરીકે ઓળખવામાં આવે છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્રના જંગલોમાં ઉનાળાની ઋતુમાં અને ચોમાસાની શરૂઆતમાં આ ફળ જોવા મળે છે. તેને સૂકવીને અથવા પકાવીને ખાઈ શકાય છે. આ ફળ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક હોય છે. દક્ષિણ ગુજરાતમાં તે ડાંગ, નવસારી, તાપી અને વલસાડના જંગલોમાં જોવા મળે છે. આ ઉપરાંત, ગુજરાત રાજ્યને અડીને આવેલા મહારાષ્ટ્ર બોર્ડરના આદિવાસી લોકો આ ફળ વેચીને રોજગારી પણ મેળવે છે.ડાંગ જિલ્લામાં અળવાનાં પાકેલા ફળની લોકો ચીરી કરી તેમાં પ્રમાણસર મીઠું નાખી તડકામાં સુકવ્યા બાદ પણ આરોગે છે.

### આગામી ચોમાસા સંદર્ભે પૂર્વ તૈયારી માટે

## નવસારી જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને પ્રિ-મોન્સુન બેઠક યોજાઈ



**નવસારી, તા.૧૮ :** આગામી ચોમાસા દરમિયાન પૂર્વ તૈયારીનાં ભાગરૂપે જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રેના અધ્યક્ષસ્થાને આજ રોજ જીલ્લા સેવા સદન, કાલીયાવાડી ખાતે પ્રિ મોન્સુન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સંબંધિત તમામ અધિકારીશ્રીઓને આગોતરા આયોજન વિશે જિલ્લા કલેક્ટરએ સૂચનાઓ આપી હતી.

જિલ્લામાં અંતરિયાળ વિસ્તાર હોય કે જંગલ પ્રદેશ, દરિયાકિનારો હોય કે શહેરી વિસ્તાર, ચોમાસા દરમિયાન ચોક્કસ આયોજન જરુરી છે એમ જિલ્લા કલેક્ટરએ જણાવ્યું હતું. ચોમાસા દરમિયાન સ્વચ્છતા અને આરોગ્ય સંબધિત વ્યવસ્થાઓ, કાંસ કોતરની સાફસફાઈ, ઓવરફલો થતાં ડેમને લઈ એલર્ટ, જર્જરિત મકાનોની યાદી તૈયાર કરવા બાબત, ડેમની જળસપાટીનું સતત મોનિટરિંગ, ચોમાસાના પગલે નબળા રસ્તા, પુલ, નાળાનું ચેકિંગ હાથ ધરવા, વીજ વાયરો અને લાઈનની ચકાસણી, શાળાના ઓરડા અને બિલ્ડિંગની ચકાસણી સહિતના મુદ્દાઓને લઈ સંબંધિત અધિકારીશ્રીઓ સાથે વિસ્તૃત સમીક્ષા કરી હતી.

આપત્તિ વ્યવસ્થાપન પ્લાન મુજબ તાલુકા/ગ્રામ્ય વિસ્તારોમાં ચોમાસાના કારણે જાન-માલનું નુકશાન અટકાવવા આગોતરી તૈયારીઓ પૂર્ણ કરવા તથા પશુઓ માટે ઘાંસચારાની વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.

ઉપરાંત, તાત્કાલિક વ્યવસ્થાઓ, નુકશાનની વિગતો, કમ્યુનીકેશન પ્લાન, સલામત આશ્રયસ્થાનો, સંભવિત સ્થળાંતરની જગ્યાઓ, ફૂડ પેકેટ, જીલ્લા કંટ્રોલ રૂમ સાથે સંપર્ક વગેરેની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવાનું ખાસ માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પુષ્પ લતા, મહાનગરપાલિકા મ્યુનિસિપલ કમિશ્નર દેવ ચૌધરી , પોલીસ અધિક્ષક સુશીલ અગ્રવાલ , નિવાસી અધિક કલેકટરશ્રી વાય બી ઝાલા, પ્રાંત અધિકારીશ્રીઓ સર્વે, મામલતદારઓ, તાલુકા વિકાસ અધિકારીઓ અને સર્વે નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નવસારી જિલ્લા સંકલન-વ-ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

**નવસારી, તા.૧૮ :** આજરોજ નવસારી જિલ્લા સંકલન-વ-ફરિયાદ સમિતિની બેઠક કલેકટર કચેરીના સભાખંડમાં જિલ્લા કલેકટર ક્ષિપ્રા આગ્રેના અધ્યક્ષસ્થાને તથા જિલ્લા પંચાયત પ્રમુખ પરેશભાઈ દેસાઈ, જિલ્લા વિકાસ અધિકારી પુષ્પલતા, પોલીસ અધિક્ષક સુશીલ અગ્રવાલ સહિત વિવિધ સંકલન સમિતિના સભ્યોને ઉપસ્થિતીમાં યોજાઇ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રેએ પદાધિકારીઓને આવકારી બેઠકનો પ્રારંભ કરાયો હતો. જેમાં ભાગ-૧માં પદાધિકારીઓ વતી મળેલા પ્રશ્નો અંગે ચર્ચા તથા ભાગ-૨માં સંકલન સમિતિના નિયમિત મુદ્દાઓ જેમાં પેન્શન કેશ, તાલુકા, અને જિલ્લા સ્વાગત કાર્યક્રમ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ વગેરે અંગે જરૂરી માર્ગદર્શન અધ્યક્ષશ્રીએ આપ્યું હતું. બેઠકમાં ભાગ-૨ અંતર્ગત કલેકટર તથા જિલ્લા વિકાસ અધિકારી દ્વારા લેવાયેલ ગામ મુલાકાત દરમિયાન ગ્રામજનો દ્વારા રજુ થયેલા પ્રશ્નો અને સંબંધિત વિભાગ દ્વારા તેના ઉપર કરવામાં આવેલ કામગીરી અંગે વિગતવાર ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

બેઠકમાં સંકલન સમિતિના વિવિધ સભ્યો અને સંબંધિત અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### નગરસેવક સ્વ.દિનેશ માલીની પ્રથમ પુણ્યતિથિએ

## બીલીમોરામાં બલ્ડ ડોનેશન અને સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા.૧૮ :** બીલીમોરા સદભાવના ચેરિટેબલ ટ્રસ્ટ અને ભારતીય જનતા પાર્ટી ના સયુંકત ઉપક્રમે બીલીમોરા સોમનાથ મહાદેવ મંદિરના રામીબેન આમલિયન હોલ ખાતે શનિવારે રક્તદાન અને સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૧૪૧ યુનિટ રક્ત સાથે રક્તદાતાઓ એ અંજલિ સાથે માનવતા મહેકાવી હતી.તેમજ ૫૮ જરૂરિયાતમંદો એ ઘરઆંગણે સર્વરોગ નિદાન સારવાર કેમ્પ નો લાભ લીધો હતો.

ગણદેવી ધારાસભ્ય નરેશ પટેલ, બીલીમોરા પાલિકા પ્રમુખ મનીષ પટેલ, બીલીમોરા ભાજપ શહેર પ્રમુખ નીરવ ટેલર,સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ પ્રમુખ શિવજી પટેલ,દેવચંદ પટેલ, જે.કે. મહેતા, વિનોદ દેસાઈ, જય જલારામ માનવ સેવા ટ્રસ્ટ પ્રમુખ મગન પટેલ, દીપેશ પટેલ, પાર્થમયના અજય મહેતા, બીલીમોરા ભાજપ મહામંત્રી ભરત પટેલ,મનીષ દેસાઈ, મનહર પટેલ,તેજસ શાહ,મુકેશ મહેતા, અર્ચના મહેતા,તેજલ જોષી, સુચેતા દુશાને,ઉર્વશી પાટીલ,સુમિત્રા પટેલ, અરવિંદ પટેલ,વસંત દીક્ષિત, દર્શન ઠક્કર, પ્રજ્ઞેશ પટેલ,મનીષ દેસાઈ, હેમંત ચૌહાણ, માલવણ સરપંચ મગન પટેલએ ઉપસ્થિત રહીને રક્તદાતાઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. દરેક રક્તદાતાઓને સદભાવના ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી લાંબા સમય સુધી પાણી ઠંડુ રાખે એવી સ્ટીલની બોટલ સંભારણા રૂપે ભેટ અપાઈ હતી.તથા -માણપત્ર એનાયત કરી વધુ ને વધુ રકતદાન કરવા પ્રોત્સાહિત કરાયા હતા. સદભાવના ચેરિટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ વિજય પટેલ, કિરણ પ્રજાપતિ, અનિતા માલી, કીર્તિ દેસાઈ સહિત ટ્રસ્ટીઓ એએનએમપી બ્લડ બેંક,સરકારી આર્યુવેદ દવાખાના ના તબીબી, કર્મચારીઓ મહાનુભાવો અને રકતદાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. બીલીમોરા નગર સેવક દિનેશભાઈ ભગવાનદાસ માલી ની પ્રથમ પુણ્યતિથિએ રકતદાન,સર્વરોગ નિદાન કેમ્પ જેવા સેવાકીય કાર્યો સાથે તેમને ભાવભરી શ્રધાંજલિ અર્પિત કરાઈ હતી.

## ડાંગમાં એક ટોળકીએ અમદાવાદના યુવકને લગ્ન કરાવી આપવાની લાલચ આપી ૧.૬૦ લાખની છેતરપિંડી કરી

**સાપુતારા, તા.૧૮ :** ડાંગ જિલ્લામાં એક ટોળકીએ લગ્ન કરાવી આપવાની તથા લગ્ન કરવાની લાલચ આપીને અમદાવાદના એક યુવક પાસેથી ૧.૬૦ લાખ રૂપિયા પડાવી લઈ છેતરપિંડી તથા વિશ્વાસઘાત કરેલ હોય જેને લઈને સાપુતારા પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવેલ છે.અમદાવાદ શહેરના જીગ્નેશ જયંતીભાઈ રાઠોડ (ઉ. વ.૩૮)ના મમ્મીએ જીગ્નેશભાઈને આશરે દસેક દિવસ પહેલા તેમના વોટસએપમાં એક છોકરીનો ફોટો બતાવ્યો હતો.અને તેમના મમ્મીએ જણાવ્યું હતું કેં,તારા મામા પ્રવિણભાઈ મંગળભાઈ ચાવડાએ મોબાઈલમાં આ છોકરીનો ફોટો મોકલી, ફોનથી પ્રવિણએ વાત કરેલ કે, એક ઓળખીતા રાહીલબેન વિનોદભાઈ પરમાર એ આ છોકરીને ઓળખે છે. અને છોકરી ડાંગ જીલ્લા સાપુતારા બાજુની છે. અને ભાણેજ જીગ્નેશને આ છોકરીનો ફોટો બતાવી જોજો તેને છોકરી ગમે તો આપણે જોવા જશુ તેમ વાત કરેલૅ. તે પછી છોકરી જીગ્નેશ ભાઈ ને ગમતી હોઇ અને છોકરી જોવા જવા બાબતે તેમના મામા સાથે ફોન ઉપર વાતચીત ચાલુ હતી. અને તા.૧૦/૦૫/૨૦૨૫ના રોજ ડાંગ જીલ્લા સાપુતારા આવવાનું નક્કી થયેલ હતુ. જેથી જીગ્નેશ ભાઈ ના ઘરેથી જીગ્નેશભાઈ તથા તેમના મમ્મી આનંદીબેન અને પપ્પા જયંતીભાઈ અને મામા પ્રવિણભાઈ અને રાહીલબેન વિનોદભાઈ પરમારનાઓ રાહીલબેન વિનોદભાઈ પરમાર (રહે. ના મુવ તા. કપડવંજ જી.ખેડા હાલ રહે.આહવા તા.આહવા જી.ડાંગ) તથા વિનોદભાઈ પરમાર ફોર વ્હીલ ગાડીમાં બેસીને રાહીલબેનના કહેવાથી અમદાવાદ થી તા.૧૧/૦૫/૨૦૨૫નાં રોજ સવારના દશેક વાગ્યે આહવા આવેલ હતા. અને આહવા ખાતે રાહીલબેન તેના બેનના ઘરે લઈ ગયેલ અને ત્યારે રાહીલબેન કહેલ કેં, છોકરીનો કોન્ટેકટ થતો નથી. તમે અહીં થોડીવાર રોકાવી હું મારી બેન રેખાનો કોન્ટેકટ કરૂ છુ તે બીજી છોકરી બતાવશેં. તેમ જણાવેલ અને તે પછી રાહીલબેનએ તેની બહેન રેખાબેનના ઘરે લઈ ગયેલ હતી.અને રેખાબેને જીગ્નેશ ભાઈ ને મોબાઇલમાં એક બીજી છોકરીનો ફોટો બતાવેલ અને તે છોકરી જીગ્નેશભાઈને ગમતી હોઇ જેથી રેખાબેને કહેલ કે, આ છોકરી મહારાષ્ટ્રની છે અને તે છોકરીને ગોરીયામાળ જોવા જવાનુ છે.તમારી સાથે મારા પતિ વિનેશભાઈ આવશેં. તેમ જણાવતા જીગ્નેશભાઈની સાથે ગાડીમાં રેખાબેનનો પતિ વિનેશભાઇ તેમને ગોટીયામાળ ગામે લઈ આવેલ હતા અને ગોટીયામાળ ગામે મધુભાઈના ઘરે લઇ ગયેલ અને મધુભાઈએ આ યુવકને એક છોકરી બતાવેલ અને તે છોકરીને મહારાષ્ટ્ર રાજયનો રાકેશભાઈ લઈ આવેલ હતો.અને રાકેશભાઈએ યુવકને કહેલ કે, છોકરી સાથે લગ્નનો ખર્ચો તમારે આપવો પડશે અને લગ્નનો ખર્ચો રૂ.૧,૮૦,૦૦૦/- થશે તેમ જણાવેલ જેથી યુવકે રાકેશભાઇને કહેલ કે, થોડા ઓછા કરો તેમ જણાવતા રાકેશભાઈએ કહેલ કે, વીશ હજાર ઓછા કરીને તમારે હાલમાં લગ્નનો ખર્ચો રૂ. ૧,૬૦,૦૦૦/- આપવા પડશે તેમ જણાવેલ, જેથી યુવકે તા.૧૧/૦૫/૨૦૨૫નાં રોજ રાકેશભાઈને ગોટીયામાળ ગામે મધુભાઈના ઘરે રોકડા રૂ.૧૦,૦૦૦/- આપેલ હતા. અને રાકેશભાઈએ કહેલ કે, આવતી કાલ તમારા લગ્ન કરીશું અને સવારના દસ વાગ્યે શામગહાન આવજો આપણે સ્ટેમ્પ કરીને લગ્ન કરીશું તેમ જણાવતા યુવક સાથે આહવાથી આવેલ વિનેશભાઈને શામગહાન ઉતારી દીધેલ અને યુવક તેમના મામાની સાસરીમાં ગુંદવહળ ગામે ગયેલ હતા. ત્યારબાદ યુવક અને તેનો પરિવાર તા.૧૨/૦૫/૨૦૨૫ના રોજ સવારે શામગહાન આવેલ હતા. અને શામગહાન બસ સ્ટેશન પાસે મધુભાઈ સફેદ કલરની મહારાષ્ટ્ર પાસીંગની એક સ્વીફ્ટ ફોર વ્હીલ ગાડી, તેમા છોકરીને લઈને બતાવવા માટે આવેલ હતા. બાદમાં સ્વીફ્ટ મૂકી આવી મધુભાઈ એક મોટરસાયકલ લઈને શામગહાન આવેલ હતા.

## તોરણવેરામાં ડેન્ગ્યુ દિવસ ઉજવાયો




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ખેરગામ, તા.૧૮ :** પ્રા.આ. કેન્દ્ર તોરણવેરા, તા. ખેરગામ ખાતે ડેન્ગ્યુ રોગ અટકાયતી પગલાં લેવા જનજાગૃતિના કાર્યક્રમમાં તાલુકા આરોગ્ય અધિકારી ડો.પ્રજ્ઞોશ દેસાઇ, મેડિ. ઓફિસર પ્રા.આ. કેન્દ્ર તોરણવેરા ડો.પૂજા પટેલ, ડો. ચિરાગ ગાંવિત, તા. સુપર. કમલેશભાઈ ઉપસ્થિત રહ્યા હતાં. આ વર્ષની થીમ મુજબ ડેન્ગ્યુને હરાવવા માટે આપના ઘરના પાણીના ભરેલા પાત્રો તપાસો તેની સફાઇ કરો અને પાત્રોને ઢાંકી રાખો. દર રવિવારે (અઠવાડિયે એકવાર ) તમામ નાગરિકોએ પોતાના ઘરનાં ધાબા, ઘરની અંદર, આસપાસ પાણી ભરેલા પાત્રોની સફાઇ કરવી જેથી મચ્છરના ઈંડા-પોરાનો નાશ થાય. સ્વચ્છતા જાળવવા અપીલ કરી. ડેન્ગ્યુ નિયંત્રણની રાષ્ટીય કામગીરીમાં આપનું યોગદાન ખૂબ જ જરૂરી છે.

## વઘઈમાં વારલી ચિત્રકળા વર્કશોપ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સાપુતારા, તા.૧૮ :** ડાંગ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) વઘઈ ખાતે વારલી ચિત્રકળા સંવર્ધન ચેરીટેબલ ટ્રસ્ટ, વ્યારા દ્વારા આયોજિત ત્રણ દિવસીય વારલી ચિત્રકળા વર્કશોપ સંપન્ન થયો.તા. ૧૫/૦૫/૨૫ થી તા. ૧૭/૦૫/૨૫ દરમિયાન યોજાયેલા આ વર્કશોપે કલાકારોને તેમની સર્જનાત્મકતાને ઉજાગર કરવા અને વારલી કળાની સમૃદ્ધ પરંપરાને આગળ વધારવા માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરૂ પાડ્યુ હતુ.આજના સમયમાં જ્યારે શાળાઓ અને કોલેજોમાં ચિત્રકલા અને કલાના શિક્ષકોની ઉપલબ્ધતા એક પ્રશ્ન બની રહી છે, ત્યારે આ પ્રકારના વર્કશોપ વિદ્યાર્થીઓ અને કલામાં રસ ધરાવતા લોકો માટે એક આશાનું કિરણ સમાન છે. ટ્રસ્ટના પ્રમુખ યોગેશ ચૌધરીના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યો હતો.વર્કશોપની શરૂઆત પરમ પૂજ્ય સ્વ. જીવ્યા સોમા માહસેને શ્રદ્ધાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી,જેમને વારલી ચિત્રકળાના પિતામહ તરીકે ઓળખવામાં આવે છે. તેમની છબી સમક્ષ દીપ પ્રાગટ્ય કરીને વર્કશોપનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં આશરે ૨૦ જેટલા કલાકારોએ સક્રિયપણે ભાગ લીધો હતો.આ કલાકારોને વારલી ચિત્રકળાની વિવિધ તકનીકો અને વિષયો અંગે વિસ્તૃત જાણકારી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમના ઉદ્ઘાટન સમારોહમાં ડાયેટ વઘઈના પ્રાચાર્ય ડૉ. બી.એમ. રાઉતે ઉદ્ઘાટક તરીકે હાજરી આપી હતી અને કલાના મહત્વ પર ભાર મૂક્યો હતો. મુખ્ય મહેમાન તરીકે ચંપકભાઈ પાવાગઢી અને ફાઈન આર્ટ કોલેજ માંડવીના નિવૃત્ત પ્રાધ્યાપક બિપિનભાઈ ચૌધરીએ ઉપસ્થિત રહીને કલાકારોને ્રેરણા પૂરી પાડી હતી.આ ઉપરાંત, વારલી ચિત્રકળા સંવર્ધન ચેરીટેબલ ટ્રસ્ટના ઉપપ્રમુખ વિપુલભાઈ પટેલ, મંત્રી જીતેન્દ્રભાઈ પરમાર, સહ મંત્રી મહેશભાઈ ચૌધરી, ખજાનચી અનિલભાઈ ચૌધરી અને સભ્ય ફાલ્ગુનીબેન પટેલ પણ આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન હાજર રહ્યા હતા.અને તેમણે વર્કશોપને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમની હાજરીએ કલાકારોમાં ઉત્સાહ અને જોશ ભર્યો હતો.આ ત્રણ દિવસીય વર્કશોપ દરમિયાન કલાકારોએ આદિવાસી જનજીવન અને તેમની સંસ્કૃતિને દર્શાવતા આશરે ૨૫ જેટલા મનમોહક વારલી ચિત્રોનું સર્જન કર્યું હતુ.આ ચિત્રોમાં આદિવાસીઓની જીવનશૈલી, તેમના રીતરિવાજો, પરંપરાઓ અને પ્રકૃતિ સાથેના તેમના સંબંધોને ખૂબ જ સુંદર રીતે રજૂ કરવામાં આવ્યા હતા.અને આખરે કલાકારોને પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા હતા.

## દમણ રેડિયો
**102.3 FM**
આકાશવાણી
**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૫૫ સંસ્કૃતમાં સમાચાર અને ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ શ્રી રામ ચરીત માણસ ગાન, ૭.૧૫ સુગમ સંગીત અને વાર્તાલાપ (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - શ્રવણ માધુરી (દમણથી), ૯.૦૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- (અમદાવાદ-વડોદરા પરથી કાર્યક્રમો), ૦૧.૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** (દમણથી)૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૬.૫૫ પ્રાદેશિક સમાચાર, ૭.૧૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ - દમણથી કિસાનવાણી, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - સમાચાર સંધ્યા દિલ્હીથી, ૮.૩૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૧૧.૦૦ હિન્દી સમાચાર ૧૧.૧૦ અંગ્રેજી સમાચાર (દિલ્હીથી) ૧૧.૨૦ સભા સમાપન




## આજનું પંચાગ

**તા.** ૧૭-૦૫-૨૦૨૫, **વારઃ** શનિવાર **તિથિઃ** પાંચમ **વિક્રમ સંવતઃ** ૨૦૮૧ **સૂર્ય ઉદયઃ** ૦૫:૫૯ **સૂર્ય અસ્ત :** ૧૯:૧૬ **ચંદ્રરાશિઃ** વૃષભ

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** *આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે.*
**વૃષભ(બ.વ.ઉ) :** *આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય.*
**મિથુન(ક.છ.ઘ) :** *આજે અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે.*
**કર્ક(ડ.હ) :** *આજના દિવસે સવારે કરવામાં આવેલ યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે.*
**સિંહ(મ.ટ.) :** *સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો.*
**કન્યા(પ.ઠ.ણ.) :** *આજે તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો.*
**તુલા (ર.ત.) :** *આજે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે.*
**વૃશ્ચિક(ન.ય.) :** *આજના દિવસે તમારા વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે.*
**ધન(ભ.ધ.ફ.ઢ.) :** *આજે કોઈ વાત પર નિરાશ ન થાવ. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે.*
**મકર(જ.ખ) :** *આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા?*
**કુંભ(ગ.શ.સ.) :** *આજે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો.*
**મીન(દ.ચ.ઝ.થ.) :** *આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ.*

## ભીલાડ દેરાસરમાં ભગવાન શ્રી શીતલનાથજીની ભવ્ય પ્રતિષ્ઠા થઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૮ :** આજે ભીલાડ નગરે ફુલ-પ્રશાંતપૂજા મંદિરે ઘર દેરાસરે ભગવાન શ્રી શીતલનાથજીની પંચધાતુના કોતરણી સભર પરીકર સાથે ભવ્ય પ્રતિષ્ઠા થઈ. ત્યારે ગુજરાત-મહારાષ્ટ્રને રાજસ્થાનના ગુરુ ભક્તો સ્વજનો પધાર્યા હતા. વિરાટ મંડપમાં ઉમટેલી જનમેદની ને પૂજ્યપાદ રાડપટ્ટી ના ધર્મ સૂર્ય ગુરુદેવ શ્રી યશોવર્મસુરીશ્વરજી મહારાજા, પૂજ્ય આચાર્ય ભાગ્યયશસૂરીજી મહારાજા, આચાર્ય ભવ્યયશસૂરીજી મહારાજ, હ્રીંકારયશસુરીજી મહારાજે સંબોધી હતી. વાજતે ગાજતે દેવ હ ગુરુ નો પ્રવેશ - પ્રતિષ્ઠા ને પ્રવચને યાદગાર બનાવ્યું હતું. સાથે મુનિ શ્રી મોક્ષાંગયશવિજયજી મહારાજની દીક્ષા તિથિ હોઈ એમના સંસારી પરિવારે સમુહસ્નાત્ર નો આયોજન કર્યું હતું. મરગામ જી.આઈ.ડી.સી. સંઘમાં વિહારધામ - ગિરનારધામનું ઉદ્ઘાટન પુષ્ય નક્ષત્ર માં થશે. જ્યારે ૨૦થી ૨૫ મેં દહાણુ ગોપીપુરામાં સ્પેશિયલ સમર વેકેશન કન્યા સંસ્કાર શિબિર એલ.વી.કે.એસ. નું ભવ્ય આયોજન થશે. જેમાં ફોર્મ ઓનલાઈન ભરવા જરૂરી છે. તેમનો આ સાલનું ચોમાસુ નવી મુંબઈ વાશી સંઘમાં થશે.

## કાકડમટીના યુવાનની પારનદીમાંથી લાશ મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ તાલુકા ના માલધારી યુવાન કચીગામ નજીક પારનદીમાં નાહવા પડતા ડૂબી જવાની ઘટના બનતા તાત્કાલિક પારડી ચંદ્રપુરની માંગેલા લાઈફ સેવરનાં તરવૈયાની ટીમે શોધખોળ કરી લાશને બહાર કાઢી હતી.

વલસાડ તાલુકા ના કાકડમટી ગામે દીપક કીકાભાઈ આહીર રહે છે . દીપકભાઈ આહીર સવારે ૧૧ વાગ્યા વલસાડના કચીગામ નજીક પાર નદીમાં નાહવા માટે ગયા હતા. તે દરમિયાન દીપકભાઈ અકસ્માતે ડૂબી ગયા હતા. જે અંગેની કચીગામના સરપંચને જાણ થતા તેમણે તાત્કાલિક પારડી ચંદ્રપુરની શ્રી માંગેલા લાઈફ સેવરની તરવૈયાઓની ટીમને જાણ કરતા પારડી પાલિકાનાં સદસ્ય અને તરવૈયા ટીમના સભ્ય જીગ્નેશ માગેલા, રાજુ માંગેલા, મહેન્દ્ર માંગેલા, ઉમેશ માંગેલા, ભદ્રેશ માંગેલા, હર્ષવર્ધન માંગેલાની ટીમ હોળી લઈ દોડી આવી નદીમાંથી ગામના યુવાની કલાકો સુધી શોધખોળ કર્યા બાદ નદીમાંથી તેનો મૃતદેહ મળી આવતા બહાર કાઢવામાં આવ્યો હતો. જે અંગે ની જાણ વલસાડ રૂરલ પોલીસને કરતા પોલીસે લાશનો કબજો મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

## રોલા હાઈવેની હોટલમાં માખી અને બર્ગર વાસી હોવાથી હોટલ બંધ રાખવા નોટીસ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ તા ૧૮ :** વલસાડ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે ડુંગરી રોલા હાઈવે પર આવેલ કે.એફ.સી . માં તપાસ કરતા ડાઈનિંગ એરિયામાં અતિશય માખી અને બર્ગર વાસી હોવાનું બહાર આવતા ત્રણ દિવસ માટે લાઈસન્સ સસ્પેન્ડ કરી રેસ્ટોરન્ટને ઈમ્પ્રુવમેન્ટ ન થાય ત્યાં સુધી બંધ રાખવા નોટિસ ફટકારતા અન્ય હોટલ રેસ્ટોરન્ટ ચલાવનારા ઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ, વલસાડના ડેઝિગ્નેટેડ ઓફિસર એ. આર. વળવીના માર્ગદર્શન હેઠળ બર્ગર વાસીમજ પેઢીમાં ડાઈનીંગ એરીયામાં અતિશય માખી હોવા અંગેની ફરિયાદ મળતા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, વલસાડના ફૂડ સેફટી ઓફિસર બી.કે. પટેલ તથા કુ. આર.એમ. પટેલ સાથેની સંયુક્ત ટીમે વલસાડના ડુંગરી રોલા હાઈવે પર આવેલ SAPPHIRE FOODS INDIA LIMITED (KFC) ની તપાસણી હાથ ધરતા ચિકન બુકેટ, સ્પાઈસી ચીકન, ક્રિસ્પી બર્ગર, તેમજ રો-મટીરીયલ ના ૫ સર્વેલન્સ નમૂનાઓ માયોનીઝ એગલેસ , ટેસ્ટ ક્રાફટ મોજીટો સહિત અન્ય ખાદ્ય અને ઠંડા પીણા ના ટેમ્પો લઈ લેબોટરીમાં તપાસઅર્થે મોકલી આપવામાં આવેલ છે. તેમજ કેએફસી નામની રેસ્ટોરન્ટનું ત્રણ દિવસ માટે લાઈસન્સ સસ્પેન્ડ કરી રેસ્ટોરન્ટ ને ઈમ્પ્રુવમેન્ટ ન થાય ત્યાં સુધી બંધ રાખવા નોટીસ ફટકારતા અન્ય હોટલો રેસ્ટોરન્ટના સંચાલકોમાં ફાફડાટ ફેલાઈ ગયો છે.

## ભદેલીના માછીમારને એસબીઆઈ બેન્કમાંથી બોલું કહી ઓનલાઈન છેતરપિંડી કરતા ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડના ભદેલી જગાલાલા હિંગરાજ ગામે રહેતો માછીમાર ને એસબીઆઈ ક્રેડિટ કાર્ડ કસ્ટમર કેરમાંથી બોલું કહી ૮૯૪૮૯ રૂપિયાની ઓનલાઇન છેતરપિંડી કરતા વલસાડ સાઈબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

વલસાડ તાલુકાના ભદેલી જગાલાલ હિંગરાજ ગામે મેહુલ કુમાર રણછોડભાઈ ટંડેલ રહે છે. મેહુલભાઈ ટંડેલ પર એસબીઆઇ ક્રેડિટ કાર્ડ કસ્ટમરકેર માંથી બોલુ છે. SBI નુ ક્રેડીટકાર્ડ વાપરો છો તેના રીવોર્ટ પોઈન્ટ છે તો તે રીવોર્ટ પોઈન્ટ કેમ તમે યુઝ કરતા નથી તેવુ કહે તા મે તેમને ફોન પર મને આ બાબતે કોઈ ખ્યાલ નથી. તેવુ કહેતા તેમણે સ્કીમ જણાવી હતી.ગુગલ ક્રોમ એપ્લીકેશન પરથી mysbyono.com નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી હતી. રીવોર્ટ પોઈન્ટના રૂા. ૪૦૦૦ તમારા ક્રેડીટકાર્ડમાં જમા થઈ જશે તે રીતે વાત કરી ફોન કટ કરી દીધો અને રીવોર્ટ પોઈન્ટના રૂા.૪૦૦૦ કેવી રીતે આવી શકે તેવું પૂછતા બેંક ક્રેડિટ આપેલ છે. મોબાઈલ ફોનમાં રૂા.૭૨૪૯૦ તથા રૂ. ૧૬૯૯૯ તથા રૂ.૪૦૦૫ ત્રણ ટ્રાન્જેકશનના મોબાઈલ ઉપર મેસેજ આવ્યો હતો. મેહુલ ટંડેલ ના ખાતામાંથી ૮૯૪૮૯ રૂપિયાની ઓનલાઇન છેતરપિંડી થતા જે અંગે વલસાડ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## નારગોલમાં વાડી ફળિયાનો રસ્તો નવો બનાવાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૮ :** નારગોલ પારસી અગિયારી વાડીફળિયા થઈ ૧૦૦૦ એકર જેટલી ખેતીની જમીનથી પસાર થતો પ્રાચીન રસ્તાનું નવીનીકરણ કરવા વર્ષો જૂની માંગણી ગ્રામજનોની હતી. જાગૃત સરપંચ સ્વીટીબેન ભંડારીના નેતૃત્વમાં નારગોલ ગ્રામ પંચાયતનો સર્વાંગી અને સંતુલિત વિકાસ થઈ રહ્યો છે ગ્રામજનોની માંગણી ને ધ્યાને લઈ નારગોલ પારસી અગિયારી વાડી ફળિયા વિસ્તારમાં માર્ગના નવીનીકરણ માટે દરખાસ્ત કરવામાં આવી હતી. ઉપરોક્ત માર્ગની સાથે ગામના અનેક માર્ગો મંજૂર થયા છે જે કામો પ્રગતિમાં છે. વર્તમાન સમયે મીનીપાર્કથી અગિયારી, વાડીફળિયા થઈ નારગોલ (ઉત્તર) બાઠીવાડ માલવણ તળાવ વિસ્તાર સુધી માર્ગ નિર્માણ કાર્ય પૂર્ણ કરાયું છે. તે ઉપરાંત માંહ્યવંશી ફળિયા માર્ગથી દંડ ફળિયા તરફના માર્ગ સાથે જોડાણ કરાયું છે જેની કુલ લંબાઈ ૨.૫ Km છે.

આ કાર્ય સંપન્ન કરવા માટે એ વિસ્તારના તમામ ખેડૂતો તરફથી મળેલ સહકાર બદલ સરપંચ સ્વીટી બેન ભંડારીએ આભાર વ્યક્ત કર્યો હતો. ઈતિહાસમાં ક્યારે ન થયેલું આ કામ ખુબજ ઝડપથી તેમજ મજબૂતાઈ સાથે થયેલ છે. આ માર્ગ નિર્માણ થતા માર્ગના અભાવે પડતી તકલીફ દૂર થતા હવે ૧૦૦૦ એકર જેટલી જમીન ખાતે ખેડૂતો સરળતા પૂર્વક વ્યવહાર કરી શકશે. આ વિસ્તારમાં વિજળીની વ્યવસ્થા માટેની કામગીરી પણ શરૂ થઈ ચૂકી છે. નિશ્ચિત અંતરે પાણી માટે બોર હેન્ડપમ્પની વ્યવસ્થા પણ કરવાનું આયોજન છે. આ કાર્યથી ગામના મહત્તમ લોકોથી અપરિચિત આ વિસ્તાર જ્યાં વર્ષો પહેલા ડાંગરની ખેતી થતી હતી હવે એ વિસ્તારમાં બાગાયતી વાડી, મકાનો, પ્રવાસન સંબંધિત સુવિધાઓ નિર્માણ કરવાનું સરળ બનશે. જેથી આ વિસ્તાર હવે NEW NARGOL તરીકે ઉભરી આવશે એમાં કોઈ શંકાના સ્થાન નથી.

આ માર્ગના રૂપમાં નારગોલ ગામને નવું નજરાણું મળ્યું છે. આ માર્ગ માત્ર ખેતરોને નથી જોડતો આ માર્ગ નારગોલ ગામ સાથે છત્રપતિ શિવાજી મહારાજના -ાચીન ઈતિહાસને તાજો કરનારો માર્ગ છે. આ માર્ગ ખાતે આવતું માં ભવાની માતાજીનું પ્રાચીન સ્થાનકને જોડતો માર્ગ છે. વડીલોના જણાવ્યા મુજબ આ માર્ગ ઉપરથી શિવજીનું સૈન્ય પસાર થતું હતુ. આ માર્ગ જેતે સમયે ગુજરાત રાજ્યના કાંઠા પટ્ટીના પરિવહન માટેનો ઉપયોગી માર્ગ હતો. નવનિર્મિત માર્ગને છત્રપતિ શિવાજી મહારાજ માર્ગ તરીકે જાહેર કરવા મનોમંથન ચાલી રહ્યું છે સર્વ સંમતિ બાદ સત્તાવાર રીતે નામ જાહેર કરાશે.

ગ્રામ પંચાયત સરપંચ સીટી બેન ભંડારીએ નવનિર્મીત માર્ગ ઉપર પાવર ટ્રીલર ઓવરલોડ વાહનો , ન ચલાવવા અપીલ કરી છે. સાથે જ માર્ગ ના બંને તરફ અતિક્રમણ ન કરાય તે અંગે પણ ગ્રામજનોનું ધ્યાન દોર્યું હતું.

## વાપીના ડુંગરાથી ૩૮ વર્ષીય અજય ગુમ

**વલસાડ, તા.૧૮ :** વલસાડ જિલ્લાના વાપી તાલુકાના ડુંગરા ટેકરા ફળિયા સોનુ કિરાણાની દુકાનની બાજુમાં રહેતા ૩૮ વર્ષીય અજય ચંદુભાઈ પટેલ તા.૦૮/૦૫/૨૦૨૫ના રોજ સાંજે ૪-૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરેથી કોઈને કંઇ પણ કહ્યા વિના કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા અને આજદિન સુધી પરત ફર્યા નથી. તેઓ પાતળો બાંધો, શ્યામવર્ણ અને ૫ ફૂટ ૩ ઈંચ ધરાવે છે. તેમના પહેરવેશની જાણ નથી. તેઓ હિન્દી અને ગુજરાતી ભાષા જાણે છે. જો કોઈને પણ આ વ્યક્તિની ભાળ મળે તો ડુંગરા પોલીસ સ્ટેશનનો ૯૭૧૨૪૪૪૫૨૨, પોલીસ કંટ્રોલ રૂમ નં.-૦૨૬૩૨-૨૫૩૩૩૩ અને ઈ-મેઈલ એડ્રેસ sp-val@gujarat.gov.in પર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

## વેજલપુરગામે ટ્રાન્સફોર્મરમાં આગ લાગી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ નજીક આવેલા વેજલપુર ગામ ના મુખ્ય રસ્તા પર આવેલ વીજ કંપનીના ટ્રાન્સફોર્મરમાં આગ લાગવાની ઘટના બનતા વિસ્તારમાં ભાગદોડ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા વલસાડ ફાયર બ્રિગેડ ની ટીમે પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. કલાકો સુધી વિસ્તારમાં વીજળી ડૂલ થઈ ગઈ હતી .

વલસાડમાં વેજલપુર ગામના મુખ્ય રસ્તા પર વીજ કંપની દ્વારા મૂકવામાં આવેલ ટ્રાન્સફોર્મરમાં ગઈકાલે અચાનક આગ લાગવાની ઘટના બની હતી ટ્રાન્સફોર્મરમાં આગ લાગવાની ઘટના બનતા વિસ્તારમાં ભાગોળ મચી ગઈ હતી.

જે અંગેની જાણ વલસાડ ફાયર બ્રિગેડ અને વિજ કંપનીને જાણ કરતા તેઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ફાયર બ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી કલાકોની સખત મહેનત બાદ આગને કાબુમાં લીધી હતી. આગ લાગવાની ઘટના ના કારણે આજુબાજુ વિસ્તારોમાં વીજ પુરવઠો ખોવાઈ ગયો હતો. જેને ચાલુ કરવા માટે ડીજીવીસીએલ કંપનીના કર્મચારીઓ કલાકો બાદ વિજ પરોઠા ચાલુ કર્યો હતો . ટ્રાન્સફોર્મરમાં આગ લાગવાની ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હોવાનું જાણવા મળ્યું છે.

## દેહરીમાં ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૮ :** ઉમરગામ તાલુકાના દહેરી ગ્રામ પંચાયત વિસ્તારમાં છેલ્લા દસ વર્ષથી દહેરી ગ્રામ પંચાયત અને દહેરી મિત્ર મંડળ ના સંયુક્ત ઉપક્રમે મર્યાદિત ઓવરની ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે આજરોજ ધારાસભ્ય રમણભાઈ પાટકરની વિશેષ ઉપસ્થિતિમાં ટુર્નામેન્ટનો પ્રારંભ કરાયો હતો. સ્થાનિક યુવા ક્રિકેટરોને પ્રોત્સાહિત કરવા અને ગામમાં એકતા જળવાઈ રહે તે હેતુથી દહેરી ગ્રામ પંચાયત દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે દહેરી ગ્રામ પંચાયત સરપંચ ધનેશભાઈ તથા ઉપસરપંચ ઉમેશભાઈ દ્વારા તમામ ટીમોને શુભકામના પાઠવી ટુર્નામેન્ટને સફળ બનાવવામાં સહયોગ આપનાર દાતાઓનો આભાર પ્રગટ કરવામાં આવ્યો હતો. દરેક ટીમમાં સ્થાનિક વિસ્તારના સાત ખેલાડીઓ અને અન્ય રાજ્યમાંથી તેમજ ગુજરાત ના નામાંકિત ચાર જેટલા ખેલાડીઓનો સમાવેશ કરાશે. ૧૯ મેના રોજ સાંજે ફાઈનલ મેચ બાદ ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

## વાપીના સમાજ સેવક અને ઉદ્યોગકારે સેવાકાર્ય સાથે વર્ષગાંઠ ઉજવી

**વાપી રાતા પાંજરાપોળ માં પશુઓને ચારો અને રાતા ગામે ગરીબ જરૂરિયાતમંદ બાળકોને છાશનું વિતરણ કરી ઉજવણી કરવામાં આવી**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપીના જાણીતા ઉદ્યોગપતિ અને લાયન્સ ક્લબ ઓફ વાપી ના સ્થાપક કમિટી અને સિનિયર સિટીઝન ક્લબ વાપીના સભ્ય કનુભાઈ દરબાર પટેલ ના ૮૬ માં જન્મદિવસની અનોખી ઉજવણી રૂપે વાપી રાતા પાંજરાપોળ માં પશુઓને ચારો અને રાતા ગામે ગરીબ જરૂરિયાતમંદ બાળકોને છાશનું વિતરણ કરી ઉજવણી કરવામાં આવી હતી

વાપીના જાણીતા ઉદ્યોગપતિ તેમજ લાયન્સ ક્લબ સાથે સંકળાયેલા અને જરૂરિયાતમંદ લોકોને હંમેશા મદદરૂપ થનાર તેમજ સમાજ સેવક તરીકે નામના મેળવનાર કનુભાઈ દરબાર પટેલ નો તા. ૫-૫-૨૦૨૫ને સોમવારના રોજ ૮૬ માં જન્મદિવસ હોય તેઓ સાંજે વાપી રાતા પાંજરાપોળ ખાતે રહેલા અબોલા પશુઓને ઘાસચારો તેમજ રોટલી અને રાતા ગામની આજુબાજુના વિસ્તારોમાં રહેતા જરૂરિયાતમંદ બાળકોને છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમની સાથે લાઈન્સ ક્લબ ઓફ વાપીના પ્રમુખ એડવોકેટ મહિમા યાદવ. સેક્રેટરી પ્રતીક શાહ અને ઈકબાલ ભાઈ સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### વલસાડ જિલ્લાની રોડ સેફટી સમિતિની બેઠક યોજાઈ

## જિલ્લામાં ૨૦ જેટલા બ્લેક સ્પોટ આઈન્ડેટીફાઈ કરવામાં આવ્યા



**વલસાડ, તા. ૧૮ :** વલસાડ જિલ્લા કલેકટર ભવ્ય વર્માના અધ્યક્ષસ્થાને જિલ્લાની રોડ સેફટી સમિતિની કલેકટર કચેરીના સભાખંડમાં બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટર દ્વારા જિલ્લામાં આવેલા બ્લેક સ્પોટમાં કરવામાં આવેલા સુધારાની સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લામાં ૨૦ જેટલા બ્લેક સ્પોટ આઈન્ડેટીફાઈ કરવામાં આવ્યા છે. જેમાં વલસાડ સીટી પો. સ્ટે હદમાં આવેલા ખોડિયાર હોટલની સામે, ધરમપુર બ્રીજ, વલસાડ રૂરલ પો. સ્ટે વિસ્તારમાં અતુલ ફર્સ્ટ ગેટ આગળ ને.હા. નં.- ૪૮, સુગર ફેકટરી, ગુંદલાવ બ્રીજ, ચણવઈ બ્રીજ, ડુંગરી પો. સ્ટેશન વિસ્તારમાં સોનવાડા સ્વામીનારાયણ મંદિર આગળ, ડુંગરી રોલા બોર્ડ, પારડી પો. સ્ટે. વિસ્તારમાં ખડકી રેમન્ડ ફેકટરી, મોતીવાડા ચાર રસ્તા, વલ્લભ આશ્રમ સંકુલ સંકુલ, વાપી ટાઉન પો. સ્ટે. વિસ્તારમાં બલીઠા બ્રહ્મદેવ મંદિરની સામે, વાપી પો. સ્ટે. વિસ્તારમાં સલવાવ બ્રીજ, વાપી જીઆઈડીસી પો. સ્ટે. વિસ્તારમાં વૈશાલી ઓવરબ્રીજ, યુ. પી. એલ. આર. ઓ. બી. ભીલાડ પો. સ્ટે. વિસ્તારમાં તલવાડા ચાર રસ્તા ક્રોસીંગ, ભિલાડ રેલવે ફાટક, કપરાડા પો. સ્ટે. વિસ્તારમાં કુંભઘાટ, દાખખલ, દિક્ષલના બ્લેક સ્પોટમાં નેશનલ હાઈવે ઓથોરીટી, નેશનલ હાઈવે સ્ટેટ અને માર્ગ અને મકાન વિભાગ દ્વારા થયેલ કામગીરી બાબતે જિલ્લા કલેકટરએ જિલ્લા પોલીસ અધિક્ષક , આર. ટી. ઓ., પ્રોજેકટ ડાયરેકટર નેશનલ હાઈવે ઓથોરીટી, એન. એચ. સ્ટેટ અને માર્ગ અને મકાન વિભાગો દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીની માહિતી મેળવી જરૂરી સૂચનો કર્યા હતા.

બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. કરણરાજ વાઘેલા, નેશનલ હાઈવે ઓથોરીટીના પ્રોજેકટ ડાયરેકટર, ઈનચાર્જ નિવાસી અધિક કલેકટર એ. કે. કલસરીયા, આર. ટી. ઓફિસર એન. એચ. ગજેરા, નેશનલ હાઈવે સ્ટેટ, માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર જતીન પટેલ, માર્ગ અને પંચાયત વિભાગના કાર્યપાલક ઈજનેર અમીષ પટેલ, વલસાડ, પારડી અને ધરમપુરના -ાંત અધિકારીઓ સર્વ વિમલ પટેલ, નીરવ પટેલ અને અમિત ચૌધરી, નાયબ પોલીસ અધિક્ષક એ. કે. વર્મા, જિલ્લા ટ્રાફિકના પોલીસ અધિકારીઓ તેમજ સંબધિત વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

## ડહેલીમાં ભંગારના ગોડાઉનમાં આગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૮ :** ડહેલી ગ્રામ પંચાયત વિસ્તારમાં શનિવારે રાત્રે ભંગારના ગોડાઉનમાં આગ લાગતા ભગદડ મચી ગઈ હતી. ભંગારના ગોડાઉનમાં પ્લાસ્ટિક વેસ્ટ નો સંગ્રહ કર્યો હતો રાત્રે ૧૦:૩૦ કલાકે આગ લાગતા ગોડાઉન ની બાજુમાં આવેલા ગાળા આગની ઝપેટમાં આવી ગયા હતા ઘટના અંગે સરીગામ ફાયર વિભાગ અને ઉમરગામ નગરપાલિકા ફાયર વિભાગ ને જાણ થતા તેઓ ઘટના સ્તર પર પહોંચ્યા હતા. આગને કાબુમાં લેવા ફાયર ફાઈટર હોય એક કલાક સુધી પાણીનો મારો ચલાવ્યો હતો. આગ કાબુમાં આવતા આસપાસ વિસ્તારના લોકોને અધિકારીઓએ રાતનો શ્વાસ લીધો હતો ઘટનામાં કોઈ જાના નહી થઈ નથી પરંતુ ભંગારના ગોડાઉન સાથે પ્લાસ્ટિક વેસ્ટ મટીરીયલ બળી ને ખાસ થઈ ગયું હતું.

## વલસાડ જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો પોતાની ખેત પેદાશોનું હવે સીધુ વેચાણ કરી શકશે

**વાપી મનપા અને આત્મા પ્રોજેક્ટ દ્વારા ખેડૂતો માટે વાપીના સરદાર માર્કેટમાં જગ્યા ઉપલબ્ધ કરાવવામાં આવી**

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પોતાની ખેત પેદાશના વેચાણ માટે માર્કેટ મળી રહે અને લોકોને પણ પૌષ્ટીક શાકભાજી, ફળફળાદિ તેમજ ધાન્ય મળી રહે તે માટે વાપી મહાનગરપાલિકાના કમિ'રશ્રી યોગેશ ચૌધરી દ્વારા વલસાડ જિલ્લા આત્મા પ્રોજેક્ટ સાથે મળી એક માર્કેટ ઉપલબ્ધ કરાવવાના પ્રયાસ કરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે વાપીના ચલા ખાતે કસ્ટમ રોડ પર અદિત હોસ્પિટલ પાસે સરદાર માર્કેટમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોની ઝેરમુક્ત ખેતીની પેદાશોનું સીધુ વેચાણ લોકો સુધી થાય તે માટે જગ્યા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તા.૧૯ મેના રોજ સોમવારથી સવારે ૧૦ કલાકે બપોરના બે વાગ્યા સુધી પ્રાકૃતિક ખેત પેદાશના વેચાણનું માર્કેટ શરૂ કરવામાં આવશે. જેમાં દરેક તાલુકામાંથી ૨ થી ૩ ખેડૂતો પોતાની પ્રાકૃતિક ખેતીની ખેત પેદાશ વેચવા માટે આવશે. જેનો લાભ લેવા જિલ્લા આત્મા પ્રોજેક્ટ દ્વારા જાહેર જનતાને અખબારી યાદીમાં જણાવાયુ છે.


દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો : www.damangangatimes.com



# ઓપરેશન સિંદૂરથી મોદી દેશના બીજા લોહપુરુષ પુરવાર થયાં

**પાકિસ્તાને કલ્પના પણ કરી નહીં હોય એવી હાલત ભારતે કરી બતાવી છે. સેનાના પરાક્રમ પહેલાં સિંધુ નો જળ પ્રવાહ રોકવાના નિર્ણયની ઘોષણા પ્રથમ પ્રહાર હતો. પાણી રોકશો તો લોહીની નદી વહેશે એવી ધમકી આપનારા હવે હાથ જોડીને કરગરે છે કે, પાણી આપો. ભારતનો આ નિર્ણય ટ્રમ્પની ટેરી ફ઼ે વોર કરતાં પણ વધારે ગંભીર છે. ભારતે એક કાંકરે ઘણા આતંકી માર્યા છે**

**વિશ્લેષણ**

**કુન્દન વ્યાસ**

પહેલગામમાં હિન્દુ પર્યટકોની હત્યા કર્યા પછી તમારા મોદીને કહેજો કહેનારા આતંકીઓ અને પાકિસ્તાની સરકારને યોગ્ય જવાબ મળી ગયો છે. ભારતના ભાગલા વખતે જમ્મુ - કાશ્મીરને બચાવવા અને પાકિસ્તાની ઘૂસણખોર - આતંકીઓને મારી હઠાવવામાં સરદાર વલ્લભભાઈ પટેલ પછી નરેન્દ્ર મોદી સફળ થયા છે. આ સફળતા મોદીની દૃઢ - મક્કમ નિર્ણાયકશક્તિ અને ભારતની ત્રણે સેનાનાં પરાક્રમને આભારી છે. ઓપરેશન સિંદૂર નામ આપીને મોદીએ સિંધુ અને આતંકી પાકિસ્તાન વચ્ચે સિંદૂર રેખા દોરી છે. વિદેશપ્રધાન એસ. જયશંકરની ભૂમિકા અજોડ રહી છે. સેનાની ત્રણે પાંખના સંકલનની જેમ વડાપ્રધાન સાથે વિદેશપ્રધાન અને સંરક્ષણપ્રધાનનું યોગદાન મહત્ત્વનું છે. વડાપ્રધાન મોદી ભારતના સરદાર પટેલ પછી બીજા - દ્વિતીય પોલાદી પુરુષ પ્ર અદ્વિતીય પુરવાર થયા છે. પાકિસ્તાનમાં આંતરિક સ્થિતિ સ્ફોટક છે. બાંગલાદેશમાં બળવો કરાવીને ભારત સામે મોરચો ખોલવા માગતા પાકિસ્તાનના નકશાના હવે ટુકડા થવામાં વાર નહીં લાગે. ભારતે પાકિસ્તાની અણુબોમ્બની હવા કાઢી નાખ્યા પછી બલૂચિસ્તાનમાં બળવો- પાકિસ્તાનથી અલગ થવાની જેહાદ જોર પકડી રહી છે અને પાકિસ્તાનના અંકુશ હેઠળના કાશ્મીર વિસ્તારમાં પણ આઝાદીનો અવાજ જોરદાર બન્યો છે. ભારતે પાકિસ્તાન સાથે સંવાદ માટે બે મુખ્ય શરત રાખી છે. કાશ્મીર અને આતંકવાદ વિશે વિશદ ચર્ચા થાય. અન્ય કોઈ દેશની દખલ નહીં સ્વીકારાય. આમાં પણ મુખ્ય બાબત આતંકીઓના આકા ગણાતા, ભારત ઉપર આક્રમણના જવાબદારો ભારતને સોંપવા પડશે. આમાં દાઉદ ઈબ્રાહિમ પણ હશે જ અને જો આ લોકોને નહીં સોંપાય તો પાકિસ્તાને વધુ બેહાલી માટે તૈયાર રહેવું પડશે. પાકિસ્તાને કલ્પના પણ કરી નહીં હોય એવી હાલત ભારતે કરી બતાવી છે ! સેનાનાં પરાક્રમ પહેલાં સિંધુનો જળપ્રવાહ રોકવાના નિર્ણયની ઘોષણા પ્રથમ પ્રહાર હતો. પાણી રોકાશે તો લોહીની નદી વહેશે એવી ધમકી આપનારા હવે હાથ જોડીને કરગરે છે કે પાણી આપો ! ભારતનો આ નિર્ણય ટ્રમ્પની ટેરિફ વોર કરતાં પણ વધુ ગંભીર છે. ભારતે એક કાંકરે ઘણા આતંકી માર્યા છે ! પાણી અને વ્યાપાર બંધ થયાની અસર લોકો ઉપર પડી છે. હવે આમજનતા આતંકવાદી લશ્કરનો વિરોધ કરે છે. પાકિસ્તાનમાં લોકશાહીના નકાબ નીચે ત્યાંના લશ્કરી અફસરો છે. ચૂંટાયેલી સરકાર માત્ર કઠપૂતળી છે, પણ હવે લોકો અવાજ ઉઠાવી રહ્યા છે. ભારત સામે નાક અને માથાં કપાયાં પછી ભૂખી જનતા જાગી ઊઠી છે હવે ચૂંટાયેલી સરકાર સત્તાધીશ થશે ? માત્ર જનરલ મુનીરની હકાલપટ્ટી અથવા પલાયન થવાથી સ્થિતિ સુધરી નહીં શકે. આર્મીની ટોપી નીચે માથાં બદલવાની જરૂર નથી. ટોપી જ ઉતારે તો લોકશાહી બચી શકે. પાકિસ્તાનને ભારતની શક્તિનો અંદાજ નહોતો. એટમ બોમ્બની શક્તિ ઉપર મુસ્તાક સેનાના જનરલ મુનીરને ભારતની આર્થિક શક્તિનું ભાન નહોતું. ભારતે પાકિસ્તાન સામે અહિંસક આક્રમણઁથી શરૂઆત કરી, જેની કલ્પના કોઈને નહોતી. પાકિસ્તાનને સપને પણ ખ્યાલ નહોતો કે પાણી માટે વલખાં મારવાં પડશે. ભારતે પાકિસ્તાન સાથેનો વ્યાપાર તો તાત્કાલિક બંધ કરી દીધો, તેથી પાકિસ્તાનમાં આવશ્યક ચીજવસ્તુઓ - આટા- દાલ અને કાંદા - બટેટાની અછત અને ભાવ વધવા લાગ્યા. સિંધુનાં જળ બંધ થાય એટલે પાકિસ્તાનનાં ખેતરો ઉજ્જડ બની જાય. ભારતનો આ દાવ અજોડ છે. શત્રોથી યુદ્ધ કરવા પહેલાં જ ઈસ્લામ અને કાશ્મીરનાં નામે - બહાને સત્તા ભોગવતા અને ભારત ઉપર આતંકી હુમલા કરતા - કરાવતા મુનીર અને તેનાં લશ્કર સામે અસંતોષ અને વિરોધ જાગે તેવી ગણતરી આબાદ - સચોટ હતી અને છે. ભારતનું અર્થતંત્ર વિશ્વના તખતા ઉપર થનગની રહ્યું છે, ત્યારે પાકિસ્તાન દુનિયામાં ભીખ માગવા નીકળે છે ! આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળે ફરી પાછી લોન આપી તે અમેરિકાને આભારી છે, પણ ભારતે વિશ્વ સંસ્થાને પણ ફરિયાદ કરી છે કે પાકિસ્તાન મની લોન્ડરિંગ અને આતંકવાદીઓને નાણાં આપીને વિશ્વમાં આતંકી હુમલા કરે છે ! હવે આ બાબત કેવાં પગલાં ભરાય છે, તે જોવાનું છે. ભારત ઉપર આતંકી અને લશ્કરી આક્રમણ કરવાની શેખી કરતા, ડંફાસ મારતા જનરલ મુનીર હવે ક્યાં છે ? ચીન અને તુર્કીએ પાકિસ્તાનને ડ્રોન અને મિસાઈલ્સ આપ્યાં, પણ વ્યાપારી ધોરણે અને ભારતે ફટાકડાની જેમ ફોડી - તોડી પાડયાં. આ સિવાય કોઈ આરબ દેશે પણ શત્ર અથવા નાણાં સહાય આપી નથી. ઈસ્લામી દેશોનું સંગઠન છે, પણ પાકિસ્તાનની પ્રતિષ્ઠાના કાંકરા થઈ ગયા છે ! ઈન્દિરા ગાંધીનાં શાસન દરમિયાન સાઉદી અરેબિયાના શહેર રબાત ખાતે ઈસ્લામી દેશોની પરિષદમાં હાજરી આપવા પરાણે આમંત્રણ મેળવાયું અને ફખરુદ્દીન અલી અહમદ પ્રતિનિધિ મંડળ લઈને ગયા ત્યારે બહિષ્કાર થયો. હોટેલમાં પીવાનું પાણી પણ બંધ કરવામાં આવ્યું અને લીલાં તોરણે પાછા ફર્યા ! મોદી સરકાર આવ્યા પછી સંબંધ બદલાયા અને ઈસ્લામી પરિષદમાં ભારતને સન્માન મળ્યું - પાકિસ્તાનના વિરોધની અવગણના થઈ અને વીલે મોઢે ઘરભેગા થયા ! ઈસ્લામી દેશોમાં પાકિસ્તાનની પ્રતિષ્ઠાનો આ પુરાવો છે ! અમેરિકાએ યુદ્ધવિરામ માટે પાકિસ્તાનને મદદ કરી તેમાં અમેરિકાનો સ્વાર્થ છે. ચીનને પાકિસ્તાનથી દૂર રાખવા માગે છે અને ભારત વૈશ્વિક અર્થતંત્રમાં સ્થાન જમાવે તે ખૂંચે છે ! એટલે જ મધ્યસ્થીનો યશ લેવાના નિષ્ફળ પ્રયાસ પછી ફેરવી તોળ્યું, પણ અમેરિકી કંપની એપલઁને કહે છે ભારતમાં મૂડીરોકાણ કરો નહીં - અમેરિકામાં જ કરો. પણ કંપની પોતાના લાભ - નફાનો વિચાર કરે છે - કરશે. એવો જવાબ મળ્યો. અમેરિકાએ હંમેશાં પાકિસ્તાનને ટેકો આપીને તેની જ તરફેણ કરી છે. કાશ્મીર વિવાદમાં યુએનમાં સમર્થન આપ્યું છે, ત્યારે સોવિયેત સંઘ ભારતની સાથે રહ્યું છે. બાંગલાદેશના સ્વાતંત્ર્ય સંગ્રામને ભારતે લશ્કરી મદદ કરી, કારણ કે લાખ્ખો હિજરતીઓ ભારતમાં આવ્યા હતા ત્યારે પાકિસ્તાની સેનાએ ભારતની શરણાગતિ સ્વીકારી અને પાકિસ્તાનને બચાવવા પ્રમુખ નિક્સને અમેરિકી નેવીનો કાફલો મોકલ્યો હતો, જે બાંગલાદેશના કિનારે - ડેલીએ હાથ દીધા વિના પાછો ફર્યો હતો ! યુવા વાચકોએ ઉપરોક્ત ઈતિહાસ જાણવો જોઈએ. અત્યારે ભારતનું અર્થશત્ર કામિયાબ નીવડી રહ્યું છે. અમેરિકા મધ્યસ્થી માટે દબાણ કરે તે સ્વીકારાય નહીં જ અને અમેરિકી કંપની ઉપર દબાણ કરે કે ભારતમાં ઉત્પાદન કરો નહીં - તો તે કંપની સ્વીકારશે ? ભારતમાં નહીં તો ચીન છોડયા પછી ક્યાં જાય? પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ ભૂલે છે કે અમેરિકાના વિકાસમાં આઈટીથી લઈને અંતરિક્ષ સુધી - ભારતીય મૂળના નિષ્ણાતોનું યોગદાન છે. અમેરિકાના વિકાસ - સમૃદ્ધિમાં ભાગીદાર હોવા છતાં એમનો દેશપ્રેમ - ભારતીય ગૌરવ યથાવત્ છે ! તુર્કીએ પાકિસ્તાનને ડ્રોન અને મિસાઈલ્સ પૂરાં પાડયાં - વ્યાપારી ધોરણે હવે ભારતે તુર્કીનો બહિષ્કાર શરૂ કર્યો છે. માલદ્વીપે ભારતને જાકારો આપ્યા પછી ભારતીય પ્રવાસીઓએ બહિષ્કાર કર્યો અને આપણા લક્ષદ્વીપની પર્યટનપ્રિયતા વધી ! આખરે પગે પડયા ! ચીનને સંબંધ છે ત્યાં સુધી પાકિસ્તાનને પંપાળે છે, પણ ભરોસો નથી. લડાઈમાં આજ સુધી આપણી સામે મોરચો ખોલ્યો નથી. મિસાઈલ્સ આપ્યાં તે પણ હવાઈ ગયેલાં ! ચીન માટે સમૃદ્ધ ભારતનાં બજારનું મહત્ત્વ છે - અમેરિકાની જેમ વ્યાપાર- આર્થિક બાજુ ઉપર ભાર મૂકે છે અને અત્યારે લડાઈમાં ઊતરીને પોતાનાં અર્થતંત્રને નબળું પાડે નહીં ! બાંગલાદેશને સંબંધ છે ત્યાં સુધી - શરૂઆતમાં ભારત ઉપર આક્રમણ કરીને પ્રદેશ કબજે કરવાની પોલી ધમકીઓ આપી, પણ હવે પાકિસ્તાનના હાલ - હવાલ જોઈને બાંગલાદેશ ચૂપ છે ! હવા પારખે છે ! પાકિસ્તાન હવે કહે છે - અપીલ કરી છે કે સિંધુનાં જળ માટે ચર્ચા - વાટાઘાટ કરો પણ ભારત મક્કમ છે. આતંકનો અંજામ આવે નહીં ત્યાં સુધી સવાલ જ નથી. જળપ્રવાહ બંધ કર્યા પછી જરૂર જણાય ત્યારે છોડવામાં આવે તો - ત્યારે પાકિસ્તાનમાં ભયાનક પૂર આવી શકે છે. ઓપરેશન સિંદૂર વખતે જ વડા-ધાન મોદીએ કહ્યું હતું કે પાણી અને રક્ત - લોહી એકસાથે વહે નહીં ! અગાઉ પાકિસ્તાને ધમકી આપી હતી કે સિંધુનાં પાણી બંધ થશે તો ત્યાં લોહીની નદી હશે ! મોદીએ જવાબ આપી દીધો છે. હવે આતંકનો અંત આવે તે પછી જ નક્કી કરાશે.

# કચ્છ શક્તિ એવૉર્ડ કચ્છી અસ્મિતાને ઉજાગર કરતો આંતરરાષ્ટ્રીય એવૉર્ડ બની રહ્યો છે

કચ્છ-શક્તિ મૂળ તો, હેમરાજ શાહનું સ્વપ્નશિલ્પ, એક દૈનિક અખબાર! કચ્છી પ્રજાનું મુખપત્ર! તે વખતે જેટલા હેમરાજ શાહ જાગૃત હતા તેટલી કચ્છી પ્રજા જાગૃત નહોતી!! એ અલ્પજીવી બની રહ્યું. તે સાથે શરુ થયું કચ્છ-શક્તિ એક મેગેઝીન, જેણે સાચા અર્થમાં કચ્છ રશક્તિ એકઠી કરી. દર વર્ષે કચ્છી નવા વર્ષ અપાહી બીજ ના દિવસે ઓછામાં ઓછા હજાર લોકોની ઉપસ્થિતિમાં એ પ્રગટ થાય અને ઉપસ્થિત સૌ કચ્છી ભાઈઓ-બહેનોના હાથમાં એ મેગેઝીન જોવા મળે! કચ્છ શક્તિએ એક અરીસા જેવું કામ કર્યું. તેમણે કચ્છી પ્રજાને અરીસો ધરી અને તેમના પારી શ્રમિક વ્યક્તિત્વની ઓળખ સમાજ સમક્ષ રજુ કરી. કચ્છીઓ માટે કચ્છ શક્તિ દ્વારા અપાતા એવોર્ડસ તેમની ઓળખ બની રહ્યા.

એ કચ્છ શક્તિ તા.૨૭-૬-૨૫ના રોજ આવતી અપાડી બીજ કચ્છી નવા વર્ષના દિવસે ૪૬ મા વર્ષમાં પ્રવેશી -ગલ્ભતા ધારણ કરશે. મુંબઈમાં કચ્છી નવા વરસની ઉજવણી કચ્છ-શક્તિના માધ્યમ દ્વારા હેમરાજ શાહે જ કરી! ૧૯૮૦માં કચ્છ ભારતીઁના નેજા હેઠળ શરુ થયેલી એ ઉજવણી ૧૯૮૫માં કચ્છ શક્તિના છત્ર હેઠળ શરુ થઈ. લોકો કચ્છ શક્તિના ઉજવણીના કાર્યક્રમમાં હોંશેહોંશે આવે. વિવિધ ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરનાર હસ્તીઓને કચ્છ શક્તિ એવોર્ડસથી તાળીઓના ગડગડાટ વચ્ચે નવાજવામાં આવે, જે તાળીઓની ગુંજ એવોર્ડ પ્રાપ્ત કરનારને જીવનભર સંભળાયા કરે. અત્યાર સુધી આવા એવોર્ડ મેળવનાર કચ્છીઓની સંખ્યા હજારો પર પહોંચી હશે! અને ભીજા હજારો લોકો રાહ જોઈ રહ્યા હશે!

અપાઢી બીજના દિવસે કચ્છમાં વરસાદની શરૂઆત થાય! અને કચ્છ શક્તિના મંચ પરથી કચ્છમાં વરસાદ પડયો તેની જાહેરાત સાંભળી સભાગૃહમાં બેઠેલા લોકો ભીંજાઈ જાય! ભુજનું હમીરસર તળાવ છલકાઈ જાય તો, કચ્છ શક્તિ લાડુ ખવડાવી સૌની કચ્છ પ્રત્યેની ભક્તિ જાગૃત કરે. હેમરાજ શાહે કચ્છી નવાં વર્ષની ઉજવણી શરુ કરી અને એ પરંપરા બની રહી. લોકો એકભીજાને હળે મળે. શુભેચ્છાઓનું આદાનપ્રદાન કરે. એ ઉમંગનાં દ્રશ્ય આપણી આંખોમાં સચવાઈને યાદગીરી બની રહે. કચ્છમાં દુષ્કાળ પડયો હોય કે કોઈ કુદરતી આપત્તિ આવી હોય તો પણ કચ્છ-શક્તિના હેમરાજ શાહ એ સેવાકાર્યમાં આગળ હોય અને અન્ય સેવા કરનારી સંસ્થાઓના પદાધિકારીઓની સેવાને કચ્છ શક્તિ એવોર્ડ આપી મૂલવે. જાહેર કાર્યક્રમમાં તેમની મેળવવા માટે લોકો પોતાની પ્રોફાઈલ મોકલતા થયા છે પરંતુ હજુ હમણાં સુધી આખા વરસ દરમ્યાન એ વિગતોનું સંશોધન ભાઈ હેમરાજ શાહ કરતા રહેતા. પસંદગી સમિતિ સમક્ષ એ નામ રજુ થતાં અને સર્વ સંમતિથી એવોર્ડ માટેનાં નામો નક્કી થતાં હતાં. પસંદગી સમિતિ હજુ પણ એ કામ કરે જ છે. પસંદગી સમિતિમાં પણ વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.

દરેક વ્યક્તિનો ચહેરો જ તેનાં વ્યક્તિત્વની પ્રતિભા દર્શાવતો હોય છે. આત્મવિશ્વાસ, નિષ્ઠા, સહજતા અને અડગતાની રેખાઓ હેમરાજ શાહના મહેરા પર અંકાયેલી છે. એ તેમનાં વ્યક્તિત્વનાં અનેક પાસાં દર્શાવે છે. ઉત્સવનાં વૃક્ષ સમાન હેમરાજ શાહની નજીક જવાથી થયેલા કોયડા ઉકેલાય! નજીક એ જ જઈ શકે જેમનામાં તેમનાં જેવાં ગુણોનો અંશ હોય! કંઈકેટલાય સમાજલથી ડાર્યો કરનાર હેમરાજ શાહ ખરેખર તો સંવેદનાઓના ટ્રસ્ટી છે. લાગણીઓને એ જાહેર મિલકત ગણે છે

સેવાનો ઉદોખ થાય, જેથી અન્ય લોકો માટે એ અનુકરણીય બની રહે.

એવોર્ડસ માટેની પસંદગી શરૂઆતમાં માત્ર મુંબઈ કે મહારાષ્ટ્રના કચ્છીઓ પુરતી હતી. પછી તો કચ્છ સુધી અને હવે તો સીમાડા પાર કરી દરિયા પારના દેશોમાં વસતા અમાપ શક્તિ ધરાવતા લોકો સુધી પસંદગીનું ક્ષેત્ર વિસ્તર્યું છે. કચ્છ-શકિત એવોર્ડસ હવે આંતરરાષ્ટ્રીય એવોર્ડ બની ચૂક્યા છે? કચ્છી અસ્મિતાની સાચી ઓળખ બની ચૂક્યા છે.

મુંબઈગરા કચ્છીઓ માટે અપાઠી બીજ એ માત્ર તારીખનું પાનું હતું. ઘરમાં લાપસી બનાવીને ખવાતી. હેમરાજ શાહે કચ્છ-શક્તિની છત્રછાયા એટલી તો વિસ્તારી કે, લોકો કચ્છી ભાંડુઓ સાથે મળી તેની ઉજવણી કરવા લાગ્યા. કચ્છ શક્તિનો અર્થ જ એ થાય છે કે, કચ્છની શક્તિ અને કચ્છી એકતા! હેમરાજ શાહ તો ગોવર્ધન ઊંચકે પણ શક્તિશાળી કચ્છી માડુઓના હાથનો ટેકો તો જોઈએ જ ને! કચ્છ-શક્તિ એટલે માત્ર મેગેઝીન નહીં, માત્ર એવોર્ડસ નહીં પણ અન્ય કેટલીવે સામાજિક પ્રવૃત્તિ કરનારી સંસ્થા! અને તેને કામ કરતી રાખનાર એકલવીર એટલે હેમરાજ શાહ! હેમરાજ શાહે એકલા શબ્દનો અર્થ જ બદલી નાખ્યો છે. એક એકલો હજારો એકલાને એક ભૂમિકા ઉપર એક વ્યાસપીઠ ઉપર કેવી રીતે એકઠા કરી શકે છે, એ વાતનાં તો અગણિત દ્રષ્ટાંતો જોવા મળે છે. હેમરાજ શાહને અવસર મળે એટલે એ તેને ઉત્સવ બનાવે! ઉત્સવ તો એમના લોહીમાં છે. કલ્પના ન કરી શકાય તેવું નિમિત એ શોધી લે છે. એ સર્જક છે, નવાં નવાં ઉન્મેષ લાવે છે.

એવોર્ડસની વાત કરીએ તો, કચ્છ રત્ન એવોર્ડ કે જે, સમાજના સર્વાંગી ક્ષેત્રે કામ કરનાર વ્યક્તિને અપાય છે. એ ઉપરાંત સાહિત્ય રત્ન એવોર્ડ, પત્રકાર રત્ન એવોર્ડ, સાહિત્ય પ્રકાશન એવોર્ડ, શ્રેષ્ઠ પુસ્તક એવોર્ડ, રમતગમત એવોર્ડ, સંગીત રત્ન એવોર્ડ, મનોરંજન એવોર્ડ, કલાકાર એવોર્ડ, નારી રત્ન એવોર્ડ, ઉદ્યોગ રત્ન, વ્યાપાર રત્ન, સંશોધન, નિર્માતા એવોર્ડ, શ્રેષ્ઠ ગાયક એવોર્ડ, ચિત્રકાર એવોર્ડ, આરોગ્ય અને શિક્ષણ, હસ્તકલા, શિક્ષણ, ફોટોગ્રાફી, સાહસિકતા, અને કચ્છ શક્તિ એવોર્ડ્સ સહિત અન્ય વિવિધ ક્ષેત્રમાં સિધ્ધી મેળવનારને અપાતા એવોર્ડ્સનો સમાવેશ થાય છે.

શું એવોર્ડસ માટેની પસંદગી સહેલી છે? હવે તો કચ્છ શક્તિ એવોર્ડ

અને કચ્છી નવા વર્ષ જેવા ઉત્સવો ઉજવે છે! મુંબઈમાં ખેરખાં ગુજરાતી નેતાખો આવ્યા અને ગયા પણ ગુજરાતી ભાષા અને સમાજની જે સેવા હેમરાજ શાહે કરી છે તેની તોલે કોઈ નથી.

કચ્છ શક્તિ અને હેમરાજ શાહ સાથેના નિકટ સંબંધો ધરાવતા સુરેશ દલાલે તેમના વિશે બહુ સરસ લખતાં કહ્યું છે કે, ડો. હેમરાજ શાહ કેવળ વાતોના કે વાતોડિયા માણસ નથી. જમાનના માણસ છે. એમણે એમના શબ્દોનું એટલે કે, એમના વિચારોનું આચરણમાં રૂપાંતર કર્યું છે. એમની આચારસંહિતા પોતાના પુરસ્તી સીમિત નથી પણ એ સમાજ પુરસ્તી વિરોષ વિસ્તરેલી છે. મહારાષ્ટ્રના સચિવાલયમાં જો કોઈ ગુજરાતીનો અવાજ પહોંચતો હોય તો હેમરાજ શાહ તેમાંના એક છે. એ મોટા ગજાના આયોજક છે. સમાજ માટેનો તેમનો અજંપો વિરલ છે. કેટલાં બધાં વર્ષોની તેમની સાધનાને કારણે એમણે સમાજને પરિણામ આપ્યું છે અને પરિમાણ પણ!

# ભારત પાકિસ્તાન યુદ્ધ : સશસ્ત્ર સ્ત્રીશક્તિનો પરિચય

**ભારતમાં સ્ત્રીઓ માત્ર ગૃહિણીઓ કે માતાઓ તરીકે જ નહીં, પરંતુ યોદ્ધાઓ, નેતાઓ અને ધર્મરક્ષિકા તરીકે પણ હંમેશાં અગ્રેસર રહી છે. વૈદિકકાળથી આજ સુધી, અસંખ્ય મહિલા યોદ્ધાઓએ શૌર્ય અને શૂરવીરતાનો દાખલો આપ્યો છે. તેઓએ માત્ર શસ્ત્ર જ નહીં, પણ શાસ્ત્ર (બુદ્ધિ, ધીરજ અને નેતૃત્વ) દ્વારા પણ ભારતની રક્ષા કરી છે.**

**धर्मस्य तु रक्षणार्थाय शस्त्रं धारयते नरः ।( मनुस्मृति 8.307 )** ધર્મના રક્ષણને માટે મનુષ્ય શાસ્ત્રને ધારણ કરે છે. ભારત એક એવો દેશ છે કે જ્યાં શસ્ત્ર અને શાસ્ત્રનું સરખું મહત્ત્વ છે. પ્રાચીન ગુરુકુળમાં શિક્ષણનાં ભાગ તરીકે શાસ્ત્રની સાથે શસ્ત્રનું જ્ઞાન અપાતુ. એટલે શાસ્ત્ર અને શસ્ત્ર બંને જ જરૂરી છે પણ શાસ્ત્રની મદદથી જ શસ્ત્રનો ઉપયોગ ક્યાં, ક્યારે અને કેવી રીતે કરી શકાય તેની સમજ નિર્માણ થાય છે.




ભારત પાકિસ્તાનના હાલ વિરામ લઈ રહેલા યુદ્ધમાં શસ્ત્રનું મહત્ત્વ સમજાયું. ચીન કે તુર્કીના શસ્ત્રોને ભારતીય શાસ્ત્રોની મદદથી બનાવેલા બ્રહ્મોસ જેવા શસ્ત્રોએ નિષ્ફળ બનાવ્યા એ સમગ્ર વિશ્વે જોયું. એટલે જ તો ભારતની શસ્ત્ર સજ્જતાને કારણે આ?ર્યચકિત થઈને ટ્રમ્પ મહોદયે શાંતિદૂત થવાનો પ્રયત્ન કર્યો. જોકે ભારત-પાકિસ્તાનના આ છમકલાએ માત્ર ભારતની શસ્ત્રશક્તિ જ નહીં, પણ સ્ત્રીશક્તિનો પણ વિશ્વને પરિચય કરાવ્યો. આ યુદ્ધ થકી આપણને બે મહિલાઓ - લેફ્ટિનેન્ટ કર્નલ સોફિયા કુરેશી અને સ્ક્વાડ્રન લીડર વ્યોમિકા સિંઘનો પરિચય થયો. જોકે આ બે સ્ત્રીઓ તો માત્ર ઉદાહરણરૂપ છે કે જેમણે યુદ્ધ જેવી બાબતોમાં ભારતીય સ્ત્રીશક્તિનો પરિચય કરાવ્યો. માત્ર દેખાડા માટે પોતાની જાતને આધુનિક ગણનારી અને સ્ત્રી સ્વતંત્રતા કે પુરુષ સમોવળી સ્ત્રીનો આંચળો પહેરનારી સ્ત્રીઓ સામે આ બંને વીરાંગનાઓએ સાચી સ્ત્રીશક્તિનો પરિચય કરાવ્યો છે. ભારતની આ બંને સૈનિક મહિલાઓના કાર્યોથી એ પૂરવાર થાય છે કે સાચા પ્રયત્નોને કોઈ અવરોધ નડતા નથી. દ્રઢ ઈચ્છા શક્તિ, મહેનત અને હિંમતથી કોઈપણ પ્રકારના અવરોધોને તોડી શકાય છે. જેથી આ બંને મહિલાઓ પાસેથી પ્રેરણા લઈને અનેક યુવાન મહિલાઓ સેના તરફ આકર્ષાશે, જે ભારત પાકિસ્તાનના યુદ્ધનું ભારતને મળેલું વધારેનું ફળ કહેવાશે.

**મનનમ્**



**ડો. યોગેશ ગોરાને**

આચાર્ય

વિનય મંદિર, દાંડી

ભારતમાં સ્ત્રીઓ માત્ર ગૃહિણીઓ કે માતાઓ તરીકે જ નહીં, પરંતુ યોદ્ધાઓ, નેતાઓ અને ધર્મરક્ષિકા તરીકે પણ હંમેશાં અગ્રેસર રહી છે. વૈદિકકાળથી આજ સુધી, અસંખ્ય મહિલા યોદ્ધાઓએ શૌર્ય અને શૂરવીરતાનો દાખલો આપ્યો છે. તેઓએ માત્ર શસ્ત્ર જ નહીં, પણ શાસ્ત્ર (બુદ્ધિ, ધીરજ અને નેતૃત્વ) દ્વારા પણ ભારતની રક્ષા કરી છે. વૈદિક કાળથી આજ પર્યંતના અનેક સ્ત્રી રત્નોમાંથી કેટલાક રત્નોનું પુણ્યસ્મરણ કરીએ - ગાર્ગી અને મૈત્રેયી (ઋગ્વેદ), કૌશલ્યા અને સુમિત્રા (રામાયણ), દ્રૌપદી અને અંબા, અંબિકા, અંબાલિકા (મહાભારત), રાણી દુર્ગાવતી (૧૬મી સદી), ચંદ બીબી (મુગલકાળ), રાણી અબક્કા ચૌટા (૧૬મી સદી), રાણી લક્ષ્મીબાઈ, રાણી ચેનન્નમ્મા (કિત્તૂર), વીરમોજી ભોસલે, ઔદાદેવી, અહલ્યાબાઈ હોળકર (આધુનિક પૂર્વકાલ), બિદીસી કુંવર, દુર્ગાવતી દેવી, કપાસિયા રાણી (સ્વતંત્રતા સંઘર્ષ સમયગાળો), લેફિટનેન્ટ જનરલ પુનિત અરોરા, ગંજેનાપાના મલકા, સ્ક્વાડ્રન લીડર અવની ચતુર્વેદી, ભવના કાંથ અને મોહના સિંઘ (સ્વતંત્ર ભારત). આ તો માત્ર આંગળીના વેઢે ગણાય એટલા નામ છે, પણ જેમ બરફનો એક ચતુર્થાંશ ભાગ બહાર અને ત્રણ ચતુર્થાંશ ભાગ પાણીમાં રહેલો હોય તેમ અનેક સ્ત્રીઓનાં નામોથી હજી આપણે અજાણ છીએ, પણ એ સ્પષ્ટ છે કે દરેક યુગમાં સ્ત્રીઓ માત્ર ધીરજ અને ત્યાગનું જ પ્રતીક નથી રહી પણ શૌર્ય, બુદ્ધિ અને નેતૃત્વનું પણ પ્રતીક રહી છે. ભારતના ગૌરવશાળી ઈતિહાસને આકાશે આંબે એવી ઊંચાઈ મહિલાઓના યોગદાનની પાંખોથી જ મળી છે.

ભારત પાકિસ્તાનના આ વખતના યુદ્ધથી વિશ્વને -ાચીન ભારતની રૂઢિગત માન્યતાનો પરિચય થાય છે કે, સાચો રાજા માત્ર ધર્મનો પાલક નથી, પણ જ્યારે રાજ્યની શાંતિ ભંગ થાય ત્યારે શસ્ત્ર પણ ઉપાડે છે. રાજા માટે શસ્ત્ર ધારણ કરવું એ એક પ્રકારનું 'યજ્ઞ' છે અને -ત્યેક યજ્ઞકાર્યમાં સ્ત્રીઓનો સાથસહકાર આવશ્યક હોય છે. આ યુદ્ધ યજ્ઞકાર્ય હતું, જેમાં ભારતની આ બંને દીકરીઓએ પોતાના કર્તૃત્વની આહુતિ આપીને યજ્ઞ કર્યો છે. જે આજની દીકરીઓ માટે સૌથી મોટું પ્રેરક બળ બનશે ને !

# ધરમપુર - કપરાડામાં માવઠાથી ઘાસચારો પલળી જતાં ભારે નુકસાન

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર, તા.૧૮ :** મહારાષ્ટ્રના બોર્ડર વિલેજના ધરમપુર કપરાડાના ગામોમાં કમોસમી વરસાદને કારણે ઘાસચારા સહિત અન્ય ખેતીના પાકમાં ભારે નુકસાન થયા અંગેની માહિતી પ્રાપ્ત થવા પામી છે.

ધરમપુર તાલુકાના મહારાષ્ટ્ર ની સરહદે આવેલ અંતિયાળ વિસ્તારના ગડી બિલ્ધા તુત્તાર ખેડ, વણખાસ, પીપલપાડા, ખડકી મધુરી, મામા ભાચા, ઉમરથાણા વિસ્તારમાં અચાનક વાતાવરણમાં આવેલ બદલાવને કારણે માવઠાથી ખેતરમાં પશુઓ માટે રાખવામાં આવેલ ઘાસચારો પલડી જતા ભારે નુકસાન થવા પામ્યું છે તેમજ ચોમાસા અગાઉ ખેતરોમાં સાફ-સફાઈ સાથે નકામા કચરાને બાળીને ખેતરોને સાફ સુથરા કરવામાં આવતા હોય છે જોકે તે પહેલાજ મે મહિનાના પહેલા અઠવાડિયે વરસાદ વરસતા કેરીના પાકમાં પણ ભારે નુકસાન થવા પામ્યું છે કપરાડા વિસ્તારમાં છેલ્લા બે દિવસથી વરસાદને કારણે હુડા ,આંબા જંગલ , દાબખલ રાજબારી જેવા મહારાષ્ટ્રના સરહદના ગામોમાં વરસતા વરસાદને લઈ ઘાસચારા સહિત કેરીના પાકમાં નુકસાન થયાની માહિતી -ાપ્ત થવા પામી છે દક્ષિણ ગુજરાતમાં સામાન્ય રીતે ચોમાસાની શરૂઆત જૂનની ૧૦ થી ૧૫ મી તારીખ સુધી શરૂ થતી હોય છે જોકે આ વખતે ઈતિહાસમાં પ્રથમ વખત મે મહિનાના પહેલાજ અઠવાડિયાથી વાવાઝોડા સાથે વરસાદની શરૂઆત થતાં લગ્નસરામાં મંડપમાં પાણી ઘૂસી જતા લગ્નમાં વિક્ષેપ્ થતાં આ વિસ્તારના ગ્રામીણ જનો વીમાસણમાં મુકાઈ ગયા છે.

ઓપરેશન સિંદૂરની સફળતાના સમર્થનમાં

# ધરમપુરમાં રાષ્ટ્ર ગૌરવ યાત્રા યોજાશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર, તા.૧૮ :** ધરમપુર નગરમાં ધરમપુર તાલુકાની જાગૃત મહિલાઓ દ્વારા ઓપરેશન સિંદૂરની ઐતિહાસિક સફળતાના સમર્થનમાં ૨૦ મે, ૨૦૨૫ ના રોજે રાષ્ટ્ર ગૌરવ યાત્રૉ રૂપે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતીય સેનાએ પાકિસ્તાનના વિરૂદ્ધ જે સફળ પ્રત્યાઘાત કર્યો છે, તેને સમર્થન દર્શાવવા માટે આ યાત્રાનું આયોજન કરાયું છે. વિશ્વ ઈતિહાસમાં આ પહેલો પ્રસંગ છે કે જ્યારે કોઈ દેશે ન્યુક્લિયર શક્તિ ધરાવતા દેશના ઘરમાં ઘૂસી ને હુમલો કર્યો છે. માત્ર ૯૦ મિનિટમાં પાકિસ્તાનના ૧૧ એરબેસ અને સૈન્ય સ્થાનો નાશ પામ્યા અને ૧૦૦થી વધુ આતંકીઓનો સંહાર થયો, જે ભારતની સેનાની શક્તિ અને સરકારની નિર્ણાયકતા દર્શાવે છે. આ યાત્રા સવારે ૯:૩૦ કલાકે લક્ષ્મીનારાયણ મંદિર થી -ારંભ થશે અને સમડી ચોક,-ભુ ફળિયા,બજાર વિસ્તારોમાં ફરી પાછા લક્ષ્મીનારાયણ મંદિરે પહોંચી પૂર્ણ થશે. મહિલા આયોજકો દ્વારા ધરમપુર તથા આસપાસનાં વિસ્તારનાં ભાઈઓ - બહેનોને વિશાળ સંખ્યામાં રાષ્ટ્ર ગૌરવ યાત્રૉમાં જોડાવા માટે આહ્વાન કરવામાં આવ્યું છે, જેથી ભારતની એકતા, શક્તિ અને સેનાના શૌર્યને બિરદાવી શકાય.

સરકારે ફ્રિશિપ કાર્ડ મંજૂર ન કરતા

# કપરાડામાંથી અસંખ્ય આશાસ્પદ આદિવાસી વિદ્યાર્થીઓ ઘરભેગા થશે ?

**મેડિકલ, ફાર્મસી , બી.એસ. સી, નર્સિંગ જેવા કોર્ષ માટે ખાનગી કોલેજોમાં આભાસ કરતા વિદ્યાર્થીઓને ફ્રિશિપ કાર્ડ મંજૂર ન થવાને લઈ વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા. જે અંગે કર્મઠ , ઉત્સાહી અને નાના મોટા કામો ખૂબ જ ગંભીરતાથી લઈ કાર્ય કરવામાં કાર્યકુશળ સાંસદ ધવલભાઈ પટેલ સરકારને રજૂઆત કરે તેવી આદિવાસી વાલીઓ અને વિદ્યાર્થીઓમાં માંગ ઉઠી રહી છે.**

ગુજરાત રાજ્ય સરકારના વખતો વખત શિક્ષણ વિભાગ માં થઈ રહેલા ફેરફાર ના પગલે ચાલુ વર્ષ દરમિયાન મેડિકલ, ફાર્મસી, નર્સિંગ, બી.એ.સી. જેવા ઉચ્ચ અભ્યાસ માટે આદિવાસી વિધાર્થીઓ એ એ સરકાર દ્વારા મળતી સહાયના ભરોસે એડમિશન જે તે કોલેજો માં મેળવી લીધું હતું.કોલેજ સંચાલકો દ્વારા પણ એસ.ટી. કેટેગરીને ફ્રિશિપકાર્ડ દ્વારા કોલરશીપ મળતી હોવાને કારણે એડીશન આપી દીધા હતા.પરંતુ બાળકો ના અભ્યાસના વર્ષ પૂર્ણ થવાના આરે ખાનગી કોલેજોને ફ્રિશિપકાર્ડ દ્વારા ફી ચૂકવવા સરકારે ઈનકાર કરી દેતા ગરીબ આદિવાસી વિધાર્થીઓ અને વાલીઓ ભારે મુઝવણ માં મુકાયા હોવાનું જાણવા મળે છે. જેમાં કપરાડા તાલુકા માંથી અસંખ્ય વિધાર્થીઓ સરકાર ના ફ્રિશિપ કાર્ડના ભરોસે મેડિકલ, ફાર્મસી,B.sc,નર્સિંગ જેવા અન્ય કોર્ષ માં એડમિશન મેળવ્યું હતું.પરંતુ સરકારે વર્ષ પૂર્ણ થવાના આરે હોય છતાં ફ્રિશિપકાર્ડ મંજૂર ન કરતા ગરીબ આદિવાસી વિધાર્થીઓ ને કોલેજ સંચાલકો દ્વારા ફી ફરવા દબાણ કરવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળે છે. જે ને લઈ કપરાડા જેવા અંતરિયાળ અને આદિવાસી ગરીબ બાળકો ના વાલીઓ ને આર્થિક પરિસ્થિતિ તદન નબળી હોવાના કારણે વાલીઓ શિક્ષણ ફી ભરવા સક્ષમ નથી .જેથી વિધાર્થીઓ માં ઉચ્ચ અભ્યાસ ની તીવ્ર આશા હોવા છતાં કોલેજ છોડવાની નોબત આવી છે. એક જાણકારી બીજાં કપરાડા તાલુકા માંથી અસંખ્ય વિધાર્થીઓ ફી ન ભરવામાં કારણે કોલેજ છોડી આવ્યા હોવાનું જાણવા મળે છે.



**કપરાડાનો પત્ર**
જગદીશ ભોયા, કપરાડા

ઉલ્લેખનીય છે. સરકારે એડમિશન પહેલા નિર્ણય લેવો જોઈએ હોવાનું વાલીઓ માં રોષ જોવા મળી રહ્યો છે. આદિવાસી ગરીબ વિધાર્થીઓ માટે આશીર્વાદરૂપ ફ્રિશિપકાર્ડ હોય. સરકાર આ યોજના આર્થિક રીતે નબળા પરિવારો ના વિધાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી હોય છે. આજના આધુનિક અને વિજ્ઞાન ના યુગમાં કપરાડા જેવા આદિવાસી તાલુકા માં પણ વાલીઓ અને બાળકો માં ઉચ્ચ શિક્ષણ ની ભૂખ જાગી છે. ત્યારે સરકારે અચાનક લીધેલો નિર્ણય ના પગલે વિધાર્થીઓ અધવચ્ચે અભ્યાસ છોડી રહ્યા છે.જે એક વિધાર્થીઓ ની કમનસીબી ગણાવી શકાય છે. જે અંગે ગુજરાત સરકાર ના આદિવાસી મંત્રીઓ ,ધારાસભ્યો, સાંસદ સભ્યો સરકાર માં કોઈ પ્રકાર ની રજૂઆત કરતા નથી હોવા ની આદિવાસી સમુદાયો માં બૂમરાણો ઊઠી રહી છે. જે અંગે સરકાર દ્વારા હજુ સુધી કોઈ નિર્ણય ન આપતા આદિવાસી બાળકો અધવચ્ચે અભ્યાસ છોડી રહ્યા હોવાનું જાણવા મળે છે. ઉલ્લેખનીય છે. ફ્રિશિપ કાર્ડ દ્વારા ખાનગી સસ્થાઓ મેળવેલ વિધાર્થીઓ ના ફ્રિશિપ કાર્ડ સરકાર મંજૂર ન કરે તો ગુજરાત રાજ્ય માંથી હજારો વિધાર્થીઓ ફી ન ભરી શકવાના કારણે અધવચ્ચે અભ્યાસ પડતો મૂકી ઘરભેગા થવાની પૂરી શક્યતા જોવા મળી રહી છે.જેના કારણે હજારો વિધાર્થીઓ ઉચ્ચ શિક્ષણ થી વંચિત રહવાની પુરી સંભાવના થઈ રહી છે. જેમા કપરાડા જેવા આદિવાસી વિસ્તાર ના વિધાર્થીઓ કોલેજ છોડી રહ્યા હોવાનું જાણવા મળે છે. જે અંગે સરકાર સત્વરે યોગ્ય નિર્ણય લે તે વાલીઓ માં માંગ ઉઠી રહી છે.

# ધરમપુરના બારોલિયાના ખેડૂતે તુવેરની પ્રાકૃતિક ખેતી કરી અન્ય ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતીની રાહ ચીંધી

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના બારોલિયા ગામના ખેડૂતે રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી અપનાવી આર્થિક રીતે પગભર બન્યા છે. તેમણે ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના ભાષણને સાંભળી ઝીરો બજેટ પ્રાકૃતિક ખેતીની પધ્ધતિ અપનાવવા પ્રેરાયા હતા. પોતાના ખેતરમાં તુવેરની ખેતી કરી પોતાના ગામના તેમજ આસપાસના ગામના અન્ય ખેડૂતોને પણ પરોપકારી ગણાતી પ્રાકૃતિક ખેતી કરવા માટે પ્રેરણા પુરી પાડી રહ્યા છે.

ધરમપુરના આદિવાસી વિસ્તારમાં પ્રાકૃતિક ખેતીની આહલેક જગાવતા ખેડૂત ઈશ્વરભાઈ શાંતુભાઈ પટેલ જણાવે છે કે, પહેલા હું પણ બીજા બધા ખેડૂતોની જેમ રાસાયણિક ખેતી કરતો હતો પરંતુ અમારા ધરમપુરમાં સુભાષ પાલેકરજીની ૭ દિવસીય તાલીમનું આયોજન આત્મા પ્રોજેક્ટ દ્વારા કરાતા હું પણ તાલીમમાં ભાગ લેવા માટે ગયો હતો જ્યા પુરતું માર્ગદર્શન મેળવ્યા બાદ મે પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી. છેલ્લા બે થી ત્રણ વર્ષથી ઝીરો બજેટ ખેતી કરૂ છુ. થોડા સમય બાદ ઘરે ગીર ગાય લાવી દેશી ગાય આધારિત ખેતી કરવાનું ચાલુ કર્યુ હતું. જીવામૃત, ઘનજીવામૃત, બ્રહ્માસ્ત્ર, નિમાસ્ત્ર જેવા જરૂરી આયામો દ્વારા હવે પધ્ધતિસર પ્રાકૃતિક ખેતી કરું છું. પહેલા હું રાસાયણિક ખાતર અને દવાનો વધતો જતો ભાવ ના કારણે ખેતી ખર્ચ વધારે અને નફો ઓછો થતો હતો. રાસાયણિક ખેતી થી ખેતી ખર્ચ વધી જતો હતો. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાથી જમીન અને વાતાવરણ ખરાબ થતા હતા તેમજ રસાયણ યુકત ખોરાક ખાવાથી શરીરની તંદુરસ્તી વધુ પડતી ખરાબ થતી હતી.





પ્રાકૃતિક ખેતીમાં મુખ્ય પાકમાં આંબા અને તુવેર ની ખેતી કરું છું. તુવરની છેલ્લા બે વર્ષથી પ્રાકૃતિક ખેતી કરું છું અને ખૂબ જ સારું અને સારી ગુણવત્તા વાળું ઉત્પાદન મેળવું છું. તુવરના બીયારણને બીજામૃતનો પટ આપી વાવણી કરી તો દરેક બિયારણનો ઉગાવો જોવા મળ્યો. તુવેરના પાકમાં ખેતર તૈયાર કરવા પહેલા ઘન જીવામૃતનો ઉપયોગ કરી જમીન તૈયાર કરી અને પાણી સાથે જીવામૃત આપ્યું જેથી તુવરના છોડ તંદુરસ્ત જોવા મળ્યા હતા. જમીન પણ ફળદ્રુપ અને પોચી બનતા ખેડૂતના મિત્ર એવા અળસીયાની સંખ્યા પણ ખૂબ જ વધી ગઈ છે. તુવરના પાક પર ઘણી બધી જીવાતોનો ઉપદ્રવ હોય છે પરંતુ દેશી ગાયના ગૌમૂત્રથી તૈયાર થયેલા નિમાસ્ત્ર અને દસપર્ણી અર્કનો છંટકાવ કરવાથી બધી જીવાતોનો નાશ થયો હતો. પ્રાકૃતિક ખેતીથી ઝેર મુકત ઉત્પાદન મેળવી શકાય છે.

પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન સારી ગુણવત્તાવાળુ મળ્યુ જેથી માર્કેટ ભાવ પણ સારો મળ્યો અને અમારી આવકમાં પણ વધારો થયો છે. મારી પાસે કુલ જમીન ૧ હેકટર છે. જેમાંથી પ્રાકૃતિક કૃષિ અંતર્ગત જમીન ૧ એકર છે. પહેલા હું રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાના ઉપયોગથી ખેતી કરતો હતો ત્યારે મારી આવક રૂ, ૭૫૦૦૦ હતી અને ખર્ચ રૂ. ૨૯૦૦૦ થતો હતો. જેમાંથી નફો રૂ. ૪૬૦૦૦ થતો હતો પરંતુ પ્રાકૃતિક ખેતીના ઉપયોગથી ખેતીની આવક રૂ. ૬૦,૦૦૦ થઈ અને ખર્ચ રૂ. ૧૨, ૦૦૦ થતા નફો રૂ. ૪૮,૦૦૦ થયો હતો. આમ, પહેલા હું ઝેરયુક્ત રાસાયણિક ખેતી કરતો હતો ત્યારે મારી આવક વધુ હતી પરંતુ તેની સામે જંતુનાશ દવા અને રાસાયણિક ખાતરનો ખર્ચ વધુ હોવાથી નફો ઘટતો હતો. જ્યારે ઝેરમુક્ત પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી તો શરૂઆતમાં મારી આવક ઘટી હતી પરંતુ તેની સામે ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થતા મારો નફો પહેલા કરતા વધ્યો હતો. જેથી પ્રાકૃતિક ખેતીને ઝીરો બજેટ નેચલર ફાર્મિંગ કહેવામાં આવે છે. જે મે પોતે અનુભવ્યુ છે એટલે હવે હું મારા જાત અનુભવથી મારા ગામના અન્ય ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી તરફ વાળી રહ્યો છું.

# ધરમપુરનું મ્યુઝિયમ ગુજરાતનું સૌ પ્રથમ આદિવાસી સંગ્રહાલય તરીકે રાજ્યમાં ગૌરવવંતુ સ્થાન ધરાવે છે

**ખાસ લેખ: જિજ્ઞેશ સોલંકી**







**જાન્યુઆરી ૧૯૨૮માં બોમ્બેના ગવર્નર લોર્ડ લેસ્લી વિલ્સન ધરમપુરની મુલાકાતે આવ્યા ત્યારે વિજયદેવજીએ જ્યુબીલી હોલને મ્યુઝિયમમાં રૂપાંતરિત કર્યો હતો : મ્યુઝિયમમાં ૧૩ જેટલા વિવિધ વિભાગો ઐતિહાસિક ધરોહર અને સંસ્કૃતિની ઓળખ સમાન હોવાથી આકર્ષણનું કેન્દ્ર સમાન**

**વલસાડ, તા. ૧૮ :** મ્યુઝિયમોને માનવીના વિકાસનું પ્રતિબિંબ માનવામાં આવે છે. આપણા સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાને સુરક્ષિત રાખવા અને તેના પ્રચારમાં મ્યુઝિયમ (સંગ્રહાલય) ખૂબ જ મહત્વની ભૂમિકા નિભાવે છે. સંગ્રહાલય એટલે આપણી સંસ્કૃતિનું જતન અને સંવર્ધન કરતું સ્થળ. આજના ટેક્નોલોજિકલ યુગમાં પણ લોકોમાં આપણી કલા અને પ્રાચીન સંસ્કૃતિ વિશે જાણકારી મેળવવાનો અપાર ઉત્સાહ હોય છે. યુવા પેઢી અને સામાન્ય જનતા સાંપ્રત સમયમાં પણ આપણી ઐતિહાસિક ધરોહર, રાજા-રજવાડાંઓના સમયની યાદગીરીરૂપ વિવિધ વસ્તુઓ, રિવાજો તેમજ પહેરવેશ જેવી બાબતો વિશે જાણકારી મેળવવા ઉત્સુક છે. ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ મ્યુઝિયમે વર્ષ ૧૯૭૭માં આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસની શરૂઆત કરી હતી. ત્યાર બાદથી દર વર્ષે તા. ૧૮ મે ના રોજ આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ મનાવવામાં આવે છે. આ દિવસે સંગ્રહાલયના મહત્વ અંગે જાગરૂકતા ફેલાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન થાય છે. વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે સ્થિત ધી લેડી વિલ્સન મ્યુઝિયમ ગુજરાતનું સૌ પ્રથમ આદિવાસી સંગ્રહાલય તરીકે ગૌરવવંતુ સ્થાન ધરાવે છે.

કલા, વારસો, સંસ્કૃતિ અને પરંપરાનો સમન્વય એટલે સંગ્રહાલય. ધરમપુરનું ધી લેડી વિલ્સન મ્યુઝિયમ દક્ષિણ ગુજરાતનું સૌથી મોટું બહુહેતુક મ્યુઝિયમ છે, જે ગુજરાત સરકારની દેખરેખ હેઠળ આવે છે. વિશ્વ મ્યુઝિયમ દિવસ નિમિત્તે આ ધરમપુરના ધી લેડી વિલ્સન મ્યુઝિયમના ક્યુરેટર ડો. ઈન્દ્ર વત્સ જણાવે છે કે, આ મ્યુઝિયમ અગાઉ સિલ્વર જ્યુબીલી હોલ તરીકે ઓળખાતું હતું. જે મહારાણા મોહનદેવજીના શાસક તરીકેના ૨૫ વર્ષની સ્મૃતિમાં બાંધવામાં આવ્યું હતું. તેઓ ધરમદેવજીના પોત્ર હતા. જેમણે ૧૭૩૯માં તેમની રાજધાનીનું નામ રામનગરથી બદલીને ધરમપુર કર્યું હતું. લોકોને આ હોલમાં ખુબ જ રસ પડે છે. કારણ કે તે ઈન્ડો-સારસેનિક સ્થાપત્ય શૈલીમાં બાંધવામાં આવ્યો છે. ભારતના અન્ય રજવાડાઓમાં પણ આ પ્રકારનું બાંધકામ જોવા મળે છે. જાન્યુઆરી ૧૯૨૮માં બોમ્બના ગવર્નર લોર્ડ લેસ્લી વિલ્સન, ધરમપુરની મુલાકાતે આવ્યા હતા અને તે સમયના શાસક વિજયદેવજીએ જ્યુબીલી હોલને મ્યુઝિયમમાં રૂપાંતરિત કર્યો હતો તે સમયથી લેડી વિલ્સન મ્યુઝિયમ અસ્તિત્વમાં આવ્યું હતું.

આ મ્યુઝિયમમાં વિવિધ પ્રકારના સંગ્રહ જોવા મળે છે. જે ધ્યાને લેવા જેવું છે કારણ કે, આ સ્થળ રાજવી પરિવારનો છે જેમાં ખાસ કરીને વિજયદેવજી જેમણે વિવિધ દેશોમાં તેમની પ્રવાસ દરમિયાન તમામ કલા કૃતિઓ એકત્રિત કરી છે. જેમાં સ્થાનિક રાજ્યોના ઓદ્યોગિક મેળાઓમાંથી વ્યક્તિગત રૂચિઓને પ્રમાણે મળેલી ભેટો અને ખરીદી કરી છે. તે સમય દરમિયાન મ્યુઝિયમમાં તેના સંગ્રહને પ્રદર્શનમાં વિકસાવવા માટે ઘણાં આંતરિક માળખાકીય ફેરફારો કરવામાં આવ્યાં હતાં અને બે માળ બનાવવામાં આવ્યા હતા. મુલાકાતીઓને વધુ સારી રીતે સમજાવવા માટે સંગ્રહને બે માળમાં વિભાજિત કરી વિભાગ -માણે નમૂનાને જુદા જુદા વિભાગોમાં -દર્શિત કરવામાં આવ્યા છે. ભોંય તળિયાનાં ભાગમાં પ્રાકૃતિક ઈતિહાસ વિભાગ, ઢીંગલી વિભાગ, ટપાલ-ટીકીટ વિભાગ, ઓદ્યૌગિક કલા વગેરે વિભાગો છે. જ્યારે પ્રથમ માળ માનવશાસ્ત્ર વિભાગ ને સમર્પિત છે.

**(૧) પ્રાકૃતિક ઈતિહાસ વિભાગ**

આ વિભાગમાં ભૂસ્તરશાસ્ત્ર, દરિયાઈ જીવન, સરીસૃપ, સસ્તન પ્રાણી વગેરે પેટા વિભાગો અને પક્ષીઓ તથા જંગલી પ્રાણીઓની ચામડી, ભીના સંરક્ષિત નમૂનાઓ વગેરેનું પ્રદર્શન છે. સમુદ્રમાંથી મળેલા બ્લ્યુ વ્હેલના બચ્ચાનું હાડપિંજર આ વિભાગનું મુખ્ય આકર્ષણ છે. આ હાડપિંજર નારગોલ અથવા સંજાણ વિસ્તાર પાસેના દરિયા કિનારેથી મળી આવ્યું હતું. અરબી સમુદ્ર જીવનના ડાયારોમા ઉપરાંત ધરમપુરના વાઘ અને દીપડાનું પરિવાર સૌથી વધુ આકર્ષણના કેન્દ્રો છે. બરણીમાં સંરક્ષિત છીપનો નમૂનો, કોલાર ક્ષેત્રનો સોનાનો સિક્કો અને ગેંડાનું માથું પણ મૂલ્યવાન નમુના છે.

**(૨) ઢીંગલી વિભાગ**

આ વિભાગમાં વિવિધ દેશોના રમકડાં અને ઢીંગલીઓનો સમાવેશ થાય છે. આ ઢીંગલીઓ સંભવત: વિજયદેવજીએ ૧૯૨૭ થી ૧૯૩૭ સુધીના ૧૦ વર્ષ જ્યાં મુલાકાત લીધી હતી તે સ્થળોની છે. તેઓ તેમની રાજધાનીના લોકોને વિવિધ દેશોની જીવનશૈલીનો પરીચય કરાવવા માંગતા હતાં. તેથી મોટા ભાગની ઢીંગલી તેમનાં પરંપરાગત પોશાકમાં છે. અને કુદરતી વાતાવરણ સાથે પ્રદર્શિત છે.

**(૩) ટપાલ-ટીકીટ વિભાગ**

લગભગ ૩૦ દેશોની ટપાલ ટિકિટ અને સિક્કાઓ, ફર્સ્ટ ડે કવરનો સંગ્રહ છે, જે વિજયદેવજી દ્વારા એકત્રિત કરવામાં આવી હતી. આ સંગ્રહને નજીકથી જોવા માટે કાંચની ફ્રેમવાળી ફલકમાં દર્શાવવામાં આવી છે.

**(૪) શસ્ત્ર વિભાગ**

ધરમપુરના શાહી પરીવારના આ શસ્ત્રો સંગ્રહમાંથી એક છે. આદિવાસી યોદ્ધાઓની અર્ધચંદ્રકાર કુહાડીથી લઈને મુઘલ સૈનિકોની ચાંદીની માઉન્ટેડ કેમલ ગન પણ છે. દાર્જિલિંગના લેપ્ચા સૈનિકોની સોનાની જડેલી સ્ટીલની ઢાલ, ગેંડાના ચામડાની ઢાલ અને તલવારનું પણ રસપ્રદ પ્રદર્શન છે.

**(૫) શિલ્પ વિભાગ**

અહી શિલ્પોનો સંગ્રહ તુલનાત્મક રીતે ઓછો છે. જો કે ૭મી સદીના સૂર્યદેવની કાંસાની મૂર્તિ અને ભગવાન કૃષ્ણાના નામ પરથી રણછોડરાયની પથ્થરની મૂર્તિ જે દુર્લભ અને મુલ્યવાન છે.

**(૬) વિદેશી કલા વિભાગ**

આ વિભાગ મૂળભૂત રીતે વિજયદેવજી દ્વારા તેમના વિદેશ પ્રવાસ દરમિયાન મેળવેલા સંગ્રહનો છે. જેમાં ચીન, જાપાન, થાઈલેન્ડ અને બર્મા જેવા એશિયન દેશોમાંથી કાંચની કલા, ચિનાઈ માટી અને સિરામિક, લાકડાનું કોતરકામ, રોગાન કામ, બોદ્ધચિહ્ન વગેરે જેવા યુરોપિયન લોકપ્રિય હસ્તકલાના ઉદાહરણો જોવા મળે છે. બેઠેલી મોટી સોનાની ઢાલ ચઢાવેલી બુદ્ધ ભગવાનની મૂર્તિ અને ખાદ્ય પદાર્થનો સંગ્રહ માટેનું સાધન સૌથી વધુ રસ-દ છે.

**(૭) ભારતીય કલા વિભાગ**

આ વિભાગના નમુનાનો સંગ્રહ સંભવત: બ્રિટીશ સત્તાવાળાઓ દ્વારા આયોજિત વિવિધ ઔદ્યોગિક મેળાઓ દરમિયાન પ્રાપ્ત કરવામાં આવ્યા હતા, જેમાં મોટા ભાગના સ્થાનિક રાજ્યો ભાગ લેતા હતાં. ચુનારના ચમકદાર વાસણો, કચ્છના રમકડાના વાસણો, સૌરાષ્ટ્રનું મણકાનું કામ, સુરત અને દક્ષિણ ભારતના લાકડાનું કામ, મૈસૂરના હાથી દાંતકલા અને દમણમાંથી મળેલ ઈસુ ખ્રિસ્તની મૂર્તિ નોંધ લેવા લાયક સંગ્રહ છે.

**(૮) ચિત્રકલા વિભાગ**

આ વિભાગમાં લઘુચિત્ર ચિત્રકામ, તૈલીય ચિત્રો, થગંકા અને કાંચ ચિત્રકલાનો ખુબ જ નોંધપાત્ર સંગ્રહ છે. રાગમાલાની ચિત્રકામનો સેટ રાજસ્થાની સ્કૂલ ઓફ મિનીએચર પેઈન્ટિંગની બુંદીમાં છે. તૈલી ચિત્રો એમ.બી. સાવંતની ચિત્રકલાની આધુનિક શૈલી જે ઐતિહાસિક ધારણાનું અનોખું સંગ્રહ છે.

**(૯) સંગીત વિભાગ**

આ વિભાગમાં મહારાણા વિજયદેવજી અને પ્રભાત દેવજી દ્વારા એકત્ર કરાયેલા આદિવાસી, ભારતીય અને વિદેશી સંગીતના સાધનોની વિશાળ સંખ્યા દર્શાવે છે. વિચિત્ર વીણા, તાઉસ, સારંગી, જલ-તરંગ, તુર્કી થી આવેલ કાશ્મીરી સંતુરનો પ્રોટોટાઈપ, આદિવાસીના વાંસના જોડણીના સાધન અને જાપાની વાદ્યો કેટલાક વિશિષ્ટ પ્રદેશના છે.

**(૧૦) માનવશાસ્ત્ર વિભાગ**

આ મ્યુઝિયમનો પહેલો માળ તેના ત્રણ પેટા વિભાગોમાં વિભાજીત કરેલો છે. જે ભૌતિક માનવજાતિ વિજ્ઞાન, વિદેશી માનવજાતિ વિજ્ઞાન અને ભારતીય માનવજાતિ વિજ્ઞાન રજૂ કરવા માટે સમર્પિત છે.

**(૧૧) ભૌતિક માનવજાતિ**

માણસના ઉત્ક્રાંતિની વાતો અહીં સંસ્કૃતિના તબ્બકાઓ અને માનવીના ભૌતિક વિકાસના તબક્કામાં પ્રોકોનસુલથી હોમો સેપિયન્સ સુધીના ફોટો, નકશા, કટ આઉટસ વગેરેના ઉપયોગ કરીને પ્રારંભિક માનવીના દ્રશ્યો અને કલાકૃતિઓ દ્વારા જણાવવામાં આવી છે.

**(૧૨) વિદેશી માનવજાતિ વિજ્ઞાન**

આપણું વિશ્વ જે વિવિધ રસપ્રદ સંસ્કૃતિ અને સભ્યતાઓથી ભરેલું છે. જે આપણા વિદેશી માનવજાતિ વિજ્ઞાન વિભાગમાં સ્થાન પામ્યું છે. અહીં માનવીની શારીરિક લાક્ષણિકતા પણ બતાવવામાં આવી છે.

**(૧૩) ભારતીય માનવજાતિ વિજ્ઞાન**

આ વિભાગ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત મ્યુઝિયમનો સૌથી આકર્ષક ભાગ છે. જેમાં ભારતીય માનવજાતિ વિજ્ઞાન વિભાગમાં ભારતની વિવિધ ૧૬ જાતિઓ તેમજ ધરમપુરનાં ડાયરોમિક અને અર્ધ-ડાયરોમિક ચિત્રકલા છે. માનવજાતિ વિજ્ઞાન સાથે સંબંધિત સંગ્રહના વર્ગીકરણના પ્રદર્શનો પણ છે. મ્યુઝિયમની બહાર નીકળતા આદિવાસી પર્યાવરણ દર્શાવતું ખેતીવાળું જંગલ છે.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Monday 19, May 2025


## સ્વદેશી રક્ષા પ્રણાલીનો ડંકો વાગ્યો

ઓપરેશન સિંધૂર દરમિયાન ભારતીય સેનાઓએ પાકિસ્તાન સામે તમામ મોરચાઓ પર દમદાર પ્રદર્શન કર્યું. પાકિસ્તાનમાં આવેલા મોટા આતંકી અડ્ડાઓને નષ્ટ કર્યા બાદ ભારતે લાહોર અને રાવલપિંડીમાં ટાર્ગેટેડ ડ્રોન હુમલાઓ ચાલુ રાખ્યા, જેમાં લાહોરની ડિફેન્સ હાઉસિંગ ઓથોરિટી અને રાવલપિંડીમાં આવેલા આઈએસઆઈના ગુપ્ત બેઝ પણ સામેલ હતાં. જેમાં સાબિત થયું કે ભારત દ્વારા ઉપયોગમાં લેવાતી ડ્રોન ટેક્નોલોજી પાકિસ્તાનની ચીનમાંથી આયાત કરેલી એર ડિફેન્સ સિસ્ટમ કરતાં વધુ અસરકારક રહી. આપણા ડ્રોન શત્રુની છાવણીઓ પર મોત બનીને વરસી પડયા. ત્યારબાદ પાકિસ્તાને પણ ભારતના સૈનિક બેઝ અને નાગરિક વિસ્તારો પર તુર્કીયે અને ચીનના ડ્રોનનો ઉપયોગ કરીને હુમલાનો પ્રયાસ કર્યો. પાકિસ્તાને સેકડો ડ્રોન એકસાથે મોકલ્યા હતા, પણ સ્વદેશી એર ડિફેન્સ સિસ્ટમ જેમ કે આકાશતીર વગેરેએ તેમને સંપૂર્ણપણે નિષ્ફળ બનાવ્યા. ઉલ્લેખનીય છે કે રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન નાટોએ પાકિસ્તાન અને તુર્કીયે વચ્ચે એક ગુપ્ત સમજૂતી કરાવી હતી, જેમાં તુર્કીયેના બાયરકતાર ડ્રોન બંને દેશો મળીને બનાવી રહ્યા હતા અને તે ડ્રોન યુક્રેનને આપવામાં આવતા હતા.

આ જ ડ્રોન રશિયા સામે અત્યંત સફળ સાબિત થયા હતા અને ઘણીવાર રશિયન ડિફેન્સ સિસ્ટમને કુદાવીને ૧૫૦૦ કિમી દૂર મોસ્કો સુધી પહોંચી ગયા હતા. પણ એ ભારતની સ્વદેશી એર ડિફેન્સ સિસ્ટમનો જ કમાલ છે કે કોઇ પણ પાકિસ્તાની ડ્રોન ચંડીગઢ કે દિલ્હી સુધી પહોંચી શક્યું નહીં અને બધાં જ સરહદ નજીક જ નષ્ટ કરી દેવાયા. ૯-૧૦ મેની રાત્રે પાકિસ્તાને 'ઓપરેશન બન્યાન અલ મરસૂર્સ શરૂ કરીને એડવાન્સ મિસાઈલો સાથે મોટાપાયે હુમલો કરવાની કોશિશ કરી. પણ ભારતે એ મિસાઈલો પણ રોકી લીધી અને થોડી જ મિનિટોમાં ભારતીય સેનાઓએ પાકિસ્તાનના એવિયા બેઝને ટાર્ગેટ કર્યા જ્યાં એફ-૧૬ અને ચીનના જેએફ-૧૭ જેવા એડવાન્સ વિમાનો તૈનાત હતા. ભારતે મુરીદ એરબેઝ પણ તબાહ કરી દીધું જ્યાં તુર્કીયેના ડ્રોનનો મોટો બેઝ હતો. જો પાકિસ્તાનને અમેરિકા, ચીન અને તુર્કીયેના અતિઆધુનિક હથિયાર હોવા છતાં હારવાનો વારો આવ્યો, તો એ માત્ર ભારતની અદ્ભુત લશ્કરી ક્ષમતા કારણે.

આ વિજય માત્ર પાકિસ્તાન સામે નહીં, પણ અમેરિકન, ચીની અને તુર્કીયેના હથિયાર ટેક્નોલોજી સામે પણ છે. જો આકાશ જેવી ડિફેન્સ સિસ્ટમ ન હોત તો અનેક નિર્દોષ ભારતીય નાગરિકોના જીવ ગયા હોત. ભારતે સ્વદેશી અને વિદેશી ટેક્નોલોજીના સમન્વયથી સફળતા મેળવી, જયારે પાકિસ્તાને જુદી-જુદી ટેક્નોલોજી વચ્ચે સંકલન કરી શક્યું નહીં. ભારતે વિશ્વ સમક્ષ અમેરિકન અને ચીની ડિફેન્સ સિસ્ટમની ખામીઓ પણ ઉઘાડી પાડી દીધી. એ જ કારણે વિદેશી મીડિયા અને હથિયાર લોબી હવે ભારતની સફળતાને છુપાવવા દૂષ્પ્રચાર કરી રહી છે. તેમને ડર છે કે હવે ભારતીય હથિયારોની વૈશ્વિક માંગ વધી શકે છે. ખાસ કરીને નાના દેશો હવે આકાશ જેવી સિસ્ટમ ખરીદવામાં રસ દાખવી શકે છે.

ઓપરેશન સિંદૂર પછી, ભારતે એવી જ રીતે પોતાનાં 'મિલિટરી-ઈન્ડસ્ટ્રીયલ કોમ્પ્લેક્સ'ની સ્થાપના કરવી જોઈએ જેવી બીજા વિશ્વયુદ્ધ બાદ અમેરિકાએ પેન્ટાગોનના માધ્યમથી કરી હતી. ત્યારે ખાનગી કંપનીઓ અને સરકારી સંસ્થાઓ સાથે ભાગીદારીમાં અમેરિકાએ ખુદને સૌથી મોટું હથિયાર નિકાસકાર બનાવી દીધું. ભારત હજુ સુધી હથિયાર આયાત કરતો સૌથી મોટો દેશ રહ્યો છે. લોકોમાં માન્યતા છે કે વિદેશી હથિયાર વધારે સારાં હોય છે - જ્યારે હકીકતમાં એ માન્યતા પાછળ હથિયાર લોબીનો હાથ છે. ઓપરેશન સિંદૂરે એ માન્યતાને ખંડિત કરી દીધી. વિદેશી દેશો હથિયાર તો આપે છે, પણ તેની સંપૂર્ણ ટેક્નોલોજી નથી આપતા.

આપણી પાસે સરકારી અને ખાનગી ક્ષેત્રમાં ઘણી ઉચ્ચ ગુણવત્તાની ડિફેન્સ કંપનીઓ છે. પાકિસ્તાનના ભોલારી એરબેઝને નષ્ટ કરનાર મિસાઈલના પાર્ટ્સ પર હૈદરાબાદ અને બેંગલુરુની કંપનીઓના સ્ટીકરો જોવા મળ્યા હતા. એ એરબેઝ પર એફ-૧૬ના બે સ્ક્વોડ્રન તૈનાત રહે છે અને સપાટીથી હવામાં પ્રહાર કરનારી ચીનની મિસાઈલ પણ. એવી દુર્ગમ જગ્યાએ મિસાઈલ મોકલી ભેદી શકવી એ સાબિત કરે છે કે આપણાં નાના-મોટા ઉદ્યોગો પાસે ટેક્નિકલ ક્ષમતા છે અને યોગ્ય પ્રોત્સાહન મળે તો એ વૈશ્વિક સ્તરે ઉત્કૃષ્ટતા હાંસલ કરી શકે છે. એરોસ્પેસ લેબ એ જ છે કે જેણે બ્રહ્મોસને રશિયન સુખોઈ-૩૦ પર લગાવ્યું અને એ જ પાકિસ્તાનના એરબેઝને નષ્ટ કરવામાં ઉપયોગમાં આવ્યું.

ટેક્નોલોજી અને રિવર્સ એન્જિનિયરિંગમાં ભારતીય વૈજ્ઞાનિક ચીની ટેક્નોલોજી કરતાં પણ આગળ રહી શકે છે - જરૂર છે માત્ર આપણે અમેરિકન હથિયાર કંપનીઓમાં કાર્યરત ભારતીય વૈજ્ઞાનિકોને ઘર વાપસી માટે સસન્માન આમંત્રિત કરીએ. હાલના સંજોગોમાં જો રશિયાથી જી-૪૦૦ જેવી સિસ્ટમ લેવી પડે તો લેવી, પણ એના કારણે કુશા જેવી ઊંચી આશાઓ ધરાવતી સ્વદેશી યોજના પર ખલેલ ન આવે એ સુનિશ્ચિત કરવું જરૂરી છે. તેજસ એમકે-ટુ, જે રાફેલ જેટલો ક્ષમતા ધરાવતું હશે, તેના પર કામ ચાલી રહ્યું છે. આવા પ્રોજેક્ટને સમયસર પૂરા કરવા માટે જરૂરી સાધનો અને સ્વતંત્રતા આપવી જરૂરી છે.

## અમરેલીના દરિયામાં દેખાઈ શંકાસ્પદ બોટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમરેલી, તા.૧૮,** અમરેલી દરિયાઈ સીમામાં શંકાસ્પદ બોટની હલચલ જોવા મળી. જાફરાબાદ બંદરથી ૨૨ નોટિકલ માઈલ દૂર મળેલી બોટ કોસ્ટગાર્ડને જોઈ ભાગી હતી. હાલ હેલિકોપ્ટર દ્વારા તપાસ શરૂ કરાઈ છે. ગુજરાતની દરિયા સીમા સુરક્ષા પર સૌથી મોટા સમાચાર આવ્યા છે. અમરેલીના જાફરાબાદના દરિયામાં શંકાસ્પદ બોટ દેખાઈ હતી. જે જાફરાબાદથી ૨૨ નોટિકલ માઈલ દૂર આ બોટ દેખાઈ હતી. માછીમારોએ બોટ રોકવાનો કર્યો પ્રયાસ, પરંતુ તે રોકાઈ ન હતી.

બોટ ભાગતાં કોસ્ટગાર્ડને જાણ કરવામાં આવી હતી. કોસ્ટગાર્ડે હેલિકોપ્ટરથી બોટનો શરૂ પીછો કર્યો હતો. શંકાસ્પદ બોટને કારણે દરિયામાં તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.

હજી હાલમાં જ ફીશરીઝ વિભાગદ્વારા પોરબંદર જિલ્લાની તમામ બોટોને માછીમારી માટે દરિયામાં જવા મંજુરી અપાઈ હતી. ૧૪ મે ૨૦૨૫ થી માછીમાર બોટોને ટોકન ઈશ્યુ કરવા આદેશ કરાયા હતા. આઈએમબીએલ તથા નો ફિશીંગ ઝોનમાં માછીમારી માટે નહીં જવા સુચના જાહેર કરાઈ છે. માછીમારી બોટોએ સમુહમાં માછીમારી કરવા અને સંદેશાવ્યવહાર ચાલુ રાખવા જાણ કરવામાં આવી છે. દરિયામાં કોઈ શંકાસ્પદ બોટ અથવા વ્યક્તિઓ જણાય તો સુરક્ષા એજન્સીઓને જાણ કરવા સુચના અપાઈ. ઓપરેશન સિંદૂર સમયે સરકારે માછીમારી બોટોને પરત બોલાવી લેવાઈ હતી.

# IMFની પાકિસ્તાનને ચેતવણી

## લોનનો પહેલો હપ્તો જારી કરતાં પહેલાં જ ૧૧ નવી શરતો મૂકતા પાકિસ્તાનની મુશ્કેલીઓ વધારી

(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન, તા.૧૮, પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે સર્જાયેલી તંગદિલી દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)એ પાકિસ્તાનની એક અબજ ડોલરની લોન મંજૂર કરી હતી. આતંકવાદને આશરો આપનારા દેશને નાણાકીય સહાય કરતાં વિશ્વભરમાં આઈએમએફની ટીકા થઈ હતી. જો કે, આઈએમએફએ આ લોનનો પહેલો હપ્તો જારી કરતાં પહેલાં જ ૧૧ નવી શરતો મૂકતા પાકિસ્તાનની મુશ્કેલીઓ વધારી છે. ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે પાકિસ્તાનને મોટી લોન આપ્યા પછી IMF કદાચ પોતાના નાણાં અટવાઈ જવાનો ભય અનુભવી રહ્યું છે. જેથી IMFએ તેના બેલઆઉટ પેકેજનો આગામી હપ્તો રજૂ કરતાં પહેલાં જ પાકિસ્તાન પર ૧૧ નવી શરતો લાદી છે. આ સાથે પાકિસ્તાન પર કુલ શરતો વધીને ૫૦ થઈ છે. IMF દ્વારા પાકિસ્તાનને સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે જો આ શરતો પૂરી નહીં થાય, તો તેને આગામી હપ્તો આપવામાં આવશે નહીં.

ભારત અને પાકિસ્તાનન વચ્ચે જ્યારે ડ્રોન અને મિસાઈલ હુમલાઓ થઈ રહ્યા હતા, ત્યારે આઈએમએફએ પાકિસ્તાનની ૧ અબજ ડોલરની લોન મંજૂર કરી હતી. આ સાથે IMFએ હાલના ૭ અબજ ડોલરના બેલઆઉટ પેકેજ હેઠળ પાકિસ્તાન માટે ક્લાઈમેટ રેઝિલિયન્સ લોન માટે ૧.૪ અબજ ડોલરની વધારાની રકમ પણ મંજૂર કરી છે. આમ IMF તરફથી પાકિસ્તાનને કુલ ૨.૪ અબજ ડોલરની સહાય મળી હતી. આ સહાયથી વિશ્વભરમાં IMF સામે રોષ જોવા મળ્યો હતો.

IMF દ્વારા લાવવામાં આવેલી નવી શરતો પર નજર કરીએ, તો તેમાં સંસદ દ્વારા ૧૭.૬ લાખ કરોડ પાકિસ્તાની રૂપિયાના રેકોર્ડ ફેડરલ બજેટને મંજૂરી આપવાનો છે, વીજળીના બિલ પર ઊંચો સરચાર્જ લાદવાની શરત પણ મૂકવામાં આવી છે. હાલમાં, પાકિસ્તાનના આયાત નિયમો ફક્ત ૩ વર્ષ સુધી જૂની કારની આયાતને મંજૂરી આપે છે, તેને ૫ વર્ષ સુધી લંબાવવાનો પ્રસ્તાવ છે. વધુમાં, સરકારે ૨૦૩૫ સુધીમાં સ્પેશિયલ ટેક ઝોન અને ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટે પ્રોત્સાહનો તબક્કાવાર બંધ કરવા માટે એક રોડમેપ તૈયાર કરવો પડશે. તેનો અહેવાલ વર્ષના અંત સુધીમાં રજૂ કરવાનો છે.

IMFના રિપોર્ટ મુજબ, પાકિસ્તાનનું આગામી સંરક્ષણ બજેટ ૨,૪૧૪ અબજ રૂપિયા હોવાનો અંદાજ છે, જે ગયા વર્ષ કરતા ૧૨% વધુ છે, પરંતુ તાજેતરમાં શાહબાઝ શરીફ સરકારે આ મહિનાની શરૂઆતમાં તેમાં ૨,૫૦૦ અબજ રૂપિયા એટલે કે ૧૮% વધારો કરવાનો નિર્ણય લીધો છે, જે IMFના રાજકોષીય સંતુલન લક્ષ્યની વિરુદ્ધ છે. સંસદને IMF લક્ષ્યોને અનુરૂપ જૂન ૨૦૨૫ સુધીમાં ૨૦૨૬નું બજેટ પસાર કરવા જણાવ્યું છે.

## પાક.માં લશ્કર-એ-તૈયબાના આંતકી સૈફુલ્લાહનો ખેલ ખતમ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૮,** ભારતનો વધુ એક દુશ્મન ઓછો થઈ ગયો છે. લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલો એક મોટો આતંકવાદી આજે પાકિસ્તાનના સિંધમાં જ ઠાર કરવામાં આવ્યો છે. આ આતંકીનું નામ સૈફુલ્લાહ ઉર્ફ વિનોદ કુમાર ઉર્ફ મોહમ્મદ સલીમ ઉર્ફ ખાલીદ ઉર્ફ વનિયાન ઉર્ફ વાજિદ ઉર્ફ સલીમ ભાઈ છે. તે નેપાળમાં લશ્કર-એ-તૈયબાનું આખું મોડ્યૂલ સંભાળતો હતો, તેનું મુખ્ય કામ લશ્કરની આતંકવાદી પ્રવૃતિઓ માટે કેડર અને આર્થિક મદદ પૂરી પાડવાનું હતુ. છેલ્લા ઘણાં સમયથી તે નેપાળમાં લશ્કર એ તૈયબાનું કામ સંભાળી રહ્યો હતો.

રામપુરના CRPF કેમ્પ પર હુમલો, નાગપુરમાં સંઘ મુખ્યાલય પર હુમલો, IISc બંગલુરુ પર બોમ્બ વિસ્ફોટમાં તેનું નામ સામેલ હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેને રવિવારે પાકિસ્તાનના સિંધ પ્રાંતના બદીન જિલ્લાના માટલી તાલુકામાં ઠાર મારવામાં આવ્યો છે. સૈફુલ્લાહ લશ્કરના ઓપરેશનલ કમાન્ડર આઝમ ચીમા ઉર્ફે બાબાજીનો ખાસ સહયોગી હતો.

હાલમાં તે પાકિસ્તાનના સિંધ પ્રાંતના માટલીમાંથી પોતાની પ્રવૃત્તિઓને અંજામ આપી રહ્યો હતો અને લશ્કર માટે સતત આતંકીઓની ભરતી કરતો હતો. તે નેપાળથી આતંકી કેડરની ભરતી, ફંડિંગ, લોજિસ્ટિક્સ અને ભારત-નેપાળ સીમા પાર પ્રવૃત્તિઓ માટે જવાબદાર હતો. તે લશ્કરના લોન્ચ કમાન્ડર આઝમ ચીમા અને લેખા પ્રમુખ યાકૂબના સંપર્કમાં હતો.

### ભારત સરકારનો મોટો નિર્ણય

## ડ્રોન-વિસ્ફોટક ખરીદવા ૪૦ હજાર કરોડ મંજૂર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૮,** પાકિસ્તાન સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે સંરક્ષણ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા રૂ. ૪૦,૦૦૦ કરોડનું ફંડ ફાળવવા મંજૂરી આપી છે. સંરક્ષણ દળો આ ફંડમાંથી વિપુલ પ્રમાણમાં હથિયારો અને દારૂગોળો ખરીદશે. સંરક્ષણ અધિકારીએ જણાવ્યા પ્રમાણે, ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ દ્વારા આયોજિત બેઠકમાં ઈમરજન્સી પાવર હેઠળ એક્વિઝિશનને મંજૂરી આપી છે. આ બેઠકમાં સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓ સહિત સેનાના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત થયા હતાં.

સેના ઈમરજન્સી પાવર્સ હેઠળ સર્વેલન્સ અને કામિકાઝ ડ્રોન, લાંબા અંતરના લોઈટરિંગ દારૂગોળા, તોપખાના માટે દારૂગોળો જેવા મહત્ત્વપૂર્ણ સશસ્ત્રો ખરીદશે. વધુમાં હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ અને વિવિધ પ્રકારની મિસાઈલ્સ-રોકેટ પણ ખરીદવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

ઈમરજન્સી પ્રોક્યુરમેન્ટ પાવર્સ હેઠળ સુરક્ષાદળોએ કોન્ટ્રાક્ટને મંજૂરી મળ્યા બાદ નિશ્ચિત સમયમાં સશસ્ત્રો ખરીદવાના રહેશે. છેલ્લા પાંચ વર્ષમાં સુરક્ષાદળોએ પાંચમી વખત ઈમરજન્સી પ્રોક્યુરમેન્ટ પાવર્સને મંજૂરી આપી છે. ઈમરજન્સી પ્રોક્યુરેન્ટ પાવર્સ સુરક્ષાના જોખમોનો સામનો કરવા માટે જરૂરી દારૂગોળો અને હથિયારો ખરીદવાની સુવિધા આપે છે.

સંરક્ષણ મંત્રાલય ડિફેન્સ સેક્ટરને મજબૂત બનાવવા લાંબા ગાળાના પ્રોજેક્ટ પર કામ કરી રહ્યું છે. જેના માટે સોલાર ડિફેન્સ અને એરોસ્પેસ સહિત ખાનગી તથા સરકારી કંપનીઓના વરિષ્ઠ એક્ઝિક્યુટીવ્સ સાથે મળી બેઠકો કરી રહ્યું છે. ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન પર હુમલો કરવા ઉપયોગમાં લેવાથી રામપેજ મિસાઈલ પણ એરફોર્સ અને ઈન્ડિયન નેવી દ્વારા ઈમરજન્સી પ્રોક્યુરમેન્ટ પાવર્સ હેઠળ ખરીદવામાં આવી હતી. આ મિસાઈલ્સનુ હવે ભારતમાં જ ઉત્પાદન થશે.

ભારતીય સેના અને ભારતીય વાયુ સેનાને માર્ક-દો ડ્રોન ઈમરજન્સી પ્રોક્યુરમેન્ટ પાવર્સ હેઠળ મળ્યા હતાં. જેનો ઉપયોગ ઓપરેશન સિંદૂરમાં લાઈવ ઓપરેશન પર નજર રાખવા માટે થયો હતો.

દુશ્મનના ડ્રોન પર દેખરેખ રાખવા માટે વધુ ૧૦ લૉ લેવર રડારનો ઓર્ડર મળવાની અપેક્ષા છે. ડ્રોન બનાવતી અનેક કંપનીઓને સેનાની ત્રણેય પાંખ તરફથી આ પાવર્સ હેઠળ ઓર્ડર મળવાની આશા છે. કેન્દ્ર સરકાર બજેટ ફાળવણીમાં સેનાઓની જરૂરિયાતોને પૂરી કરવા વધુ ફંડ ફાળવવા પર વિચાર કરી શકે છે.

## ગાઝામાં ઈઝરાયલની ફરી એરસ્ટ્રાઈક, વધુ ૧૦૦ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાઝા, તા.૧૮, હમાસ સાથે યુદ્ધ કરી રહેલા ઈઝરાયલે ગાઝા પર ફરી ભયાનક એરસ્ટ્રાઈક કરી છે. ઈઝરાયલે સતત ચોથા દિવસે ગાઝામાં હુમલો કરતા વધુ ૧૦૦ લોકોના મોત થયા છે. ગાઝા સ્થિત આરોગ્ય કર્મચારીઓએ કહ્યું કે, ઈઝરાયલી સેનાએ શનિવારની રાતથી રવિવાર સુધી એરસ્ટ્રાઈક કરતા ઓછામાં ઓછા ૧૦૩ લોકોના મોત થયા છે. ઈઝરાયલ સતત પાંચ દિવસથી ગાઝામાં હુમલાઓ કરી રહ્યું છે, જેમાં કુલ ૩૨૦ લોકોના મોત થયા છે.

અધિકારીઓએ કહ્યું કે, 'ઈઝરાયલ તરફથી સતત હુમલો થઈ રહ્યા છે, જેમાં સામાન્ય નાગરિકોના મોત થયા છે. હુમલામાં હોસ્પિટલો અને અનેક બિલ્ડીંગોને પણ નુકસાન થયું છે. હોસ્પિટલમાં જે દર્દીઓ સારવાર લઈ રહ્યા છે, તેઓ પહેલેથી જ હુમલાનો શિકાર બનેલા છે અને હવે તેઓ વધુ મુશ્કેલીમાં પડ્યા છે.'

સેનાએ ગાઝાના દક્ષિણ શહેર ખાન યુનિસમાં મિસાઈલ એટેક કરતા ૧૮ બાળકો અને ૧૪ મહિલા સહિત ૪૮થી વધુ લોકોના મોત થયા છે. નાસિર હોસ્પિટલે કહ્યું કે, સેનાના અનેક હુમલામાં વિસ્થિપત લોકોના શરણાર્થી શિબિરને પણ ઘણુ નુકસાન થયું છે.

એસોસિએટેડ પ્રેસે ગાઝા આરોગ્ય મંત્રાલય અને સ્થાનિક સિવિલ ડિફેન્સ તરફથી મળેલી માહિતી મુજબ કહ્યું કે, નોર્થ ગાઝાના જબાલિયામાં શરણાર્થી શિબિર પર પણ મિસાઈલ ત્રાટકી છે, જેમાં એક જ પરિવારના ૯ સભ્યોના મોત થયા છે. આ ઉપરાંત અન્ય એક હુમલામાં સાત બાળકો અને એક મહિલા સહિત ૧૦ લોકોના મોત થયા છે.

ઈઝરાયલ સતત ચાર દિવસથી ગાઝા પર હુમલાઓ કરી રહ્યું છે. ઈઝરાયલી સેનાએ ૧૪ મેએ ઉત્તર અને દક્ષિમ ગાઝામાં હુમલા કર્યા હતા, જેમાં બે ડઝન બાળકો સહિત ૭૦ લોકોના મોત થયા છે. જ્યારે ૧૫ મેએ ખાન યુનિસ શહેરમાં થયેલા હુમલામાં ૫૪ લોકોના મોત અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ ઉપરાંત ઈઝરાયલી સેનાએ ૧૬મેએ પણ ગાઝામાં અનેક હુમલા કરતા ૯૩ લોકોના મોત થયા છે. એક પત્રકારે ઈન્ડોનેશિયન હૉસ્પિટલમાં ૯૩ મૃતદેહોની ગણતરી થઈ હોવાની પુષ્ટી કરી છે. સેનાએ ૧૭-૧૮ મેએ કરેલા હુમલામાં ૧૦૩ લોકોના મોત થયા છે.

ઉલ્લેખનીય છે કે, સાત ઑક્ટોબર-૨૦૨૩ના રોજ હમાસે દક્ષિણ ઈઝરાયલ પર હુમલો કરી ૧૨૦૦ લોકોને મારી નાખ્યા હતા. જવાબમાં ઈઝરાયલ ગાઝામાં સતત લશ્કરી કાર્યવાહી કરી હમાસના આતંકવાદીઓને નિશાન બનાવી રહ્યું છે. ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈઝરાયલી હુમલાઓમાં અત્યાર સુધીમાં લગભગ ૫૩,૦૦૦ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત લાખો લોકોને વિસ્થાપિત થવા મજબૂત થવું પડ્યું છે.

### ટેક્નિકલ ખામીના કારણે ત્રીજો તબક્કો પાર ન કરી શક્યું રૉકેટ

## ISROનું ૧૦૧મું મિશન નિષ્ફળ ગયું

(સંપૂર્ણ સમાચાર સેવા)

શ્રીહરિકોટા, તા.૧૮

ISRO એ આજે સવારે ૫:૫૯ વાગ્યે આંધ્રપ્રદેશના શ્રીહરિકોટાથી સતીશ ધવન સ્પેસ સેન્ટરના પહેલા લોન્ચ પેડ (FLP) પરથી PSLV-C61 રોકેટ લોન્ચ કર્યું, જે સફળ રહ્યું નહીં. પીએસએલવી રોકેટ ત્રીજા તબક્કાને પાર કરી શક્યું નહીં. ઈસરોના વડા વી. નારાયણને આ માહિતી આપી છે. આ ઉપગ્રહ EOS-04 જેવો જ હતો અને તેનું કામ પૃથ્વીની તસવીરો અને માહિતી મોકલવાનું હતું, જેથી મહત્વપૂર્ણ કાર્યો માટે ડેટા મેળવી શકાય. તેની મદદથી સરહદ પર થતી દરેક ગતિવિધિ પર નજર રાખવામાં આવતી હતી.

આ રોકેટ EOS-09 ને સન સિંક્રનસ પોલર ઓર્બિટ(SSPO) માં લઈ ગયું. સી-બેન્ડ સિન્થેટિક એપરચર રડારથી સજ્જ, EOS-09 કોઈપણ હવામાન પરિસ્થિતિઓમાં ગમે ત્યારે પૃથ્વીની સપાટીની ઉચ્ચ-રીઝોલ્યુશન તસવીરો લેવામાં સક્ષમ હશે.

EOS-09 ઉપગ્રહ દેશની રડાર સેન્સિંગ ક્ષમતાઓને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ્યથી ડિઝાઈન કરવામાં આવ્યો હતો. તે આતંકવાદ વિરોધી કામગીરી, ઘૂસણખોરી અથવા શંકાસ્પદ પ્રવૃત્તિઓ શોધવા માટે બનાવવામાં આવ્યું હતું અને દુશ્મનની દરેક હિલચાલ પર નજર રાખે છે. તેનું વજન આશરે ૧,૭૧૦ કિલોગ્રામ હતું અને તે દેશને આપત્તિ વ્યવસ્થાપન અને પર્યાવરણીય દેખરેખ જેવા ક્ષેત્રોમાં સચોટ માહિતી મેળવવામાં મદદ કરશે.

ISRO દ્વારા EOS-09 (પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ-૦૯) ના લૉન્ચિંગ સમયે ભારતીય વૈજ્ઞાનિક ડૉ. ડબલ્યુ. સેલ્વમૂર્તિએ ગઈકાલે પોતાની પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું, "આ ઉપગ્રહ ખૂબ જ ખાસ છે કારણ કે તે ઘણા ઉપગ્રહોનો ભાગ છે જે પૃથ્વી પર નજર રાખે છે અને શોધી કાઢે છે કે કયા ફેરફારો થઈ રહ્યા છે. આ ઉપગ્રહ કૃષિ, વન, આપત્તિ વ્યવસ્થાપન અને સુરક્ષા જેવા કાર્યોમાં મદદ કરશે. દેશની સરહદો પર નજર રાખવી પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે." ઈસરોની ટેકનિકલ ટીમ હવે સમસ્યાની વિગતવાર તપાસ કરશે જેથી જાણી શકાય કે લોન્ચ દરમિયાન સમસ્યા કયા તબક્કે આવી અને ભવિષ્યમાં તેને કેવી રીતે સુધારી શકાય.

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો) ના મિશનને મોટો આંચકો લાગ્યો છે. તેનું અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ (EOS-09) મિશન નિષ્ફળ ગયું છે. લોન્ચિંગ પછી માહિતી આપતાં, ISRO ના વડા વી નારાયણને કહ્યું કે, EOS-09 મિશન તેના ઉદ્દેશ્યમાં નિષ્ફળ ગયું છે. અમે તેની તપાસ કરી રહ્યા છીએ અને સંપૂર્ણ વિશ્લેષણ પછી તેના વિશે માહિતી આપીશું.

આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે PSLV-C61 ના લોન્ચિંગ સમયે ISRO ના વડા વી નારાયણને જણાવ્યું હતું કે, "આ મિશન તેના ત્રીજા તબક્કા દરમિયાન નિષ્ફળ ગયું. અમે તેના પરના અવલોકનો જોઈ રહ્યા છીએ અને મિશન પૂર્ણ થઈ શક્યું નથી. અમે મૂલ્યાંકન કર્યા પછી પાછા આવીશું." તેમણે કહ્યું કે ઈસરોનું ખૂબ જ ખાસ પીએસએલવી ૪ તબક્કાનું રોકેટ છે અને પ્રથમ પ્રક્ષેપણ દરમિયાન, પ્રથમ ૨ તબક્કા સામાન્ય હતા.

લોન્ચિંગ સમયે પોતાના સંક્ષિપ્ત સંબોધનમાં, નારાયણને કહ્યું, "EOS-09 એ ૨૦૨૨ માં લોન્ચ થનારા EOS-04 જેવો જ પુનરાવર્તિત ઉપગ્રહ છે, જે ઓપરેશનલ એપ્લિકેશન્સમાં રોકાયેલા વપરાશકર્તા સમુદાય માટે રિમોટ સેન્સિંગ ડેટા સુનિશ્ચિત કરવા અને અવલોકનોની આવર્તન સુધારવા માટે રચાયેલ છે."

## હૈદરાબાદમાં ભીષણ આગ : ૧૭ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

હૈદરાબાદ, તા.૧૮, હૈદરાબાદના ઐતિહાસિક ચારમીનરની પાસે સ્થિત ગુલઝાર હૌઝ વિસ્તારમાં શનિવારે સવારે ભયાનક આગ લાહી હતી. એક રહેણાક અને વ્યાવસાયિક ઉપયોગવાળી ઈમારતમાં આગ લાગવાને કારણે ઓછામાં ઓછા ૧૭ લોકોના મોત થયા છે, જ્યારે ૧૦થી વધુ લોકોને ઈજા પહોંચી છે. આ દુર્ઘટના તાજેતરના વર્ષોમાં હૈદરાબાદની સૌથી મોટી ત્રાસદી માનવામાં આવી રહ્યો છે.

પ્રાથમિક રિપોર્ટ અનુસાર આગ સવારે ૫.૩૦ કલાકે તે સમયે લાગી જ્યારે લોકો ઊંઘી રહ્યાં હતા. આગ ઈમારતમાં નીચે સ્થિત એક દુકાનથી શરૂ થઈ અને ઝડપથી આખી ઈમારતમાં ફેલાઈ ગઈ હતી. ધૂમાડાને કારણે શ્વાસ રૂંધાતા લોકોના મોત થયા છે.

ફાયર ડિપાર્ટમેન્ટને જ્યારે આગની ઘટનાની જાણકારી મળી તો ફાયરની ૧૧ ટીમ મોકલવામાં આવી હતી. તેમાં લંગર હૌઝ, મોગલપુરા, ગૌલગુડા, રાજેન્દ્ર નગર, ગાંધી આઉટપોસ્ટ અને સાલારજંગ મ્યૂઝિયમ સ્ટેશનોથી મોકલવામાં આવેલી ગાડીઓ સામેલ હતી. આ સિવાય ૨ રેસ્ક્યુ ટેન્ડર, એક બ્રોંટો સ્કાઈલિફ્ટ, ૩ વોટર ટેન્ડર અને એક ફાયર ફાઈટિંગ રોબોટની મદદ લેવામાં આવી હતી. ઈજાગ્રસ્તોને ડીઆરડીઓ હોસ્પિટલ, ઉસ્માનિયા જનરલ હોસ્પિટલ અને એક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ફાયર વિભાગનું ... મુખ્ય કારણ શોર્ટ સર્કિટ છે, જેની તપાસ કરવામાં આવી રહી છે.

ઘટનાના સમાચાર મળતાં જ કેન્દ્રીય મંત્રી અને તેલંગાણા ભાજપના વડા જી. કિશન રેડ્ડી અને તેલંગાણાના મંત્રી પોન્નમ પ્રભાકર પણ ગુલઝાર હાઉસ પહોંચ્યા, જ્યાં AIMIM નેતા મુમતાઝ અહેમદ ખાન પણ હાજર હતા. "આગ એક પરિવારની મોતીની દુકાનમાં લાગી હતી," જી. કિશન રેડ્ડીએ ઘટનાસ્થળે પત્રકારોને જણાવ્યું. "તેમનું ઘર દુકાનની ઉપરના માળે હતું. આ અકસ્માત શોર્ટસર્કિટના કારણે થયો હતો. આ અકસ્માતમાં ઘણા લોકોના મોત થયા છે. કેટલાક લોકો ઘાયલ પણ થયા છે."

તેમણે કહ્યું, "હું કોઈને દોષી ઠેરવી રહ્યો નથી, પરંતુ હૈદરાબાદ ઝડપથી વિકસતું શહેર હોવાથી, પોલીસ, મ્યુનિસિપલ કોર્પોરેશન, ફાયર અને વીજળી વિભાગોને મજબૂત બનાવવા જોઈએ. અહીંના ફાયર વિભાગ પાસે પૂરતા સાધનો નથી." બીજી તરફ, તેલંગાણાના સીએમઓ દ્વારા જારી કરાયેલા એક સત્તાવાર પ્રકાશનમાં કહેવામાં આવ્યું છે કે ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવા અને યોગ્ય તબીબી સારવાર સુનિશ્ચિત કરવા સૂચનાઓ આપવામાં આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના પર દુ:ખ વ્યક્ત કરતા પીડિત પરિવારો માટે સહાયની જાહેરાત કરી છે. મૃતકોને ૨ લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને ૫૦ હજારની સહાય આપવામાં આવશે.

## ગુજરાતની દરિયાઈ સુરક્ષા વધારાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમરેલી, તા.૧૮, ભારત-પાકિસ્તાનના તણાવ અંતર્ગત દરિયાની સુરક્ષાને ધ્યાનમાં રાખીને માછીમારોની તમામ બોટો તાત્કાલિક પાછી બોલાવવા આદેશ આપ્યો છે. ફિશરીઝ વિભાગને આ અંગેની સૂચના મળતા ફરીવાર ટોકન પ્રક્રિયા બંધ કરવામાં આવી છે. દરિયાનો કોઈ દુરુપયોગ કરી આતંકી પ્રવૃત્તિ ન કરે તે માટે તકેદારીના ભાગરૂપે બોટ પરત બોલાવવામાં આવી છે. જાફરાબાદ, ચાંચબંદર, ધારાબંદર, શિયાળબેટ, નવાબંદર સહિત બંદરો પર તાત્કાલિક બોટો બોલાવવાનો કડક આદેશ આપ્યો છે. દરિયામાં જવા માટે જ્યાં સુધી નવી સૂચના ન મળે ત્યાં સુધી કોઈએ દરિયો ખેડવો નહીં તેવી સૂચના આપવામાં આવી છે.

ગુજરાતના સરહદી વિસ્તારના દરિયામાં માછીમારી માટે જખૌ બંદરે સ્થાનિક ઉપરાંત દેવભૂમિ દ્વારકા, પોરબંદર, વલસાડ, નવસારી સહિતના ગુજરાતના જિલ્લામાંથી માછીમારો આવે છે. તાજેતરમાં ઓપરેશન સિંદૂરના પગલે કચ્છના ત્રણ મત્સ્ય ઉતરાણ કેન્દ્ર જખૌ, લખપત અને નારાયણ સરોવરના દરિયાઈ વિસ્તારમાં માછીમારી પ્રવૃત્તિ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જેના કારણે અન્ય જિલ્લાના માછીમારો વતન પણ પરત જઈ શકતા નથી.

આ અંગે મળતી માહિતી પ્રમાણે, દરિયાઈ સુરક્ષાને ધ્યાનમાં રાખીને માછીમારી માટે જવા માછીમારોએ પોતાના મોબાઈલની એપ્લિકેશન મારફતે ઓનલાઈન ટોકન મેળવવી પડે છે. જે ગાંધીનગરથી જનરેટ થાય છે. આ ટોકન ન મળવાથી જો કોઈ માછીમારી બોટ નારાયણ સરોવર, જખૌ અને લખપત ઉતરાણ કેન્દ્રના દરિયાઈ વિસ્તારમાં માછીમારી પ્રવૃત્તિ પર પ્રતિબંધ મુકાતા મત્સ્ય બંદરના દરિયાઈ વિસ્તારમાં જાય તો મરીન પોલીસ બોટ જપ્ત કરી લે તેમ હોવાથી બોટ બંદર પર લાંગરેલી પડી છે.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


# દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ૨૨ મેથી વરસાદનું આગમન થશે

## નવસારી, વલસાડ, દમણમાં ભારે વરસાદની આગાહી, દાદરા અને નગર હવેલીમાં પણ ભારે વરસાદનું અનુમાન

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૧૮, હવામાન વિભાગની આગાહી મુજબ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ૨૨ મેથી વરસાદનું આગમન થશે. ઉલ્લેખનિય છે કે, આ વર્ષે મે મહિનાની શરૂઆતથી વાતાવરણમાં પલટો આવતા અનેક વિસ્તારમાં માવઠાએ તારાજી સર્જી છે. હજુ પણ રાજ્ય પર માવઠાનું સંકટ તોળાઈ રહ્યું છે. અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં સર્જાયેલ સિસ્ટમના કારણે ૨૨ મેથી ગુજરારાતમાં ફરી વાતાવરણમાં પલટો આવી શકે છે. હવામાન વિભાગે નવસારી, વલસાડ, દમણમાં ભારે વરસાદની આગાહી કરી છે. ઉપરાંત દાદરા અને નગર હવેલીમાં પણ ભારે વરસાદનું અનુમાન છે. રાજકોટ, અમરેલી, ગીર સોમનાથમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ભાવનગર, સાબરકાંઠા, અરવલ્લીમાં પણ વરસાદની આગાહી છે. મહિસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરામાં પણ વરસાદનું અનુમાન છે. છોટાઉદેપુર, નર્મદામાં હળવા વરસાદનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. બંગાળ અને અરબી સમુદ્રમાં સર્જાયેલી સિસ્ટમના કારણે ૨૨મેથી રાજ્યમાં વાવાઝોડાની પણ આશંકા સેવાઈ રહી છે. ઉલ્લેખનિય છે કે, હાલ અરબી સમુદ્રમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયુ છે તો સિસ્ટમ જો ગુજરાત તરફ આવશે તો વાવાઝોડાની શક્યતાને નક્કારી ન શકાય. જો વાવાઝોડું ગુજરાતમાં ન આવતા બીજી દિશામાં ફંટાઈ જાય તો પણ ૨૨ મેથી ભારે વરસાદના અનુમાનને નકારી ન શકાય.

નોંધનિય છે કે, જુનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં આયોજિત કાર્યક્રમમાં આગાહીકારોએ ખેતી માટે અનુકુળ વરસાદી આ વર્ષે આગાહી કરી છે. આ સાથે રાજ્યમાં જૂન અને જુલાઈમાં બે મોટા વાવાઝોડાની પણ આગાહી કરી છે. આ વર્ષે ચોમાસાનું આગમન ૧૪થી ૧૬ જૂન વચ્ચે થવાનું અનુમાન આગાહીકારોએ વ્યક્ત કર્યું છે.

### CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM MAHESHVARIBEN PRABHATSINH CHAUHAN/ MAHESHVARI PRABHATSINH CHAUHAN TO MAHESHWARI RATHOD AS PER DOCUMENTS

### CHANGE OF NAME AND BIRTH DATE

I, REKHAKUWARBA DARBAR SINH SISODIA (DOB: 25/03/1979)) AM A WIFE OF SISODIA DARBAR SINH, ARMY NO:: 6933087N , RANK: HAV RETIRED FROM A OC CORPS, PRESENTLY RESIDING AT HOUSE NO: MADHUBAN COLONY, KARANJPADA KOLONI, KARAD, UT OF DADRA AND NAGAR HAVEL! & DD HAVE CHANGED MY NAME AND DATE OF BIRTH FROM SISODIA REKHA DARBAR SINH (DOB: 25/03/1979) TO REKHAKUWARBA DARBAR SINH SISODIA (DOB : 28/06/1979). VIDE AFFIDAVIT DATED.. 09/05/2025.

### જાહેર નોટીસ

મોજે : નારગોલ, તા. ઉમરગામ, જી.વલસાડ મધ્યે સીટી સર્વે વિસ્તાર મધ્યે સીટી સર્વે નં.૪૬૭, ક્ષેત્રફળ ૫૦૮, ૩૬૭ ચો.મી. વાળી સત્તા પ્રકાર-એ વાળી જમીન તથા તે જમીનમાં એક રહેણાંક લાયક મકાન બાંધવામાં આવેલ છે. જે રહેણાંક લાયક મકાન નારગોલ ગ્રામ પંચાયત કચેરીનાં રેકર્ડ દફતરે ઘર નં.૧૩૯ (મિલકત નં.૧૮૦)થી નોંધાયેલ છે.

સદરહુ ઉપરોક્ત વર્ણવેલ જમીન સીટી સર્વે કચેરીનાં રેકર્ડ દફતરે હાલે મેહેર ધનજીશા પલસેટીયા તે ગેવ કેકી કરાઈની પત્નીનાં સ્વતંત્ર નામે ચાલે છે અને તે જમીનમાં બાંધવામાં આવેલ રહેણાંક લાયક મકાન નારગોલ ગ્રામ પંચાયત કચેરીનાં રેકર્ડ દફતરે મેહેર ગેવ કરાઈનાં સ્વતંત્ર નામે નોંધાયેલ છે. અને તેઓનાં જણાવ્યા અનુસાર તેઓની સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની જમીન તથા બાંધકામ વાળી મિલકત ચાલી આવેલ છે. જે ઉપરોક્ત વર્ણવેલ જમીન તથા બાંધકામ વાળી મિલકત હમારા અસીલ ખરીદ કરવા માંગે છે અને જે અંગે હમોનાં અસીલે પાર્ટ પેમેન્ટ ચુકવી સોદો કરવાની તૈયારીમાં છે. અને ટુંક સમયમાં આ જમીનનાં વેચાણ અવેજની ચુકતે રકમ ચુકવી કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરી લેવાની તૈયારીમાં છે. જેથી સદરહુ ઉપરોક્ત વર્ણવેલ ખેતીની જમીન મિલકત ઉપર કોઈપણ વ્યક્તિ, સંસ્થા, બેંક કે અન્ય કોઈ ત્રાહીત ઈસમનો કોઈપણ પ્રકારનો લાગભાગ, દર દાવો, હક્ક, હિસ્સો, હિત, અધિકાર પહોંચતો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ (દસ)માં જરૂરી લેખિત પુરાવા સહિત હમોને હમારા ઓફિસનાં સરનામે રૂબરૂ મળવું. મુદ્દત વિત્યે સદરહુ મિલકતમાં કોઈપણ શખ્સ, સંસ્થા, બેંક કે અન્ય કોઈ ત્રાહિત ઈસમનો કોઈપણ પ્રકારનો લાગભાગ, દર દાવો, હક્ક, હિસ્સો, હિત, અધિકાર પહોંચતો નથી તેમ માની હમારા અસીલ વેચાણ અવેજની ચુકતે રકમ ચુકવી કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. લેખિત આધાર પુરાવાઓ સિવાય કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધા-વિરોધ ચાલશે નહી. જેની લાગતા-વળગતા સૌએ છેવટની ખાસ નોંધ લેવી.

હમારા અસીલની સુચનાથી...

તારીખ :- ૧૭/૦૫/૨૦૨૫

**સહી/-**
**અસીલની સહી**

**સહી/-**
**શ્રી મિલન આર. પટેલ (એડવોકેટ)**
**તે મિલકત ખરીદનારનાં એડવોકેટશ્રી,**
**ઓફીસ : શોપ નં.સી-૧૦૫, પહેલા માળે,**
**એપેક્ષ લેકવ્યુ, અક્રામારૂતિ મંદિર પાસે,**
**ઉમરગામ - સંજાણ મેઈન રોડ, ઉમરગામ**
**તા. ઉમરગામ, જી.વલસાડ - ૩૯૬૧૭૦**
**મો.નં. ૯૭૨૫૪૪૫૯૦૪**

### જાહેર નોટીસ / સમન્સ

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

**જન્મ-મરણ નોંધણી અરજી નં.૧૧૦/૨૦૨૫**

**અરજદાર : મદીનાબીબી ઈસ્માઈલમીયા શેખ**
**રહે.** ખેરગામ, લહેરકા ફળિયા બહેજ રોડ
તા.ખેરગામ જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : મામલતદારશ્રી,**
**મામલતદાર કચેરી, ખેરગામ**
**તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **મદીનાબીબી ઈસ્માઈલમીયા શેખ** રહે. ખેરગામ, લહેરકા ફળિયા બહેજ રોડ તા. ખેરગામ જી.નવસારીએ તેમના પોતાનો જન્મ મોજે. ખેરગામ તા. ખેરગામ જી.નવસારી મુકામે તા.૦૨/૦૬/૧૯૫૭ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના જન્મની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**તા.૧/૫/૨૦૨૫**
**સ્થળ : વાંસદા**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(ડી.આઈ. પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા**

### કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં,

**રજી. ૧૭૯/૨૦૨૪**

**અરજદાર :-** **રાજેશભાઈ ઠાકોરભાઈ પટેલ**
રહે. ઉમરસાડી માછીવાડ તા.પારડી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** **તલાટી કમ મંત્રીશ્રી,**
ગ્રામ પંચાયત કચેરી ઉમરસાડી દેસાઈવાડ
તા.પારડી, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રાજેશભાઈ ઠાકોરભાઈ પટેલ**, રહે. ઉમરસાડી માછીવાડ તા.પારડી જી.વલસાડનાએ તેઓના દાદી **રતનબેન રામાભાઈ**નું મરણ તા.૦૨/૦૬/૧૯૯૧ ના રોજ મોજે- ઉમરસાડી દેસાઈવાડ તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/જન્મ-મરણ/રજી નં.૧૭૯-૨૦૨૪/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી. તા.પારડી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહી/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**

### જાહેર નોટીસ / સમન્સ

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

**જન્મ-મરણ નોંધણી અરજી નં.૧૧૪/૨૦૨૫**

**અરજદાર : સલીમમીયા ઈસ્માઈલ શેખ**
**રહે.** ખેરગામ, લહેરકા ફળિયા બહેજ રોડ
તા.ખેરગામ જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ખેરગામ**
**તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **સલીમમીયા ઈસ્માઈલ શેખ** રહે. ખેરગામ, લહેરકા ફળિયા બહેજ રોડ તા. ખેરગામ જી.નવસારીએ તેમના બહેન **જાહેદાબીબી ઈસ્માઈલભાઈ શેખનો** જન્મ મોજે. ખેરગામ તા. ખેરગામ જી.નવસારી મુકામે તા.૦૧/૦૬/૧૯૬૯ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના જન્મની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**તા.૧/૫/૨૦૨૫**
**સ્થળ : વાંસદા**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(ડી.આઈ. પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા**

### કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં,

**રજી. ૦૪/૨૦૨૫**

**અરજદાર :-** **યોગેશ દેવજીભાઈ ટંડેલ**
રહે. ૧૩૯ મોટી મેડી ફળિયા કોલક તા.પારડી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** **તલાટી કમ મંત્રીશ્રી,**
ગ્રામ પંચાયત કચેરી કોલક
તા.પારડી, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **યોગેશ દેવજીભાઈ ટંડેલ**, રહે. ૧૩૯ મોટી મેડી ફળિયા કોલક તા.પારડી જી.વલસાડનાએ તેઓના કાકા **બુધિયાભાઈ ભાણાભાઈ ટંડેલ**નું મરણ તા.૧૨/૦૪/૧૯૮૨ ના રોજ મોજે- કોલક તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/જન્મ-મરણ/રજી નં.૦૪-૨૦૨૫/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી. તા.પારડી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહી/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**

### PUBLIC NOTICE

In the Court of the Principal Senior Civil Judge, At- Vapi, District- Valsad

COMM CS NO. 01 of 2025
Plaintiffs' Adv. Mr. V.V. Mahnot

MIS A K PACKAGING INDUSTRIES THROUGH MR. PRADEEP DHIRUBHAI DESAI
Address:- PLOT NO-A-1/322/20, 40 SHED AREA, GIDC VAPI, TA- VAPI, DIST- VALSAD

V/s.

Defendants :- 1) GALAXY INDUSTRIES A PARTNERSHIP FIRM THROUGH MR.
PUSHPENDRA BASANTMAISA BHANDARI
2) DHIRENKUMAR ASHOKBHAI PATEL
3) PRAVINKUMAR HARGOVANBHAI
4) SAVITABEN PRAHLADBHAI PATEL
Address:- PLOT NO-A1/20, G.I.D.C., KILLA PARDI -396125

Whereas the above named Plaintiffs have filed a COMM CS Suit in this court for the suit for notification under the CODE OF CIVIL PROCEDURE 1908, SECTION-9, CLAIM FOR RECOVERY OF RS. 3,05,986.00/- and has observed that defendant despete No -1 TO 4 despete making due efforts of notice issued by the court has not been served to the defendants no 1 TO 4. Therefore this public notice is issued if anyone have inetrest, Right, or Objection against this suit they can file their objections before this court in person or by a pleader duly instructed and all the documents upon which you intend to rely in support of your defence DATE 20/05/2025 after the publication of this notice. Take a notice that after DATED 20/05/2025 of the publication of this notice if no objections will filed against the Plaintiffs' suit the suit will be heard and your defense will be struck out. The court is of the opinion that a sincere effort must be done make aware the defendant as to present suit and to decided case on merits, the notice is required to be issued against the pass following order in the interst of defendant. under my sign and seal of the court on... 28th.. day of MARCH, 2025.

**sd/-**
**Prepared by**
**(S.k Chaudhari)**
**Assistant**

**sd/-**
**By Order,**
**(B.N.PATEL)**
**Registrar, Pri. Sr. Civil Court, Vapi.**

### જાહેર નોટીસ / સમન્સ

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

**જન્મ-મરણ નોંધણી અરજી નં.૧૦૯/૨૦૨૫**

**અરજદાર : સલીમમીયા ઈસ્માઈલ શેખ**
**રહે.** ખેરગામ, લહેરકા ફળિયા બહેજ રોડ
તા.ખેરગામ જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : મામલતદારશ્રી**
**મામલતદાર કચેરી, ખેરગામ**
**તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **સલીમમીયા ઈસ્માઈલ શેખ** રહે. ખેરગામ, લહેરકા ફળિયા બહેજ રોડ તા. ખેરગામ જી.નવસારીએ પોતાનો જન્મ મોજે. ખેરગામ તા. ખેરગામ જી.નવસારી મુકામે તા.૦૧/૦૬/૧૯૬૪ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના જન્મની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**તા.૧/૫/૨૦૨૫**
**સ્થળ : વાંસદા**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(ડી.આઈ. પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા**

### પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી

**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
**ઈ-મેઈલ - pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૭૫/૨૦૨૫**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૦૨/૦૫/૨૦૨૫**

**વાદી : શ્રી સુરેશભાઈ ઝીણાભાઈ પટેલ**
**રહે.** આલીપોર, મજીવેડ ફળિયા, તા.ચીખલી જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, આલીપોર, તા.ચીખલી જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **સુરેશભાઈ ઝીણાભાઈ પટેલ**, રહે. આલીપોર, મજીવેડ ફળિયા, તા.ચીખલી જી.નવસારીનાઓએ તેઓનો દાદીશ્રી **સ્વ : મંછીબેન ઉકડીઆભાઈ પટેલ**નું મરણ તા.૨૦/૦૫/૧૯૯૫ના રોજ મોજે. આલીપોર, તા.ચીખલી જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

### કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં,

**રજી. ૨૦૫/૨૦૨૪**

**અરજદાર :-** **નિલેશભાઈ નગીનભાઈ પટેલ**
રહે. હનુમાન ડુંગરી ચીવલ રોડ પારડી તા.પારડી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** **ચીફ ઓફિસરશ્રી**
નગરપાલિકા પારડી
તા.પારડી, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **નિલેશભાઈ નગીનભાઈ પટેલ**, રહે. હનુમાન ડુંગરી ચીવલ રોડ પારડી તા.પારડી જી.વલસાડનાએ તેઓના પિતા **નગીનભાઈ માંદીયાભાઈ પટેલ**નું મરણ તા.૦૮/૧૨/૨૦૨૨ ના રોજ મોજે- પારડી તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૯/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/જન્મ-મરણ/રજી નં.૨૦૫-૨૦૨૪/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી. તા.પારડી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહી/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

**જ.મ.પ.અ.નં.૧૨૦/૨૦૨૫**

**અરજદાર : પ્રીતીબેન વિજય માંગેલા**
**રહે.** ૧૫૮, કાછલ ફળિયા, નાની દમણ
કચીગામ, દમણ, દમણ અને દીવ-૩૯૬૨૧૦
**(વ.શ્રી. કે.એમ. શેખ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી**
**ગ્રામ પંચાયત કચેરી, મરોલી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પ્રીતીબેન વિજય માંગેલા** રહે. ૧૫૮, કાછલ ફળિયા, નાની દમણ કચીગામ, દમણ, દમણ અને દીવ - ૩૯૬૨૧૦ તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્રી **તન્વી વિજય માંગેલાનો** જન્મ તા.૦૧-૧૦-૨૦૦૪ના રોજ મોજે - મરોલી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૨૦/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

### પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી

**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
**ઈ-મેઈલ - pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૭૪/૨૦૨૫**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૦૨/૦૫/૨૦૨૫**

**વાદી : શ્રી સુરેશભાઈ ઝીણાભાઈ પટેલ**
**રહે.** આલીપોર, મજીવેડ ફળિયા, તા.ચીખલી જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, આલીપોર, તા.ચીખલી જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **સુરેશભાઈ ઝીણાભાઈ પટેલ**, રહે. આલીપોર, મજીવેડ ફળિયા, તા.ચીખલી જી.નવસારીનાઓએ તેઓનો દાદા **સ્વ : ઉકડીઆભાઈ નથીઆભાઈ પટેલ**નું મરણ તા.૨૪/૦૪/૧૯૯૦ના રોજ મોજે. આલીપોર, તા.ચીખલી જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

### પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી

**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
**ઈ-મેઈલ - pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૭૬/૨૦૨૫**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૦૨/૦૫/૨૦૨૫**

**વાદી : શ્રી સુરેશભાઈ ઝીણાભાઈ પટેલ**
**રહે.** આલીપોર, મજીવેડ ફળિયા, તા.ચીખલી જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, આલીપોર, તા.ચીખલી જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **સુરેશભાઈ ઝીણાભાઈ પટેલ**, રહે. આલીપોર, મજીવેડ ફળિયા, તા.ચીખલી જી.નવસારીનાઓએ તેઓનો માતાશ્રી **સ્વ : ખાલપીબેન ઝીણાભાઈ પટેલ**નું મરણ તા.૨૯/૦૫/૨૦૦૪ના રોજ મોજે. આલીપોર, તા.ચીખલી જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**













દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Monday 19, May 2025

# દમણગંગા ટાઇમ્સ

VIMAL ENTERPRISE
શું તમે ગળતા ટેરેસ, બાથરૂમ લીકેજ તથા દિવાલમાંથી આવતા ભેજના લીધે પરેશાન છો ? તો ચિંતા નહિ!
આવી ગયું છે હવે, ''વિમલ એન્ટરપ્રાઈઝ''
જે તમને આધુનિક મશીન તથા ગેરંટી સાથે વોટરપ્રુફિંગ કરી આપવામાં આવશે
Mo. 9374135780
CONTACT:RAMBHAI KUSHWAHA.
Address: ઓફિસ નંબર 73 શિવ પૂજા સોસાયટી નંદાવલા વલસાડ-396001

## બાલદામાં પરપ્રાંતિય યુવકે ફાંસો ખાતા મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૮ :** પારડી તાલુકાના બાલદા ગામમાં રાવળ ખજૂરી ફળિયા ખાતે મંજુબેન ની ચાલીમાં રહેતા કન્હૈયા મોહરન શ્રીવાસ ઉમર ૩૦ મૂળ રહે યુપી કે જેઓ તેના માસી ના છોકરા સાથે દશરથકુમાર શ્રીરામ શ્રીવાસ સાથે બે વર્ષથી ભાડે રહી પારડી જીઆઈડીસીની આરએનડી કંપનીમાં નોકરી કરતા હતા કનૈયાએ જણાવેલ કે હું મોડેથી નોકરી ઉપર જવાનો છું જેથી દશરથકુમાર નોકરી ઉપર ચાલ્યો ગયો હતો જે બાદ દશરથ નોકરી પૂરી કરી રૂમ પર આવતા દરવાજો બંધ હતો બારીમાંથી જોતા કનૈયા શ્રીવાસ ફાંસો ખાદેલ હાલતમાં મળી આવ્યો હતો જેની જાણ ૧૦૮ એમ્બ્યુલન્સ ને કરતા સ્થળ ઉપર આવી તપાસ કરતા યુવાન ને મૃત જાહેર કર્યો હતો. સમગ્ર ઘટના અંગે પારડી પોલીસ મથકે દશરથ શ્રીરામ શ્રીવાસે ફરિયાદ નોંધાવી હતી પોલીસે લાશને પારડી સી એચ સી ખાતે પીએમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

## વાપીથી મળેલા અજાણ્યા યુવકનું સિવિલમાં મોત

**વલસાડ, તા. ૧૮ :** વાપીના ઈમરાન નગરમાં કોળીવાડ ગલીમાં તા. ૯ મે ૨૦૨૫ના રોજ બપોરે ૧-૩૦ કલાકે વરસાદમાં પલળવાથી બેભાન હાલતમાં એક અજાણ્યો ૪૦ વર્ષીય યુવક મળી આવ્યો હતો. જેને સારવાર માટે ચલાના સીએચસીમાં દાખલ કરવામાં આવ્યો હતો. ત્યાંથી વધુ સારવાર માટે ૧૦૮ મારફત વલસાડ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તા. ૧૧ મે ૨૦૨૫ના રોજ રાત્રિના ૯-૧૫ કલાકે મરણ પામ્યો હતો. જેણે શરીરે સફેદ કલરનો હાફ પેન્ટ પહેર્યો હતો. શરીરે પાતળો બાંધો, ઘઉવર્ણ અને પાંચ ફૂટ પાંચ ઈંચ ઉંચાઈ ધરાવે છે. જે કોઈને પણ તેમની ભાળ મળે તો વાપી ટાઉન પોલીસ સ્ટેશન ૬૩૫૯૬૨૬૧૨૫, તપાસ કરનાર અમલદાર પીએસઆઈ એમ.કે.ભીંગરાડીયા મો.નં. ૮૦૦૦૪ ૩૮૩૦૮ અથવા ઈમેલ આઈડી polstn-vapi-val@gujarat.gov.in પર જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

## બિલપુડી પાસે બાઈકને કન્ટેનરે અડફટે લીધું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૮ :** ધરમપુર નાં હાથીખાના થી બિલપુડી જઈ રહેલાં યુવાન ની બાઈક ને કન્ટેનર ચાલકે પાછળથી અડફેટે લેતાં યુવાન તથા તેમનું બે વર્ષ નું બાળક જમીન ઉપર નીચે પટકાતાં બાળક ને માથાં નાં ભાગે ગંભીર ઈજા પહોચતાં બાળક અચાનક કોમામાં સરી પડતાં નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતાં.

ધરમપુર નાં રહીશ સાદીક વેલાત ખાન પોતાની બાઈક જીજે ૧૫ એટી ૪૫૬૩ ઉપર હાથીખાના થી બિલપુડી જઈ રહ્યા હતાં તેજ અરસામાં નાનાં પોઢાથી વાસંદા રોડ ઉપર બિલપુડી બાયપાસ પાસે કન્ટેનર ચાલક નિયાઝ અહમદ મહંમદ અયુબ ઉ ૨૩ રહે પલહાન પોતાની ટ્રક પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતાં ફરિયાદી ની બાઈકને ટકકર મારતાં પુત્ર આસીમ શાહરૂખ કમરા આઝમ ખાન ઉ ૨ જમીન ઉપર નીચે પટકાતાં બે વર્ષ નું માસુમ બાળક અચાનક કોમામાં સરી પડતાં ચકચાર મચી જવા પામી હતીજે અંગે ની ફરિયાદ ધરમપુર પોલીસ મથકે કમરા આઝમ ખાને આપતાં વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

## ચીખલીના સતાડીયામાં યુવકે ફાંસો ખાધો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૦૧ :** ચીખલી તાલુકાના સતાડીયા ગામે એક યુવાને નદીના કિનારે બાવળના ઝાડ ઉપર દોરડી બાંધી ગળેફાંસો ખાય જીવન ટૂંકાવતા બનાવની ફરિયાદની પોલીસ મથકે નોંધાવા પામી છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના સતાડીયા ગામના પીપળા ફળિયા ખાતે રહેતા દિનેશભાઈ રમણભાઈ ધો. પટેલનો એકનો એક દીકરો નિમેશ પટેલ ઉ.વ. ૨૯ જેની માતા પણ ૯ વર્ષનો મૂકીને બીજા સાથે ભાગી ગઈ હતી નિમેસને તેના પિતાએ મજૂરી કામ કરીને ભણાવી ગણાવીને મોટો કરી નોકરી કરી બે પૈસાની મદદ કરતો કર્યો હતો નિમેષ પટેલ ખાંભડા ગામે છેલ્લા ત્રણેક વર્ષથી જેસીબી મશીન ઉપર ડ્રાઈવર તરીકે કામ કરી રહ્યો હતો જેણે કોઈ અગમ્ય કારણોસર રવિવારના રોજ સવારે ૬:૩૦ વાગ્યા પહેલા હર કોઈ વખતે સતાડીયા ગામના પીપળા ફળિયા ખાતે ખરેરા નદીના કિનારે ગૌચરણ મેદાનમાં આવેલ બાવળના ઝાડ ઉપર સફેદ નાયલોનની દોરડી બાંધી ગળે ફાંસો ખાય મોતને વ્હાલું કર્યું હતું બનાવ અંગેની જાણ મરનારના પિતાએ ચીખલી પોલીસને કરતા આગળની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીએસઆઈ એસએસ પટેલ કરી રહ્યા છે.

## છીરીથી યુવક ગુમ

**વલસાડ, તા. ૧૮ :** વાપીના છીરી ખાતે ખોડિયાર નગરના ચિરાગ એપાર્ટમેન્ટમાં કાંતીભાઈ પટેલની દુકાનમાં રહેતા મનોજભાઈ મહાવીરભાઈ કનોજીયા (મૂળ રહે. ગામ- બડગાવ, પોસ્ટ બડગાવ, થાના બંથરા, જિ. લખનઉ, ઉત્તરપ્રદેશ)નો ૧૯ વર્ષીય પુત્ર નીખિલ તા. ૧૦ મે ૨૦૨૫ના રોજ બપોરે ૨ વાગ્યે ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વિના કયાંક ચાલી ગયો હતો. જે શરીરે મધ્યમ બાંધો, ઘઉવર્ણ અને પાંચ ફૂટ પાંચ ઈંચ ઉંચાઈ ધરાવે છે. શરીરે કાળા કલરની ટી શર્ટ અને ગ્રે કલરનો પેન્ટ પહેર્યો હતો. જે કોઈને પણ તેની ભાળ મળે તો વાપી ડુંગરા પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

## અતુલ પાસે વાહનની ટક્કરે બાઈક સવાર યુવાનો હવામાં ફંગોળાયા : એકનું ઘટના સ્થળે મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** અતુલ ફર્સ્ટ ગેટ નેશનલ હાઈવે ૪૮ પર પાવર હાઉસ પાસે આજરોજ સાંજે મુંબઈ થી અમદાવાદ જતા હાઈવે પર બાઈકને ટક્કર મારતા બે યુવાનો રોડ પર ફંગોળાતા શરીરને ઈજા થતા એક ૨૫ વર્ષ યુવાનોનું ઘટના સ્થળે કમ કમાટી ભર્યું મોત નીપજ્યું હતું જ્યારે બીજા યુવાને વલસાડની હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો છે.

બે યુવાનો પોતાની સ્પ્લેન્ડર બાઈક નંબર જીજે ૨૧ જે ૫૫૭૨ બેસી મુંબઈ થી અમદાવાદ તરફ જઈ રહ્યા હતા. બાઈક અતુલ ફર્સ્ટ ગેટ પાવર હાઉસ નેશનલ હાઈવે ૪૮ પરથી પસાર થતી વખતે કોઈ અજાણ્યા વાહન ચાલાકે બાઈકના ટક્કર મારતા બંને યુવાનો રોડ ઉપર ફાંગોડાયા હતા. જયાં એક ૨૫ વર્ષે યુવાનનું ઘટના સ્થળે કમ કમાટી ભર્યું મોત નીપજયું હતું. અકસ્માતની ઘટના બનતા આજુબાજુના લોકો દોડી ગયા હતા અને ૧૦૮ ને જાણ કરતા હતા તાત્કાલિક ૧૦૮ ની ટીમ આવી જતા બીજા પામેલા એક યુવાનને વલસાડની હોસ્પિટલમાં સારવાર વખતે ખસેડવામાં આવ્યો છે. અતુલ ફચગેટ હાઈવે પર અકસ્માતની ઘટના ની જાણ થતા વલસાડ રૂરલ પોલીસ ની ટીમ તત્કાલિક દોડી ગઈ હતી. અને અકસ્માતમાં મોતને ભેટેલા યુવાન ના સગા સંબંધીઓની શોધખોળ શરૂ કરી હતી. જે અંગે વલસાડ રૂરલ પોલીસની ટીમે અકસ્માત કરી ભાગી છૂટેલા અજાણ્યા વાહન શોધખોળ કરવા માટે આજુબાજુ લગાવવામાં આવેલા સીસીટીવી ફૂટેજ મેળવી આગળની તપાસ હાથ ધરી છે.

## ભેંસધરા પાસે લગ્નમાં જતાં મોટી વહીયાળના યુવાનનું બાઈક સ્લીપ થતાં મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૮ :** કપરાડા તાલુકાના મોટી વહીયાળ ગામના યુવાન પોતાની બાઈક ઉપર સિદુંબર ગામે જાન માં જવાં માટે નીકળતા તેઓની બાઈક ઝડપભેર રીતે હંકારી લાવી અચાનક બ્રેક મારતાં બાઈક સ્લીપ થતા યુવાનને માથાંનાં ભાગે ગંભીર ઈજા પહોચતાં ઈજાગ્રસ્ત યુવાનને ૧૦૮ માં સારવાર અર્થે પ્રથમ ધરમપુર બાદ વલસાડ ની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવતા હોસ્પિટલમાંથી સારવાર બાદ રજા આપી દેતાં યુવાનનું મોત નિપજ્યું હતું.

કપરાડા તાલુકાના મોટી વહીયાળ ગામના નદી ફળીયા ખાતે રહેતાં સુનિલ વસંતભાઈ માહદુ ઉ ૩૨ કે જેઓ તા ૧૦ - ૫ -૨૦૨૫ નાં રોજ અરવિંદ ભાઈ ભીખા દાબડનાં લગ્ન પ્રસંગમાં હતાં. બાદ સુનિલ વસંતભાઈ માહદુ પોતાના મિત્ર ને બેસાડી મોટી વહીયાળ ગામે થી સિદુમબર ગામે જાન માં જવાં માટે નીકળ્યા હતા જોકે ભેસધરા,ગામ નજીક પટેલ ફળીયા નજીક આશરે સાતેક વાગ્યાના સુમારે પોતાની બાઈક પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતાં તેણે અચાનક બ્રેક મારતાં મોટર સાયકલ બાઈક સ્લીપ ખાઈ જતાં બાઈક ચાલક સુનિલ વસંત માહદુ તથા તેમના મિત્ર નીચે જમીન ઉપર પટકાતાં શરીર તથા માથાં નાં ભાગે ગંભીર ઈજા પહોચતાં ઈજાગ્રસ્તો ને ૧૦૮ માં ધરમપુર ની સરકારી હોસ્પિટલ ખાતે તથા વધુ સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જયાં -ાથમિક સારવાર બાદ રજા આપી દેતાં તા ૧૭ -૫ -૨૦૨૫ નાં રોજ સુનીલ વસંત માહદુ ઉ ૩૨ નું મોત નિપજ્યું હતું જે અંગે વધુ તપાસ પોલીસે હાથ ધરી હતી.

## આજે વાંસદાના ખાનપુરમાં અનોખા લગ્ન : એક જ મંડપમાં બે કન્યા એક વરને વરમાળા પહેરાવશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** આજરોજ વાંસદા તાલુકાના ખાનપુર ગામે એક અનોખા લગ્ન યોજાશે. જેમાં એક જ મંડપ નીચે બે કન્યા સાત ફેરા ફરી પ્રભુતામાં પગલાં પાડશે જે અંગેની પત્રિકા સોશિયલ મીડિયામાં વાયરલ થતા વાંસદાના આદિવાસી વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે.

આમ તો એક કન્યા અને એક વર સાથે લગ્નની પત્રિકા મળતી હોય છે. જે સામાન્ય બાબત છે. આમ તો આદિવાસીઓમાં વર્ષોથી લગ્ન વગર એટલે કે હાલના સમયમાં (લીવ ઈન)માં પતિ-પત્ની તરીકે રહેતા હોય છે. ત્યારે વાંસદા તાલુકાના ખાનપુર ગામે ૧૯મીના સોમવારના રોજ એક અનોખા લગ્ન થવા જઈ રહ્યા છે. વાસદાના ખાનપુર ગામના પારસી ફળિયામાં મેઘરાજ દેશમુખ ઉંમર વર્ષ ૩૬ રહે. મેઘરાજભાઈ તેમની પત્ની કાજલબેન અને રેખાબેન સાથે આવતીકાલે ૧૯ /૦૫/ ૨૦૨૫ના રોજ સાત ફેરા પ્રભુતામાં પગલાં પાડશે . મેઘરાજ અને કાજલબેન અને રેખાબેન સાથે પ્રેમ લગ્ન કરવાના છે. બંને મહિલાઓ એક જ મંડપમાં ફેરા ફરશે. બંને પત્નીઓને સંતાનો પણ છે. મેઘરાજભાઈ ના લગ્ન બે કન્યાઓ સાથે અનાર હોવાની પત્રિકા સોશિયલ મીડિયામાં વાયરલ થતા વાસદા ના આદિવાસી વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે.

### સહેલાણીઓ જ જવાબદાર, સહેલાણીઓ જ નારાજ !

## સાપુતારાનાં સૌંદર્યને ગંદકીનું ગ્રહણ



**સાપુતારા, તા.૧૮ :** ગુજરાતનાં એકમાત્ર હવાખાવાનાં સ્થળ અને પ્રકૃતિની અદ્ભુત ભેટ સમાન સાપુતારાને જાણે ગંદકીના સામ્રાજ્યનું ગ્રહણ લાગી ગયું હોય તેવું જણાઈ રહ્યું છે. રાજ્યના પ્રવાસન વિભાગ અને સ્થાનિક નોટિફાઈડ તંત્ર દ્વારા સ્વચ્છતા જાળવવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવતો હોવા છતા સનરાઈઝ પોઈન્ટ અને ટેબલ પોઈન્ટ જેવા રમણીય સ્થળો પ્લાસ્ટિકનાં કચરાના ઢગલામાં ફેરવાઈ ગયા છે. આ દૃશ્ય પ્રકૃતિપ્રેમી પ્રવાસીઓની લાગણી દુભાવી રહ્યું છે. આ અંગે પ્રવાસીઓએ ભારે નારાજગી વ્યક્ત કરી છે. તેમનું કહેવું છે કે એક તરફ સરકાર પ્રવાસનને પ્રોત્સાહન આપવાની વાત કરે છે, તો બીજી તરફ આવા મહત્વપૂર્ણ સ્થળોની યોગ્ય જાળવણી કરવામાં આવતી નથી. સ્થાનિક લોકો પણ આ પરિસ્થિતિથી ચિંતિત છે. નોટિફાઈડ તંત્ર અને પ્રવાસન વિભાગ દ્વારા સફાઈ કર્મચારીઓ રાખવામાં આવ્યા હોવા છતાં પરિસ્થિતિમાં કોઈ સુધારો જોવા મળતો નથી. આ ઉપરાંત, સાપુતારામાં જોવા લાયક અન્ય સ્થળોની પણ યોગ્ય માવજત કરવામાં આવતી નથી. ઘણા સમયથી બોટિંગ જેવી મનોરંજનની પ્રવૃત્તિઓ બંધ છે, જેના કારણે પ્રવાસીઓને નિરાશા સાંપડી રહી છે. જો તાત્કાલિક ધોરણે આ બાબતે ધ્યાન આપવામાં નહીં આવે તો સાપુતારા તેની આગવી ઓળખ ગુમાવી દેશે અને પ્રવાસન ઉદ્યોગને મોટું નુકસાન થશે તે નિશ્ચિત છે.

## ધરમપુરમાં આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસની ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૮ :** આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ નિમિત્તે ધરમપુર ખાતે આવેલ જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) અને ધી લેડી વિલ્સન મ્યુઝિયમ, ધરમપુરના સંયુક્ત ઉપક્રમે ૧૮ મે, ૨૦૨૫ના રોજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝડપથી બદલાતા સમુદાયોમાં સંગ્રહાલયોનું ભવિષ્ય (The Future of Museums in Rapidly Changing Communities) વિષય પર આધારિત આ દિવસની ઉજવણીના ભાગરૂપે વિજ્ઞાન કેન્દ્રમાં સવારે ૯:૩૦ થી સાંજે ૫:૩૦ સુધી મુલાકાતીઓ માટે વિનામૂલ્યે પ્રવેશની વ્યવસ્થા રાખવામાં આવી હતી જેનો લાભ ૮૧૫ જેટલા મુલાકાતીઓ દ્વારા લેવામાં આવ્યો હતો.

આ અવસરે વિજ્ઞાન કેન્દ્ર દ્વારા “My Own Collection” શીર્ષક હેઠળ એક વિશેષ પ્રદર્શન પણ યોજાયું હતું. જેનું ઉદ્ઘાટન શ્રી ધર્મેન્દ્રસિંહ પરિહાર(ધર્મુદાદા) દ્વારા વિધ્યાર્થીઓ અને મુલાકાતીઓની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધરમપુરના એજ્યુકેશન ઓફિસર પ્રજ્ઞેશ રાઠોડ દ્વારા ક્ષ્સંગ્રહાલયો અને મ્યુઝિઓલોજીની સુસંગતતા અને લાભો Relevance and Benefits of Museums and Museology” વિષય પર ધી લેડી વિલ્સન મ્યુઝિયમ, ધરમપુર ખાતે લોકપ્રિય વિજ્ઞાન વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધી લેડી વિલ્સન મ્યુઝિયમના ક્યુરેટર ડૉ. ઈન્દ્રા વત્સ દ્વારા ‘સાંસ્કૃતિક અને સામાજિક પાસાંઓમાં ભારતીય સંગ્રહાલયોનું પ્રદાન ” “Contribution of Indian Museums in Cultural and Social Aspects” વિષય ઉપર જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) ખાતે લોકપ્રિય વિજ્ઞાન વ્યાખ્યાન રજૂ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપરાંત દેશના જવાનો ના પરાક્રમ ને બિરદાવતા એક દેશ એક ધડકન હર ઘર તિરંગા થીમ પર આધારિત રંગોળી તથા પેબલ આર્ટ જેવી કળાકૃતિઓ પણ દર્શાવવામાં આવી હતી. દિવસ દરમિયાન ૭ 3D-શો માં ૨૯૦ લોકો અને ૭ તારામંડળ શો માં ૨૭૧ મુલાકાતીઓ દ્વારા નિહાળવામાં આવ્યો હતો. જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર અને ધ લેડી વિલ્સન મ્યુઝિયમ, ધરમપુરના તમામ સ્ટાફ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો અને મુલાકાતીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

## દાનહની ખાનગી શાળાઓમાં લાયકાત ધરાવતા શિક્ષકોનું જ શોષણ ?

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૧૮ :** દાદરા નગર હવેલીના અનેક ખાનગી શાળાઓમાં શિક્ષણ વિભાગ તેમજ CBSEના નિયમોનો ભંગ કરીને બિનલાયકાતધારક શિક્ષકોની ભરતી કરવામાં આવી રહી છે. જેના કારણે શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

CBSEના નિયમો મુજબ, પ્રાથમિક શિક્ષક માટે ૧૨માં ધોરણમાં ઓછામાં ઓછું ૫૦ ટકા ગુણ સાથે D.El.Ed. અથવા B.El.Ed. જરૂરી છે, જ્યારે માધ્યમિક શાળામાં શિક્ષક બનવા માટે ગ્રેજ્યુએશન સાથે ૭.સ્ફુ. અને CTET અથવા TET પાસ હોવું ફરજિયાત છે.

એક ખાનગી શાળામાં કામ કરતી અને પોતાનું નામ ન જણાવવા ઈચ્છતી લાયકાતધારક મહિલા શિક્ષકએ ખુલાસો કર્યો હતો કે, હું તમામ લાયકાત ધરાવું છું છતાં પણ મને બહુ ઓછું પગાર અપાય છે અને ઘણી વખત પગાર સમયસર મળતો પણ નથી. ક્યારેક તો ૩ મહિના સુધી પગાર અટકાવાય છે. મોટા ભાગની શાળાઓના માલિકો રાજકીય પૃષ્ઠભૂમિ ધરાવે છે, તેથી અવાજ ઉઠાવવો મુશ્કેલ છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, શાળાઓમાં ઓછા પગારમાં બિનલાયકાતધારક લોકોને નોકરી આપવાથી લાયકાત ધરાવતા શિક્ષકોને પણ નાની મૂલ્ય પર કામ કરવા માટે મજબૂર કરાય છે. આવી સ્થિતિમાં કક્ષાવાર શિક્ષણની ગુણવત્તા ઘટી રહી છે.


શિક્ષણ વિભાગે માહિતી આપી છે કે તેઓ શાળાઓની તપાસ કરી રહ્યા છે અને જ્યાં બિનલાયકાતધારક શિક્ષકોને રોજગાર આપવામાં આવ્યા છે, એવી શાળાઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તમામ ખાનગી શાળાઓને સૂચના અપાઈ છે કે છ્લ્ના નિયમોનું પાલન કરવું અનિવાર્ય છે અને લાયકાત ધરાવતા શિક્ષકોને ન્યાયસંગત પગાર તથા સમયસર ચૂકવણી કરવામાં આવે તે સુનિશ્ચિત કરવામાં આવે.

## રાબડીની આંબાવાડીમાં યુવકને ફાંસો ખાધો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૮ :** પારડી તાલુકાના રાબડી દેસાઈ ફળિયા માં રહેતા આશિષ સુભાષભાઈ પટેલ ઉમર ૨૪ આંબાવાડીમાં કેરીના ઝાડ સાથે ગળે ફાંસો ખાધેલ હાલતમાં મળી આવ્યો હતો જેની જાણ થતા પિતા અને સગા સંબંધીઓ આવી પહોંચી આશિષ ને તાત્કાલિક રોહિણા સીએસસી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જયાં ફરજ પરના તબીબે યુવાનને મૃત જાહેર કર્યો હતો ઘટનાની જાણ થતા પારડી પોલીસ સ્થળ ઉપર આવી પહોંચી હતી અને સમગ્ર બાબતે મૃતક ના પિતા સુભાષભાઈ પટેલે ફરિયાદ નોંધાવી હતી પોલીસે લાશને પીએમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

A FAMILY WATERPARK




VAPI-DAMAN AIR PORT ROAD, KUNTA.
Cell : 98251 20466

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**